

હવે મને કોઈ હોદ્દાનો મોહ નથી, હું ગુજરાતનો છું : નીતિન પટેલ

PAGE NO. 17

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



વિરાટ કોહલીનો ધડાકો, ટી-20માંથી કેપ્ટનશીપ છોડવાની કરી જાહેરાત

PAGE NO. 19

FRIDAY, 17 SEPTEMBER, 2021 Vol. 18, No. 38 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh. news Web : www. swadesh. news



# ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં 10 કેબિનેટ સહિત 24 મંત્રી સામેલ

## વિરોધ, વિવાદ અને નારાજગી વચ્ચે રાજ્ય મંત્રીમંડળની શપથવિધિ

## દક્ષિણ ગુજરાતનો દબદબો, કચ્છની બાદબાકી, નો રિપીટ થિયરીથી જૂના મંત્રીઓ ઘરભેગા

**ગાંધીનગર**

વિરોધ, વિવાદ અને નારાજગીના સમાચારો વચ્ચે આખરે ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંત્રીમંડળે ગુરુવારે બપોરે શપથ ગ્રહણ કર્યા હતા. રાજભવનમાં બપોરે દોઢ વાગ્યે યોજાયેલી શપથવિધિમાં કુલ ૨૪ મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા હતા, જેમાંથી ૧૦ મંત્રીઓને કેબિનેટ કક્ષાનો દરજ્જો આપવામાં આવ્યો છે, જ્યારે પાંચ રાજ્યકક્ષાના મંત્રીઓને સ્વતંત્ર હવાલો આપવામાં આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી તરીકે કુલ નવ ધારાસભ્યોએ શપથ લીધા છે. નવી સરકારમાં પૂર્વ સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદી નંબર ટૂ જ્યારે જીતુ વાઘાણી નંબર ૩ રહેશે. નવા મંત્રીમંડળમાં દક્ષિણ ગુજરાતનો દબદબો જોવા મળી રહ્યો છે, જ્યારે કચ્છની બાદબાકી કરવામાં આવી છે. નવા મંત્રીમંડળમાં નો રિપીટ થિયરી લાગુ કરતા રુપાણીના એકેય મંત્રીને સ્થાન નથી અપાયું. શપથગ્રહણ સમારંભમાં પૂર્વ સીએમ વિજય રુપાણી તેમજ પૂર્વ ડે. સીએમ નીતિન પટેલ પણ મંચ પર જોવા મળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, નીતિન પટેલ નારાજ છે, અને કોઈના સંપર્કમાં નથી તેવી અટકળો વચ્ચે તેમણે શપથગ્રહણ સમારંભમાં દેખા દેતા ઘણા લોકોને આશ્ચર્ય થયું હતું. આમ તો શપથવિધિ બુધવારે સાંજે ચાર વાગ્યે થવાની હતી. પરંતુ તમામ જૂના મંત્રીઓને પડતા મૂકવાના હોવાની વાત વહેતી થતાં ભાજપમાં અસંતોષ ફેલાયો હતો. કેટલાક પૂર્વ મંત્રીઓએ પૂર્વ સીએમ રુપાણી અને પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલ સાથે મુલાકાત કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. તેવામાં રાજભવનમાં તમામ તૈયારી થઈ ગયા બાદ અચાનક શપથવિધિનો કાર્યક્રમ પડતો મૂકવામાં આવ્યો હતો.

## નવા મંત્રી મંડળમાં કયા મંત્રીને કયા ખાતાની ફાળવણી કરાઈ



**ભૂપેન્દ્ર પટેલ:** સા.વ.વિ., વહીવટી સુધારણા અને આયોજન, ગૃહ અને પોલીસ હાઉસીંગ, માહીતી પ્રસારણ, પાટનગર યોજના, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ઉદ્યોગ, ખાણ અને ખનીજ, નર્મદા, બંદરો, તમામ નીતિઓ અને અન્ય કોઈ મંત્રીઓને ફાળવાયેલ ન હોય તેવા વિભાગો.

### કેબીનેટ મંત્રીઓ

- **રાજેન્દ્ર ત્રિવેદી:** મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, કાયદા અને ન્યાય તંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો
- **જીતુભાઈ સવજીભાઈ વાઘાણી:** શક્ષિણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વિજ્ઞાન અને પ્રાઉદ્યોગિક
- **રૂષિકેશભાઈ ગણેશભાઈ પટેલ:** આરોગ્ય પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ અને પાણી પુરવઠો
- **પૂર્ણેશ મોદી:** માર્ગ અને મકાન, વાહન વ્યવહાર, નાગરીક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ
- **શરાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ:** કૃષિ, પશુપાલન, ગૌ સંવર્ધન
- **કનુભાઈ મોહનલાલ દેસાઇ:** નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ
- **કીરીટસિંહ જીતુભા રાણા:** વન, પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, છાપકામ અને સ્ટેશનરી
- **નરેશભાઈ મગનભાઈ પટેલ:** આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા
- **પ્રદિપસિંહ ખનાભાઈ પરમાર:** સામાજીક ન્યાય અને અધિકારીતા
- **અર્જુનસિંહ ઉદેસિંહ ચૌહાણ:** ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

ABOWATH REAL ESTATE GROUP
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

SS & LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# ઓન્ટેરિયોના હોટેલ ઉદ્યોગને હવે લાભની આશા

## પ્રવાસ પરના પ્રતિબંધો હટવાની શરૂઆત થતાં જ રુમ બુકીંગ માટે તપાસ શરુ થઇ

**ટોરોન્ટો**

કોવિડ -૧૯ મહામારીથી સૌથી વધુ અસર પામનારા સેકટર્સ પૈકીના હોટેલ સેકટરને હવે સારા દિવસોની આશા છે. કેમ કે, મહામારી દરમિયાન ગ્રેટર ટોરોન્ટો વિસ્તારની હોટેલોમાં ૮૦ ટકા રૂમો ખાલી રહ્યા હતા. ૬૫ હોટેલ તો પુરી રીતે બંધ થઈ ચૂકી હતી. હવે જયારે વધુ લોકો વેકસીન લઈ ચુકયા છે અને સરકાર પણ પ્રવાસ પરના પ્રતિબંધો હટાવી રહી છે. ત્યારે હોટેલોમાં રૂમ બુકિંગ માટે તપાસ શરૂ થઈ ગઈ છે. એટલે ટૂરિઝમ સેકટરમાં આશાનો સંચાર થયો છે. ગ્રેટર ટોરોન્ટો હોટેલ એસોસિયેશનના સીઈઓ ટેરી મુન્ડેલે કહ્યું હતું કે, મોટાભાગની હોટેલ્સ જે મહામારી દરમિયાન બંધ રહી હતી, એ હવે ફરીથી ખુલવા માંડી છે. એ બધા અમેરીકન પ્રવાસીઓ આવે એની રાહ જોતા હતા. કેમ કે, હોટેલોમાં યોજાતી ઈવેન્ટસની ખોટ વર્તાતી હતી. હવે જયારે પ્રવાસ પ્રતિબંધો હટી ગયા છે ત્યારે હવે એ બધા ફરીથી કામ માટે તૈયાર થઈ રહ્યા છે.

### મહામારીને કારણે અન્ય ધંધા તરફ વળનારા કર્મચારીઓને પરત લાવવા પ્રયાસો

તેમણે કહ્યું કે, હવે હોટેલોમાં યોજાતી ઈવેન્ટસ માટેના બુકિંગ ફરી શરૂ થઈ રહ્યા છે. એ ભલે ઓછી સંખ્યા માટેની હોય. પણ એનાથી હોટેલ ઉદ્યોગને પાછા બેઠા થવામાં મદદ મળશે. જો કે, પહેલા જેવી સ્થિતિમાં આવવાની મજલ ઘણી લાંબી છે, એ પણ અમે જાણીએ છીએ. વળી, ફરીથી કામ શરૂ કરતી વખતે સ્ટાફની તંગી પણ અમારા માટે મોટો પડકાર હશે. હોટેલ એસોસિયેશન ઓફ કેનેડાના સીઈઓ સુસી ગ્રીનોલે કહ્યું હતું કે, મહામારીને કારણે અમે મોટાભાગનો સ્ટાફ ગુમાવી ચુકયા છીએ અને ઘણાં તો આ ફિલ્ડ છોડી ગયા છે. એમને પાછા લાવવાના અમારા પ્રયાસો ચાલી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પહેલા જેવી સ્થિતિમાં આવવામાં કદાચ આવતા વર્ષ સુધી રાહ પણ જોવી પડશે. કેમ કે, અત્યારે હોટેલોની રૂમ ઓકયુપન્સી ૨૦૧૯ની સરખામણીમાં ૫૦ ટકા ઓછી છે. આમ છતાં ટૂરિઝમ સેકટર ઝડપથી પાછું બેઠું થશે એવી આશા છે. એમાંય સરકાર વેકસીન પાસપોર્ટથી લોકોને સુરક્ષાની ખાતરી આપવા માંગે છે. આ બાબત અમને મદદરૂપ થશે.

# કેનેડામાં હિંદુ પ્રત્યે નફરત ફેલાવતા કાર્યક્રમનો સંગઠનો દ્વારા ઉગ્ર વિરોધ

## કોઈપણ ભેદભાવ યુક્ત વલણ સામે કાયદાકીય રક્ષણ માંગવા ચીમકી અપાઇ

**ઓન્ટેરિયો**

હિન્દુ ફોરમ કેનેડા, કેનેડા હિન્દુ શાળાઓ, મોક્ષ દ્વાર હિન્દુ સ્મશાન સેવાઓ, કેનેડા હિન્દુ શાળાઓ, શિરડી સાઈનાથ મંદિર, કેનેડા હિન્દુ સ્વયંસેવકો, વોઈસ ફોર સેફ સ્કૂલ, કેનેડિયન એકેડેમી ઓફ સાયન્સ એજ્યુકેશન એન્ડ કલ્ચર અને અન્ય ઘણી સંસ્થાઓ દ્વારા યુનિવર્સિટીના વલણ સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વર્લ્ડ ટ્રેડ સેન્ટ પર આતંકવાદી હુમલાની વીસમી વર્ષગાંઠ સાથે એક હિન્દુફોબિક ઈવેન્ટને સમાપ્ત કરવાની હિલચાલના વિરોધમાં કાર્યક્રમ યોજાયો હતો. આ સમયે એચએફસીના તાહિર અસલમ ગોરા સાથે અન્ય સંસ્થાઓના પ્રતિનિધિઓ અને કેનેડિયન હિન્દુ ડાયસ્પોરાના કેટલાક વ્યક્તિઓ હતા. દિવસની શરૂઆતમાં જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં પ્રોફેસર રોન્ડા મેકવેન (યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો મિસિસાગાના વાઈસ પ્રિન્સિપાલ)એ જણાવ્યું હતું કે, "યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો મિસિસાગા આગામી ગ્લોબલ હિન્દુત્વને સમાપ્ત કરવા માટે આગામી ઈવેન્ટનું આયોજન કરી રહી નથી. આગલા દિવસે રોન્ડા અને કેનેડા હિન્દુ સમુદાયના નેતાઓ સાથેની એક બેઠકમાં હિંદુ, હિન્દુત્વ અને હિન્દુત્વ પ્રત્યે સ્પષ્ટપણે નફરતના વલણનો વિરોધ દર્શાવાયો હતો. જે બાદ યુનિવર્સિટીના હૂંફાળા પ્રતિભાવથી નિરાશ, મંડળે વિરોધમાં જાહેરાત કરી હતી કે, પરિષદમાં યુનિવર્સિટીની ભાગીદારી સીધી કે આડકતરી રીતે પક્ષપાત, ભેદભાવપૂર્ણ વલણ ધ્યાનમાં આવશે કાનૂની ઉપાય સક્ષમ બંધારણીય સત્તા પાસેથી માંગવામાં આવશે.

# ઓન્ટેરિયો પ્રાંતમાં શિયાળામાં ભારે ઠંડી-હિમવર્ષાના એંધાણ

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોના હવામાન વિભાગની આગાહી મુજબ આ વર્ષના શિયાળાનો પ્રારંભ ભારે ઠંડી અને હિમવર્ષથી થશે. કેનેડાના હવામાન વિભાગની મંગળવારે જાહેર થયેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, પાનખરના મધ્યભાગ સુધી તાપમાન સામાન્ય રહેશે.

હવામાન શાસ્ત્રી ડો. ગિલ્હામે કહ્યું હતું કે, ઓન્ટેરિયોમાં સપ્ટેમ્બર અને ઓકટોબર દરમિયાન સામાન્યથી વધુ ગરમી રહેશે. પરંતુ ત્યારબાદ મોસમમાં અચાનક પલ્ટો આવશે. પાનખરના અંત પછી બદલાતી પેટર્ન મુજબ શિયાળાની શરૂઆત વહેલી થઈ શકે છે અને શરૂઆતમાં જ ભારે ઠંડીને કારણે પ્રાંતમાં બરફની ચાદર જોવા મળી શકે છે. અહીં હિમવર્ષની પણ શકયતાઓ વધુ રહેશે. જેને કારણે જનજીવન થંભી જશે. રજા જેવો માહોલ જોવા મળશે. ખાસ કરીને દક્ષિણ પશ્ચિમમાં આવેલા ગ્રેટલેકસ વિસ્તારમાં ભારે હિમવર્ષાની શકયતાઓ જોવા મળી રહી છે. સામાન્ય રીતે અહીં ડિસેમ્બરમાં સામાન્ય ઠંડી જોવા મળતી હોય છે. પણ આ વર્ષે વધુ ઠંડી પડશે અને ક્રિસમસની રજાઓ દરમિયાન હિમવર્ષા પણ થઈ શકે છે. છેલ્લા વીસ વર્ષમાં આવું બન્યું નથી. જે આ વર્ષે બને એવી પુરી સંભાવના છે. આ રીતે ભારે ઠંડી સાથેના શિયાળાની શરૂઆતની આગાહી કરવામાં આવી છે.

# એપલ ડિવાઈસીસમાં સ્પાયવેરના સંભવિત ખતરા અંગે ટોરોન્ટોની લેબ દ્વારા ખુલાસો

**ટોરોન્ટો**

એપલના ફોન, કમ્પ્યુટર કે વોચ ઉપયોગ કરનારા વિશ્વભરના ઉપભોકતાઓએ તાત્કાલિક ધોરણે આઈઓએસ અપડેટ કરાવવું જરૂરી અને તાકિદનું બની ગયું છે. ટેકનો જાયન્ટ એપલે યુનિર્વસિટી ઓફ ટોરોન્ટોની સિટીઝન લેબે જયારે સ્પાયવેરના ખતરાની ચેતવણી આપી, ત્યારથી જ સિકયુરીટી પેચની જાહેરાત કરી દીધી હતી. લેબોરેટરીના વરિષ્ઠ સંશોધક જોન સ્કોટ રેલીટને મીડિયા સાથેની વાતચીતમાં મંગળવારે જણાવ્યું હતું કે, એપલ દ્વારા પોતાના ગ્રાહકો માટે ચિંતાની બાબત ખરેખર પ્રશ્નના ઉકેલની દિશામાં સારા પ્રયાસ સમી છે. તેમણે કહ્યું હતું કે, ટીમે જે ટેકનીક શોધી છે એનાથી ડીવાઈસમાં રહેલા સ્પાયવેરને એક જ કિલકમાં શોધી શકાય છે. જે ઉપભોકતાની જાણ બહાર પણ એની જાણકારી કોઈ દૂર રહીને મેળવી શકે છે. સંશોધકો માને છે કે, આ સ્પાયવેર એનએસઓ ગૃપ નામની ઈઝરાયેલી ટેકનોલોજી પેઢીએ વિકસાવ્યું છે. જે સરકાર માટે ગુનાખોરી અને ત્રાસવાદને રોકવા માટે ઉપયોગમાં લેવાય છે. સિટીઝન લેબે કહ્યું હતું કે, એનો ઉપયોગ સાઉદીના ચળવળકારોને નિશાન બનાવવામાં થયો હતો. એપલને એ ખામી વિશે કોઈ જાણકારી જ નહોતી અને જયારે એની જાણ થઈ કે તરત જ કંપનીએ પગલા લેવા પડયા છે.

### નવી ટેકનીકથી ડીવાઈસમાં રહેલા સ્પાયવેરને એક જ કિલકમાં શોધી શકાશે

THINKING OF INVESTING?
INVEST AS LOW AS $50,000 IN REAL ESTATE
SECURED INVESTMENT with up to 8-12% Guaranteed Return
INVEST WITH Metrobuild Capital
Sharia'h Compliant
We have multiple avenues for investment in Residential Properties, Commercial Properties or Construction Projects plus your investment is secured against the assets.
રેસિડેન્શિયલ અને કોમર્શિયલ પ્રોપર્ટી અથવા કન્સ્ટ્રકશન પ્રોજેક્ટ્સ માં અમારી પાસે ઘણાં જુદા જુદા રોકાણોનો વિકલ્પ છે જ્યાં તમુને રોકાણ પર ૮-૧૨% સુધીનું વળતર અને તમારું રોકાણ સંપત્તિ સામે સુરક્ષિત હોય છે.
CALL 416 893 4585 TODAY!!!
આપના વિશ્વાસુ અને ભરોસાપાત્ર
અમારી રીયલ એસ્ટેટ અને ઇન્વેસ્ટમેન્ ની મફત સલાહ નો લાભ ઉઠાવવા માટે આજે જ સંપર્ક કરો.
Call us TODAY for all of your Real Estate Needs and get Honest, Reliable and Courteous Service you can count on.
Residential
New Construction
Investment
Commercial



MOHAMMAD ABOWATH SALES REPRESENTATIVE
MAAZ ABOWATH BROKER
IBRAHIM ABOWATH SALES REPRESENTATIVE
416 893 4585
ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
ABOWATH.COM
RE/MAX CROSSROADS REALTY INC.
#SellwithABOWATH your Local REALTOR
*Not intended to Solicit client under contract.

HOUSE UPPER FLOOR FOR RENT



Main Floor 3-bedroom house, living room, open concept kitchen with island, Appliances include Fridge, Stove/ Oven, dishwasher and private Washer/ Dryer, one car parking,
conveniently located on Markham Road, walking distance to Cedarbrae Mall, bus stops, supermarket/ pharmacy/ banks and more. Available for rent from September 1, 2021.
Contact: 416-996-7755

# ગ્રેટર ટોરોન્ટોમાં લિબરલ્સ-કન્ઝર્વેટિવ્સ વચ્ચે કાંટાની ટક્કર

## જીટીએમાં ૩૯ ટકા મતદારો લિબરલ અને 33 ટકા નાગરિકો કન્ઝર્વેટિવને મત આપે તેવી શક્યતા

**ટોરોન્ટો**

કેનેડામાં ફેડરલ સરકાર માટેની ચૂંટણીના મતદાન આડે થોડો સમય બાકી રહયો છે. ત્યારે આવી રહેલા સર્વેક્ષણોના આંકડાઓ દર્શાવી રહ્યા છે કે, લિબરલ પાર્ટી તેને માટેની મોટી વોટબેંક સમાન જીટીએમાં રસાકસી બાદ પણ સારી લીડ મેળવી શકશે.

જીટીએમાં ૩૯ ટકા મતદારો લિબરલ પાર્ટી તરફનો ઝુકાવ દર્શાવે છે. જયારે ૩૩ ટકા મતદારો કન્ઝર્વેટિવના પક્ષમાં મત આપે એવી સંભાવના છે.

આ સર્વેક્ષણ ફોરમ રીસર્ચનું છે જે શનિવારે જાહેર થયું હતું. ૧૫મી ઓગસ્ટથી શરૂ કરાયેલા આ સરવેમાં રીસર્ચ ટીમે એવું તારણ કાઢ્યું છે કે ૧૫ ટકા મતદારો ન્યુ ડેમોક્રેટસને પસંદ કરે છે, ૧૦ ટકા લોકો પીપલ્સ પાર્ટી તરફી છે. જયારે ગ્રીન પાર્ટીની



તરફેણમાં ૩ ટકા મતદારો જોવા મળી રહ્યા છે. લિબરલ્સને સૌથી વધુ ટેકો ૪૧૬ લોકોનો મળ્યો હતો. જેમાં મહિલાઓ અને ૬૫ વર્ષથી વધુ વયના લોકો હતા. સરવેમાં ભાગ લેનારાઓ પૈકી ૯૦૫ વિસ્તારોમાં તેમને (લીબરલ)ને લીડ મળી શકે છે. દરમિયાન કન્ઝર્વેટિવ્સને ૪૫ થી ૫૪ વર્ષના વયજુથનો ટેકો મળી શકે છે. મોટાભાગના ૨૫ વર્ષની આસપાસની વયના મતદારો એનડીપી તરફ ઝુકાવ ધરાવી રહ્યા છે. ફોરમ રીસર્ચના અધ્યક્ષ લોર્ન બોઝીનોફે મીડિયાને જણાવ્યું હતું કે લિબરલ્સ હવે સારી સ્થિતિમાં જણાઈ રહ્યા છે. જો લિબરલ નેતાઓ ચૂંટણી પહેલાનું અઠવાડિયું આ વિસ્તારમાં પ્રચાર કરશે તો મતદાનમાં મોટો ફરક જોવા મળી શકે છે.

લિબરલ્સને ૪૧૬ વિસ્તારમાં સરસાઈ મળી શકે છે. આ ઉપરાંત ૯૦૫ વિસ્તારમાં પણ સરસાઈ મળવાની સંભાવના છે. જો કે જીટીએમાં પીપીસી પણ પોતાનું જોર વધારી શકે છે. એક મહિના પહેલાની સરખામણીમાં અત્યારનું ચિત્ર એવું જોવા મળે છે કે લિબરલ્સને સરસાઈ મળશે પણ એને માટે ભારે રસાકસીનો મુકાબલો પણ રહેશે.

## માસ્ક પહેર્યું નહીં હોય તેવા નાગરિકો મતદાન કરવા ન આવે

ઓન્ટેરિયો : ઈલેક્શન કેનેડાએ ચેતવણી આપી છે કે, જો કોઈ પણ પ્રાંતમાં કોઈ પણ મતદાર મતદાન મથકે માસ્ક પહેરવાનો ઈન્કાર કરે તો તેમને મતદાન નહીં કરવા દેવામાં આવે. ઈલેકશન કેનેડાના પ્રવકતાએ એક યાદીમાં જણાવ્યું હતું કે, જે કોઈ માસ્ક પહેરવાનો ઈન્કાર કરે તેમને મતદાન મથકમાં પ્રવેશ નહીં આપવામાં આવે. સાસ્કેચ્વાન, ન્યુ બ્રુન્સવિક, નોવા સ્કોસિયા, પ્રિન્સ આઈલેન્ડ, ન્યુ ફાઉન્ડલેન્ડ અને લાબ્રાડોર, યુકોન અને નુનાવુતમાં લોકો માટે હાલમાં ઈન્ડોર પ્રવૃત્તિ વખતે માસ્ક પહેરવો ફરજિયાત નથી. આ ઉપરાંત અન્ય પ્રાંતોમાં ઈમેલથી મતદાન કરનારાઓને માસ્કથી મુકિત મળશે. એટલે એ રીતે ઈમેલથી મતદાનને વધુ પ્રોત્સાહન મળશે. એને માટે અરજી કરવાની મુદત ૧૪મી સપ્ટેમ્બરની સાંજના ૬.૦૦ વાગ્યા સુધીની છે. જે મતદાતાઓ તબીબી કારણે માસ્ક પહેરી નથી શકતા. તેમણે એ વિશેના પુરાવાઓ રજુ કરવાના રહેશે. આ નિયમમાં અલબર્ટાની શાળાઓને મુકિત મળશે. કેમકે ત્યાં સ્કુલબોર્ડ જ આવા પુરાવાઓ મેળવે છે. ઈલેકશન કેનેડાએ વધુમાં જણાવ્યું હતું કે, ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓ, ઉમેદવારો અને ઉમેદવારોના પ્રતિનિધિઓએ ફરજિયાત માસ્ક પહેરવો પડશે અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવું પડશે.

**મતદાન મથકો પર કોવિડ ગાઈડલાઈનનું પાલન કરાવાશે**

## કોરોના: બેલેટને બદલે ઈમેલથી મતદાન કરનારાની સંખ્યા વધવાની સંભાવના

### કેનેડાના ચૂંટણીતંત્રના અંદાજ કરતા સરેરાશ મતદાનમાં ઘટાડાની ભીતિ

ટોરોન્ટો : ફેડરલ ચૂંટણીનું મતદાન જયારે આવતા અઠવાડિયે થનાર છે ત્યારે અંદાજે એક મિલિયનથી વધુ કેનેડીયન મતદારો ઈમેલથી મતદાનનો વિકલ્પ પસંદ કરે એવી સંભાવના છે. ઈલેકશન કેનેડાના અંદાજની સરખામણીમાં મતદાન ઓછુ થવાની પણ શકયતા નકારી શકાય એમ નથી. કોવિડ-૧૯ મહામારીને કારણે મોટાભાગના મતદારો બેલેટને બદલે ઈમેલથી મતદાન કરવાનું પસંદ કરશે એવું સંગઠન માને છે.



ઈલેકશન કેનેડાએ હાથ ધરેલા સર્વેક્ષણ મુજબ બેથી ત્રણ મિલીયન કેનેડીયન મતદારો ઈમેલથી મતદાન માટે તૈયારી દર્શાવી રહ્યા છે. જે ૨૦૧૯ની ચૂંટણીની સરખામણીમાં ૫૦૦૦૦ મત વધુ રહેશે. હવે જયારે બેલેટથી મતદાનનો વિકલ્પ પસંદ કરવા માટે કેનેડીયન મતદારો પાસે એક જ દિવસનો સમય બાકી છે ત્યારે વધુને વધુ મતદારો ઈમેલથી મતદાન કરે એવી સંભાવના છે. અત્યાર સુધીમાં ૯૮૫૦૦૦ મતદારોએ જ મેલથી -બેલેટથી મતદાનની ઈચ્છા વ્યકત કરી છે. ૫૨૦૦૦ મતદારો જે કેનેડાથી બહાર રહે છે તેમણે પણ ઈમેલથી મતદાનની રીકવેસ્ટ મોકલી હતી.

સ્પેશીયલ બેલેટથી મતદાન કરનારાઓ માટે ઈલેકશન કેનેડાની બહાર રાખેલા બેલેટ બોકસમાં મતપત્ર નાંખવાની ગોઠવણ કરવામાં આવી છે. આવા મતદારોએ બેલેટ પર પોતાની પસંદગીના ઉમેદવારનું નામ લખવાનું રહેશે. આ ઉપરાંત હોસ્પિટલો અને જેલની બહાર પણ બેલેટ બોકસમાં પણ મતપત્રો નાંખી શકશે.

ઈલેકશન કેનેડા એવી અપેક્ષા રાખે છે કે, સ્પેશિયલ બેલેટ માટેની રી-કવેસ્ટસમાં વધારો થઈ શકે છે. જે ઈમેલથી કરી શકાશે. મતદાનના એક દિવસ અગાઉ સુધી મતદારો પોતાની વિનંતી રૂબરૂમાં કે ઈમેલથી કરી શકશે. ઈમેલથી મતદાન કરવા માંગતા મતદારો ઈલેકશન કેનેડાની વેબસાઈટ પર બેલેટ રીકવેસ્ટ મોકલી શકશે. જેની સમય મર્યાદા ૧૪મી સપ્ટેમ્બરની સાંજે ૬ વાગ્યા સુધી કરવાની રહેશે. મતદાન ૨૦મી સપ્ટેમ્બરને સોમવારે થનાર છે. ચીફ ઈલેકશન ઓફિસર સ્ટીફન પેરોલ્ટે ચૂંટણી અધિકારીઓને ચેતવણી આપી છે કે, મેલથી આવેલા મતોની ગણતરી ૨૧મી સપ્ટેમ્બર પહેલા નહીં કરવી. કેમ કે, બેલેટથી થયેલા મતદાનની કટઓફ સમયની મર્યાદા પુરી થયા બાદ જ ગણતરી થઈ શકશે. ૧.૩ મિલીયન કેનેડીયન મતદારોએ શુક્રવારે જ એડવાન્સ પોલ્સમાં મતદાન કર્યું હતુ. ઈલેકશન કેનેડાએ જણાવ્યું હતું કે શનિ અને રવિવારના મતદાનના આંકડાઓ હજુ મેળવવાના બાકી છે. ૨૦૧૯ની ચૂંટણી સમયે એડવાન્સ પોલમાં ૪.૯ મિલિયનથી વધુએ મતદાન કર્યું હતું.

## જગમીત સિંઘની પાર્ટી NDP કિંગમેકરની ભૂમિકા ભજવશે

કેનેડા: કેનેડાની આમ-સભાની 20મી સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીમાં મૂળ પંજાબના એવા જગમીતસિંઘના નેતૃત્વ નીચેની ધી ન્યૂ ડેમોક્રેટિક પાર્ટી (NDP) ફરી એક વખત કિંગ મેકરની ભૂમિકા ભજવે તેવી પૂરી સંભાવના દેખાઈ રહી છે. 20મી સપ્ટેમ્બરે યોજનારી આ ચૂંટણી સંબંધે મળતા પ્રવાહો ઉપરથી લાગે છે કે તે ફેડરલ ઈલેક્શનમાં લિબરલ્સ અને કન્ઝર્વેટિવ્સ વચ્ચે કટોકટીની સ્પર્ધા છે તે સમયે જગમીત સિંઘની નાની પાર્ટી ભલે થોડી જ બેઠકો મેળવે, પરંતુ તે બેઠકોના સાથથી બેમાંથી એક પક્ષ સરકાર રચી શકે તેમ છે. 2019માં વર્તમાન વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોની લિબરલ પાર્ટીએ 338ના હાઉસ ઓફ કોમન્સમાં, 157 બેઠકો મેળવી હતી. જે બહુમતી માટે ૧૩ ઓછી હતી. જ્યારે કન્ઝર્વેટીવે ૧૨૧ બેઠકો મેળવી હતી. તે વખતે જગમીત સિંધની પાર્ટી NDPને ૨૪ બેઠકો મળી હતી. તેણે ટ્રુડોની પાર્ટીને સાથ આપતા તેઓ સરકાર રચી શક્યા હતા. ૨૦૧૯માં પણ ટ્રુડોની લિબરલ પાર્ટીએ NDPના ટકાથી જ માઈનોરીટી ગવનમેન્ટ રચી હતી. તે સર્વ-વિદિત છે.

પોતાની લઘુમતિ સરકારને બહુમતી સરકારમાં ફેરવવાની ઈચ્છાથી ટ્રુડોએ પોતાની સરકારે, કોવિડ-૧૯ની મહામારી સમયે ભજવેલી ભૂમિકાના વિશ્વાસ ઉપર રહી અચાનક જ ચૂંટણીની જાહેરાત કરી દીધી હતી.

**2019માં ટ્રૂડોએ પણ NDPના ટેકાથી સરકાર રચી હતી**

## ઘાટના રસ્તે પાકિસ્તાન પહોંચ્યા બાદ અફઘાન પરિવારોનું કેનેડા તરફ પ્રયાણ

**ટોરોન્ટો-ઈસ્લામાબાદ**

કેનેડાના ઈમિગ્રેશન મિનીસ્ટરે મંગળવારે જણાવ્યું હતું કે, તેમણે અત્યાર સુધીમાં કમસેકમ ૧૪૦ અફઘાનોને પાકિસ્તાનના માર્ગે કેનેડામાં પ્રવેશ અપાવ્યો છે. આ બધા પાસે

કેનેડાના સ્પેશિયલ વિઝા હતા. કેનેડાના ઈમિગ્રેશન વિભાગના મંત્રી માર્કો મેન્ડીસિનોના પ્રવકતાએ કહ્યું હતુ કે, આ શરણાર્થીઓને એકાદ બે દિવસ કે, અઠવાડિયામાં કેનેડામાં પ્રવેશ મળી જશે. આ બધાને અફઘાનિસ્તાનથી ખૈબર ઘાટના માર્ગે પાકિસ્તાન આવવા જણાવ્યું હતું. જે હાલમાં લોકો ટ્રકો અને પાકિસ્તાની સૈનિકોને કારણે જામ થઈ ચુકયો છે અને હવે ત્યાં તાલિબાનના બંદૂકધારીઓ છે. થોડા અઠવાડિયા પહેલા એ વિસ્તાર અફઘાન સૈન્યના કબ્જામાં હતો. હવે એ તાલિબાનના હાથમાં છે. તાલિબાનના સફેદ ધ્વજ હેઠળ સરહદ પર તૈનાત ગાર્ડસ બંને દિશામાંથી આવનારાઓને રોકી રહ્યા છે. જો કે, જેમની પાસે વિઝા હોય તેમને જવા દેવાની તૈયારી તાલિબાનોએ બતાવી છે. પણ એને માટે રાહ જોવા કહી રહ્યા છે. બાકીનાઓને પાછા જવા કહી રહ્યા છે. દસ્તાવેજોની ચકાસણીમાં કલાકો વીતી જાય છે. તેમની પાસે અફઘાનિસ્તાનથી પાકિસ્તાન જવાની પરવાનગી હોવી જરૂરી છે. ત્યારબાદ કોવિડ -૧૯નું ટેસ્ટીંગ થાય છે. ત્યારબાદ જ તેમને જવા દેવામાં આવે છે. કાબુલના એક આઠ જણાના પરિવારે મધરાતે કેનેડીયન ધ્વજ સાથે સામાન લઈને કાબુલ છોડયું હતું. આ પરિવારે મીડિયાને જણાવ્યું હતું કે, સરહદ પાર કરવાનું ઘણું મુશ્કેલ બની ગયું છે. એમાં ઘણો સમય લાગે છે.



અફઘાનમાં તાલીબાને કબજો કરતા પાકિસ્તાન પહોંચવામાં પણ લોકોને મુશ્કેલી

તંત્રી સ્થાનેથી

# ભૂપેન્દ્ર પટેલને સુકાન, ચૂંટણી જીતવા ભાજપનો જોખમી વ્યૂહ

શનિવારે ગુજરાતના મુખ્યમંત્રીપદેથી વિજય રૂપાણીએ રાજીનામું આપીને આખા રાજ્યને આંચકો આપી દીધો, આ સાથે જ લાંબા સમયથી ટાઢાબોળ ગુજરાતના રાજકારણમાં અચાનક ગરમાટો આવી ગયો. રૂપાણીએ રાજીનામું કેમ આપ્યું તેવા અણીદાર સવાલો સાથે રાજ્યનુ સુકાન હવે કોને સોંપાશે તેની અટકળો પણ ચાલુ થઈ. આખરે રવિવારે બપોરે ગાંધીનગરમાં દિલ્હીથી આવેલા મંત્રી તોમર અને અમીત શાહની હાજરીમાં વિધાયકદળની બેઠક યોજાઈ અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઘાટલોડીયાના પ્રથમવાર ચૂંટાયેલા ધારાસભ્ય ભૂપેન્દ્ર પટેલની પસંદગી કરાઈ. આ પ્રક્રિયા તો માત્ર ઔપચારિક જ હતી. ભૂપેન્દ્ર પટેલ તો રવિવારે બપોર સુધી ક્યાંય ચિત્રમાં જ નહોતા અને નીતિન પટેલની તાજપોશી નક્કી હોય એવો માહોલ સર્જાયો હતો. ખુદ ભૂપેન્દ્ર પટેલને પણ રવિવારે સવારે પોતે ગુજરાતના ભાવિ મુખ્યમંત્રી છે એવો અણસાર સુધ્ધાં નહોતો. પરંતુ રુપાણીએ વિધાયક દળની બેઠકમાં ભૂપેન્દ્ર પટેલના નામની દરખાસ્ત મુકી અને તેને હાઈકમાન્ડનો આદેશ માનીને સૌ ધારાસભ્યોએ તેને વધાવી લીધી. આ સાથે જ નીતિન પટેલના સીએમ બનવાના સપના ફરી રોળાઈ ગયા. ૨૦૧૭માં પણ છેલ્લી ઘડીએ તેમનું પત્તું કાપીને વિજય રૂપાણીને મુખ્યમંત્રીપદે બેસાડી દેવાયા હતા.ભૂપેન્દ્ર પટેલની પસંદગીથી ગુજરાતનાં લોકોને પણ આંચકો લાગ્યો છે. તેનું કારણ એ કે, ભૂપેન્દ્ર પટેલ લોકોને ચીફ મિનિસ્ટર મટિરિયલ લાગતા જ નથી. ભૂપેન્દ્ર પટેલને રાજ્ય કક્ષાના રાજકારણનો કોઈ અનુભવ નથી કે ગુજરાતના સંગઠનનો પણ અનુભવ નથી. તેમણે અત્યાર લગી સ્થાનિક રાજકારણમાં છબછબિયાં કર્યાં છે અને તેમાં પણ એવા કોઈ મોટા હોદ્દા નથી ભોગવ્યા કે ઊડીને આંખે વળગે એવી કામગીરી કરી નથી.



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભૂપેન્દ્ર પટેલ ૧૯૯૯-૨૦૦૦ અને ૨૦૦૪-૦૫ એમ બે વાર મેમનગર નગરપાલિકાના ચેરમેન બન્યા હતા. ભૂપેન્દ્ર પટેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા અને ૨૦૧૦થી ૨૦૧૫ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રહ્યા હતા. આનંદીબેન પટેલ મુખ્યમંત્રી હતાં ત્યારે ભૂપેન્દ્ર પટેલને ૨૦૧૫-૧૭ દરમિયાન ઔડાના ચેરમેન બનાવાયા હતા. ભૂપેન્દ્ર પટેલ ૨૦૧૭માં ઘાટલોડિયા વિધાનસભા બેઠક પરથી પહેલીવાર ચૂંટણી લડ્યા હતા અને પહેલી જ વિધાનસભા ચૂંટણીમાં ૧.૧૭ લાખ મતની જંગી સરસાઈથી જીત્યા હતા. હવે ઉગતા સૂરજને સૌ પૂજે' એ હિસાબે ભાજપવાળા ભૂપેન્દ્ર પટેલનાં વખાણે ચડી ગયા છે. મીડિયાવાળા આ બાબતમાં પાટીદાર સમીકરણોની વાત કરે છે. વાસ્તવમાં ભૂપેન્દ્ર પટેલનો નંબર આનંદીબેન પટેલના કારણે લાગ્યો છે. ભૂપેન્દ્ર પટેલ વરસોથી આનંદીબેન પટેલના વફાદાર તરીકે પંકાયેલા છે અને તેમની રાજકીય સફળતા આનંદીબેનને જ આભારી છે. એક રીતે ભૂપેન્દ્ર પટેલને મુખ્યમંત્રી બનાવડાવીને આનંદીબેને પોતાનું વજન સાબિત કર્યું અને તેણીએ પોતાના કટ્ટર રાજકીય હરીફ અમિત શાહને જોરદાર લપડાક મારી છે. જો કે, રાજ્યમાં રુપાણી સાથે મંત્રીઓને પણ બદલવાના હોવાથી તમામે શનિવારે રાજીનામા આપી દીધા હતા. તેથી બુધવારે મંત્રીમંડળની શપથવિધિ માટે ભાજપે જોરશોરથી તૈયારી શરુ કરી. પરંતુ શનિવાર બાદ ખુદ ભાજપમાં જ અસંતોષ ભભૂકવા માંડ્યો હતો. કારણ કે, રૃપાણીના રાજીનામાના એક અઠવાડિયા પહેલાં જ ભાજપે મોટા ઉપાડે જાહેરાત કરી હતી કે, ૨૦૨૨ની ચૂંટણી ભાજપ વિજય રૂપાણી અને નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં જ લડશે. આ વાતને અઠવાડિયું નહોતું થયું ત્યાં રૂપાણીને બેઆબરૂ કરીને રવાના કરી દેવાયા. આ બાબતથી ખુદ ભાજપીઓ જ અંચબામાં છે. રવિવાર બાદ નારાજ નીતિન પટેલ ભૂપેન્દ્ર પટેલ સાથે સરકાર રચવાનો દાવો કરવા માટે રાજભવન જવાને બદલે મહેસાણા ઉપડી ગયા અને મહેસાણામાં તેમણે બધી શરમ છોડીને કહી દીધું કે, આવા તો કેટલાય આવ્યા અને ગયા પણ હું તો રહેવાનો જ છું.

ભાજપે નીતિન પટેલનાં મનામણાં શરૂ કર્યાં, ત્યાં મંત્રીમંડળમાં પસંદગીને મામલે વિજય રૂપાણી આડા ફાટ્યા. ભાજપે બંનેને મનાવા દિલ્હીથી નેતાઓને ગુજરાત દોડાવવા પડ્યા. રૂપાણી સજ્જનતા બતાવીને આ નેતાઓને મળ્યા જ્યારે નીતિન પટેલે તો મંગળવારે રાષ્ટ્રીય નેતાઓને મળવાની પણ ના પાડી દીધી. નીતિન પટેલ તો મંગળવારે મધરાતે શંકરસિંહ વાઘેલાને મળવા ગયા હોવાની પણ વાત છે. ગુજરાતમા ભાજપની આ ભવાઈને કારણે શપથવિધિનો બુધવારનો કાર્યક્રમ પડતો મુકવો પડતા આબરુના ધજાગરા ઉડ્યા. આખરે કોઈ રીતે અસંતુષ્ટોને વચનો આપીને મામલો થાળે પાડીને ગુજરાતમાં અંતે ગુરુવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળની શપથવિધિ થઈ. જેમાં ૨૪ પ્રધાનોએ શપથ લઈ લીધા. નવા મંત્રીમંડળમાં પટેલ- 8, ક્ષત્રિય- 2, ઓબીસી- 6, એસસી- 2, એસટી- 3 તથા જૈન- 1 મંત્રી છે. ક્ષેત્ર પ્રમાણે જોઈએ તો સૌરાષ્ટ્રના 8, ઉત્તર ગુજરાતના 3, દક્ષિણ ગુજરાતના 7 તથા મધ્યગુજરાતના 6 ધારસભ્યને મંત્રી પદુ મળ્યું છે. ભાજપે મંત્રીઓની પસંદગીમાં 'નો રિપિટ' થીયરી અમલમાં મૂકી છે. આ નિર્ણય કોનો છે એ કહેવાની જરુર નથી. કારણ કે, મોદીએ પહેલાથી ગુજરાતમાં પોતાના નિર્ણયોનો અમલ કરાવ્યો છે. 2020ના ડિસેમ્બરમાં રુપાણી સરકારની મુદત પુરી થવાની છે. આ પહેલાં 2021માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે કોંગ્રેસના સુપડા સાફ કરી નાંખ્યા છે. આમ છતાં રુપાણી સરકારનું પતન કેમ કરવુ પડ્યું તે સવાલ હવે મહત્વનો બન્યો છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી આડે 14 મહિના બચ્યા છે. આવા સમયે વરસોથી જામેલા પક્ષના ધુરંધરોને નારાજ કરીને ઘરભેગા કરી દેવા એ નાની વાત નથી. તેનાં પરિણામ ગમે તે આવી શકે છે. જેમને તગેડી મુકાયા છે એ ધારાસભ્યો અત્યારે જ બળવો કરી નાખે એવું બની શકે. આ ઉપરાંત વિધાનસભાની ચૂંટણી વખતે ભાજપને હરાવવા માટે અસંતુષ્ટો અંદરખાને કામ કરે તો પણ ભાજપને ચૂંટણી જીતતા નવનેજા પાણી ઉતરી જાય તેમ છે. મોદીના આ પગલાની લોકોમાં નકારાત્મક અસર પડવાની ભીતિ પણ છે. આ નિર્ણયથી ગુજરાતને ફાયદો થશે કે નુકસાન એ મુદ્દો બહુ મહત્ત્વનો છે અને કમનસીબે જેમને મંત્રી બનાવાયા છે તેમનો રેકોર્ડ એવો ઉત્સાહજનક નથી કે જેના કારણે એ લોકો રૂપાણી સરકાર કરતાં વધારે સારો વહીવટ આપી શકશે.

કેટલાક રાજકીય પંડિતોના મતે ગુજરાતમાં ભાજપને કોંગ્રેસથી કોઈ ખાસ જોખમ નથી. પરંતુ આમ આદમી પાર્ટીનું સંગઠન વધી રહ્યું છે. રાજ્યમાં ભાજપ નેતાઓની વર્તણૂંક કે, કેન્દ્ર સરકારના અણઘડ વહિવટમાં વધતી જતી મોંઘવારી, પેટ્રોલના ભકડે બળતા ભાવ, બેરોજગારી જેવા મુદ્દા આપ ઉઠાવવા માંડ્યું છે. બીજી તરફ કોરોના કાળમાં રુપાણી સરકારની કામગીરીથી પ્રજામાં મોટાપાયે નારાજગી છે. તેથી તેની અસર વિધાનસભાની ચૂંટણીમાં નહીં દેખાય તે માટે મોદીએ આખુ મંત્રી મંડળ જ બદલાવી નાંખ્યું છે. જો કે, આ પગલાથી ભાજપને કેટલો ફાયદો થશે તે તો આવનારો સમય જ કહે તેમ છે.

manoj1968@yahoo. ca










| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
* NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
* CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
* MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com.
Toll : 1866.623.0865
Davinder Singh Chawla
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# સુરત, ઉધના રેલવે સ્ટેશનના પુન:વિકાસ માટે વિકાસકર્તાઓની પ્રિ-બિડ બેઠક મળી

**સુરત**

સુરત અને ઉધના રેલવે સ્ટેશનના પુન:વિકાસનો અંદાજે ખર્ચ ૪ વર્ષની સમયમર્યાદામાં રૂ.1285 કરોડ છે. ઉદયપુર, સુરત અને ઉધના રેલવે સ્ટેશનોના પુન:વિકાસ અંગે ગતરોજ તા.14મીના રોજ યોજાયેલી પ્રી-બિડ બેઠકમાં 14 અગ્રણી ડેવલપર્સ, ફંડ્સ અને કન્સલ્ટન્ટ્સ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ત્રણ સ્ટેશનોના પુન:વિકાસ માટે ફરજિયાત ભારતીય રેલવે સ્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન (IRSDC) દ્વારા પૂર્વ-બિડ બેઠકો હાથ ધરવામાં આવી હતી. વધુ સારી મુસાફરીના અનુભવ માટે આંતરરાષ્ટ્રીય એરપોર્ટની સાથે અત્યાધુનિક સુવિધાઓ પૂરી પાડવા માટે રેલવેના પુન:વિકાસનો ઉદેશ આ રેલવે સ્ટેશનોને રેલોપોલિસમાં રૂપાંતરિત કરવાનો છે. સુરત મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ (MMTH) રેલવે સ્ટેશનને ખાસ હેતુના વાહન, સુરત ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટેશન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (SITCO) દ્વારા પુન:વિકાસ કરવામાં આવશે, જે IRSDC, GSRTC અને SMC, મંત્રાલય વચ્ચે કંપનીઝ એક્ટ, 2013 હેઠળ અમલમાં આવશે. જેની મંજૂરી સાથે રેલવે અને ગુજરાત સરકાર સંયુક્ત સાહસ તરીકે સમાવિષ્ટ થયેલ છે.




# સુરતમાં પત્ની સાથે સબંધ રાખનાર માસીયાઈભાઈને પતિએ પતાવી દીધો

**સુરત**

સુરતના પાંડેસરા ભક્તિનગર-૩માં રહેતા અને કલરકામ કરતાં સતીષ ગામા નિશાદની પત્ની મુન્નીદેવીનો તેના જ માસીયાઈ ભાઈ અમરજીત નિશાદ સાથે પ્રેમ પાંગર્યો હતો. સોમવારે સાંજે સતિષ પર અમરજીતનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, કૈલાસનગર ચોકડી પાસે મુન્નીદેવી અને બંને બાળકોને લઈને ઊભો છે. પત્ની અને બંને બાળકોને પોતે લઈ જવા માંગે છે.

બન્ને એકબીજા સાથે વાત કરતાં હતા. એક વર્ષ પહેલા પત્નીનું પ્રેમ પ્રકરણ સતિષે પકડી પાડ્યું હતું, ત્યારથી બન્ને વચ્ચે સતત ખટરાગ ચાલતો હતો. સતિષે પત્ની મુન્નીદેવીને અનેક વખત સમજાવવાની કોશિશ કરી હતી, પરંતુ તે તેના પ્રેમી અમરજીત સાથે જવા માટે મક્કમ હતી. સોમવારે સ્થળ પર છૂટુ કરવા કરવા માટે આવવા દબાણ કરતાં સતીષ આવ્યો હતો, પરંતુ સ્થળ ઉપર છૂટું બોલીને છૂટું કરવા કરતાં પોલીસ મથકે લખાણ કરીને બંનેને જવા કહ્યું હતું. મુન્ની અને અમરજીત પોલીસ મથકમાં જવા તૈયાર ન હતા અને પતિ પોલીસ મથકમાં જઈને જ લખાણ કરી આપવાની વાત કરતાં બંને વચ્ચે વાત વણસતા સતિષે માસીયાઈ ભાઈ અમરજીતના પેટમાં ચપ્પુ હુલાવી દીધુ હતું

# આદિત્ય ઠાકરેને 'આઈ વિલ કિલ યુનો' મેસેજ કરનારો સુરતથી ઝડપાયો

**સુરત**

મહારાષ્ટ્ર શિવસેનાના પર્યાવરણ મંત્રી આદિત્ય ઠાકરેને ટેક્સ્ટ મેસેજ ઉપર આઈ વિલ કિલ યૂનો મેસેજ લખી ધમકી આપનાર જલગાંવના ધનંજય ગોકુલ નિકમને સુરત પોલીસે રેલવે સ્ટેશન નજીક આયુર્વેદિક ગરનાળા પાસેથી ઝડપી લઈ મુંબઈ પોલીસને સોંપ્યો હતો. બી.એસ.સી. કરનાર આ યુવાનને ઓ.બી.સી. વિદ્યાર્થી તરીકે મળતી ૪૫૦૦ની સ્કોલરશિપ દોઢ વર્ષ થવા છતાં નહિ મળી હોવાથી યુવાન આદિત્ય ઠાકરેને રજૂઆત કરવા મુંબઈ પહોંચ્યો હતો, પરંતુ મુલાકાત નહિ મળતાં એસ.એમ. એસ કરી ધમકી આપી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ મંગળવારે સુરત રેલવે સ્ટેશને દોડી ગઈ હતી.

# મોદીના 71મા જન્મ દિને 71 યુવાનોની ભરૂચથી SOU સુધી નમો થોન યોજાશે

**ભરૂચ**

ભારતના લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આગામી તા.૧૭-૯ ના રોજ ૭૧ મો જન્મ દિવસ છે. જે પ્રસંગે આજ રોજ તા.૧૬-૯ ની સવારથી ૭૧ યુવાનો ભરૂચ રેલવે સ્ટેશન ખાતેની બાબા સાહેબની પ્રતિમાથી કેવડિયાના સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની એક નાની મેરાથોન કરશે.

આઝાદીના ૭૫ વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આઝાદી અમૃત મહોત્સવ ના ભાગ રૂપે ભરૂચના યુવાનો ૯૩ કીમી ની નમો થોન કરશે. બે દિવસ દોડ લગાવી ૭૧ યુવાનો તા.૧૭-૯ ના રોજ એસઓયુ ખાતે પહોંચી સરદાર પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી નરેન્દ્ર મોદી ને ૭૧ મા જન્મ દિવસની નમો થોન ભેટ આપશે. આઝાદી અમૃત મહોત્સવના ભાગ રૂપે નરેન્દ્ર મોદીના ફીટ ઈન્ડિયા ના સ્વપ્નને પૂર્ણ કરવા ભરૂચ જિલ્લા ભાજપા દ્વારા નમો થોન નું આયોજન કરવામાં આવ્યું છે. આવતી કાલ તા.૧૭-૯ ના રોજ નરેન્દ્ર મોદીના ૭૧ મા જન્મ દિવસે ભરૂચ જિલ્લાના ૭૧ યુવાનો નમો થોનની મોદીને ભેટ આપશે. આજ રોજ તા.૧૬-૯ ની વહેલી સવારના છ કલાકે ભરૂચ રેવલે સ્ટેશનથી ૭૧ યુવાનો ૯૩ કીમીની મેરાથોન માટે દોડ લગાવશે. ભરૂચથી ઝઘડિયા પહોંચેલી નમો થોનનું સ્વાગત કરી ત્યાં ચા નાસ્તો કરાવી ૭૧ દોડવીરો બપોરના સમયે ઉમલ્લા ખાતે પહોંચશે.

# સુરતમાં મોડી રાત્રે ઊભેલી ટ્રક પાછળ કાર ભટકાઈ, ત્રણ જણાનાં કરૂણ મોત

**સુરત**

શહેરમાં મોડી રાત્રે ઈચ્છાપુર પોલીસ સ્ટેશનની બાજુમાં જ એક કાર અકસ્માતની ઘટના બની હતી. જેમાં ગાડીમાં સવાર ૫ લોકોમાંથી ૩ લોકોના ઘટનાસ્થળે કમકમાટી ભર્યાં મોત નીપજ્યા હતા. સુરતમાં ઈચ્છાપુર-હજીરા રોડ પર અકસ્માતની ઘટનામાં સુરતના ૩ લોકોના મોત નીપજ્યા હતા. કવાસ પાટિયા નજીક અજાણી ટ્રકની પાછળ એક કાર અથડાતા તેમાં સવાર ૩ વ્યક્તિના કમકમાટીભર્યાં મોત નીપજ્યા છે, જ્યારે ગંભીરરીતે ઈજાગ્રસ્ત ૨ વ્યક્તિને સારવાર માટે હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યા છે. અકસ્માત એટલો ભયાનક હતો કે સમગ્ર કાર કચ્ચરઘાણ વળી ગઈ હતી.


ગોવર્ધનથાળ
સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

Weekend Special
રગડા પેટિસ, પાંઉભાજી, છોલેપુરી, કટલેસ, ખાસ્તા કચોરી, સેવ ઉસળ, સમોસા ચાટ

Takeout & Catering
Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax
Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

CATERING SPECIAL
$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details
ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧
૯૪૦, માારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

# અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો રદ, પદયાત્રીઓ-સંઘને મંજૂરી નહીં

**બનાસકાંઠા**

પવિત્ર ધામ અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો રદ કરવામાં આવ્યો છે. આ અંગેનો આદેશ ગૃહ વિભાગે કર્યો છે. જેમાં ગૃહ વિભાગના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે પદયાત્રીઓ અને સંઘને મંજૂરી આપવામાં આવી નથી. તેમજ માત્ર બાધા, આખડી, માન્યતા હોય તેઓને જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે. અહીં નોંધનીય છે કે કોરોના વાયરસની ત્રીજી લહેર ના આવે તેની અગમચેતીના પગલે આ વર્ષે પણ અંબાજીમાં ભાદરવી પૂનમનો મેળો રદ કરવામાં આવ્યો છે. પવિત્ર ધામ અંબાજી મંદિરે ભક્તોની ભારે ભીડ જામતી હોવાથી મંદિર બંધ રાખવા અંગેનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ પગપાળા સંઘોને પણ મંજૂરી નહીં આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પવિત્ર ધામ અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો છેલ્લી ઘડીએ ગૃહવિભાગે રદ કરી દીધો છે. નોંધનીય છે કે કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા હાલ અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો રદ કરાયો છે.

## 25 તોલા સોનાની ભેટ ચડાવાઈ

અંબાજી મંદિરને સુવર્ણમય બનાવવાની યોજના અંતર્ગત આજે સાણંદના રહેવાસી જીતેન્દ્રસિંહ માનસિંહ વાઘેલાના પરિવાર દ્વારા ૨૫૧ ગ્રામ સોનાની ભેટ ધરાવવામાં આવી હતી. જેની અંદાજીત કિંમત રૂા. ૧૨,૧૭,૩૫૦ થવા જાય છે. આ માઈ ભક્ત પરિવાર દ્વારા માતાજીના ચરણોમાં સોનાની ભેટ ધરાવવામાં આવી હતી.

# સાણંદમાં સાળાની પત્નીની હત્યા કરનાર પતિ અને પત્નીની ધરપકડ

**સાણંદ**

સાણંદમાં સાળાની પત્નીની હત્યા કરવા બદલ નણદોઈ તથા તેની પત્નીની ધરપકડ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦માં કેનાલમાંથી મળેલી લાશની તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ગુનો ઉકેલી નાખ્યો હતો.

સાણંદમાં રહેતા સગા સાળાના ઘરે અવાર નવાર અવર જવર કરતાં નણદોઈને સાળાની પત્ની સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. બાદમાં પ્રેમમાં અંધ પ્રેમી પંખીડા ભાગી ગયા હતા. છ મહિના સુધી પ્રેમી પંખીડા સાથે રહ્યા હતા. તોડાક સમય પછી બંને વચ્ચે ઝઘડા થતાં પ્રેમીને પત્ની યાદ આવી હતી. જેથી પ્રેમી પોતાની અગાઉની પત્નીને પણ અલગ ઘરમાં રાખી એની સાથે કેટલોક સમય વિતાવવા લાગ્યો હતો. તે દરમિયાન પોતાના લગ્નજીવનમાં નડતરરૂપ એવી પ્રેમિકા અને સાળાની પત્નીથી છૂટકારો મેળવવા દંપતિએ કારસો રચ્યો હતો. પ્રેમાંધ પતિએ સાળાની પત્નીને મારી નાખવાના ઈરાદા સાથે એક દિવસ ચામાં ઉઘની ગોળી પીવડાવી દેતાં તેણીની બેભાન થઈ ગઈ હતી. બાદમાં પતિ અને પત્ની તેણીને બેભાન અવસ્થામાં ગાડીમાં નાખી કેનાલ પાસે લઈ ગતા હતા. ત્યાં તેના હાથ પગ બાંધી કેનાલમાં ધકેલી દીધી હતી.

# મોડાસા પાલિકાના વિરોધ પક્ષના નેતાને મીમ પાર્ટીએ સસ્પેન્ડ કર્યા

**મોડાસા**

મોડાસા નગરપાલિકાની ગત ફેબુરઆરી માસમાં યોજાયેલ ચૂંટણીમાં વોર્ડ નં.૭ માંથી એઆઈએમઆઈએમ(મીમ) પાર્ટીમાંથી ચૂંટાઈ આવેલા નગર સેવક એવા વિરોધ પક્ષના નેતાને પક્ષમાંથી સસ્પેન્ડ કરી તમામ હોદ્દા ઉપરથી દૂર કરાયા છે. જયારે આ ચર્ચાસ્પદ કાઉન્સિલરનું રાજીનામું પક્ષના હોદ્દેદારો દ્વારા નગરપાલિકા પ્રમુખને સોંપી દેવામાં આવતાં જ આ પ્રકરણ નગરમાં ટોક ઓફ ધ ટાઉન બન્યું હતું. આ નગર સેવક રંગરેલીયા મનાવતા ઝડપાયા હોવાની ચર્ચા નગરમાં ચગદોળે ચડી છે. ત્યારે જો આ રાજીનામું મંજૂર કરાશે તો નગર પાલિકાની વધુ એક બેઠકની પેટા ચૂંટણી યોજવાની તંત્રને ફરજ પડશે.

# બુલેટ ટ્રેન પોજેક્ટ: જમીન સંપાદન બદલ વડોદરા કોર્પોરેશનને 167 કરોડ મળશે

**વડોદરા**

મુંબઈ- અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન દોડાવવાના પ્રોજેક્ટનો ઝડપી અમલ થઈ રહ્યો છે ત્યારે વડોદરા શહેરની હદમાંથી રેલ્વે સ્ટેશનની આજુબાજુ માંથી બુલેટ ટ્રેન પસાર થવાની છે ત્યારે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ખુલ્લી જગ્યાની જમીન સંપાદનની કાર્યવાહી હાથ ધરી છે તેમાંથી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા રૂ.167 કરોડની રકમ પ્રાપ્ત થશે તેમજ કોર્પોરેશન હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન પાસેથી ઈન્ક્રિમેન્ટલ ડિસ્ટ્રિબ્યુશનનો ચાર્જ પણ વસુલાત કરશે. વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્થાયી સમિતિમાં રજૂ થયેલી દરખાસ્તને જણાવ્યું છે કે




મુંબઈ અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન દ્વારા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ તૈયાર થઈ રહ્યો છે તેના માટે રસ્તામાં આવતી જમીન બુલેટ ટ્રેન ઓથોરિટીને આગોતરા કબજા સોમવાર તથા કોર્પોરેશનને વળતર ચૂકવી ને જમીન ફાળવવાની કાર્યવાહી કરાશે.

# સ્પેશિયલ 26 સ્ટાઈલ : દાહોદમાં IT અધિકારી બનીને ઘરમાં લૂંટ ચલાવી

**નડિયાદ**

ફિલ્મ 'સ્પેશિયલ 26'ની જેમ દાહોદની બુરહાની સોસાયટીમાં 4 લોકોએ નકલી ઈન્કમટેક્સ અધિકારી બનીને દરોડાની આડમાં લૂંટ ચલાવી હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ, દાહોદની બુરહાની સોસાયટીમાં 4 જેટલા શખ્સો ઈન્કમટેક્સ અધિકારી તરીકે પોતાની ઓળખ આપીને રોફ જમાવીને ઘરમાં ઘુસ્યા હતા. જ્યાં પરિવારને બંદૂકવાળુ લાઈટર બતાવીને લૂંટ ચલાવીને ફરાર થઈ ગયા હતા. આ દરમિયાન આસપાસના લોકોએ નકલી ઈન્કમટેક્સ અધિકારી બનીને આવેલા 2 લોકોને ઝડપી પાડ્યા હતા.




# મહેશ અડવાણીના પરિવાર દ્વારા 14 કંપનીના નામે લોન કૌભાંડ

## જેતલપુના મેનેજર અને CC ઓફિસરને ટર્મિનેટ કર્યા હતા

**વડોદરા**

BOBની સયાજીગંજ બ્રાંચનું લોન કૌભાંડ બહાર આવ્યા બાદ હવે જેતલપુર બ્રાન્ચનું લોન અને કેશ ક્રેડિટનું કૌભાંડ બહાર આવ્યું છે જેમાં મહેશ અડવાણીના પરિવારજનો એ વિવિધ 14 કંપની ખોલીને બેંક.ઓફ.બરોડા પાસેથી અંદાજે રૂપિયા 25 કરોડની લોન મેળવી હતી જેમાંથી રૂ.15.21કરોડની બાકી વસૂલાત રહેતા તેઓને wilful ડિફોલ્ટર તરીકે જાહેર કરી બેંક. ઓફ.બરોડા દ્વારા સિક્યોરિટાઈઝેશન એન્ડ reconstruction of financial એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ of સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ વર્ષ 2002 ના કાયદા મુજબ મિલકત જપ્તીની કાર્યવાહી હાથ ધરાઈ છે.

મકરપુરા વિસ્તારમાં રહેતા અને કરચિયા રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક C-14માં વિવિધ કંપનીઓ ખોલનાર (1)મહેશ તુલસીદાસ અડવાણી, (2) નિર્મલા મહેશ અડવાણી, (3) ભરત મહેશ અડવાણી (4) રીતુ મહેશ અડવાણી અને (5) કિશોરી મહેશ અડવાણી એ વડોદરાની બેંક ઓફ બરોડાની જેતલપુર બ્રાન્ચમાંથી વર્ષ 2018માં અંદાજે રૂપિયા 25 કરોડની લોન અને કેસ ક્રેડિટ મેળવી હતી તેમાંથી કેટલીક રકમ તેઓએ ભરપાઈ કર્યા બાદ વિવિધ 14 કંપનીના નામે 20 એકાઉન્ટ બેંકના અધિકારીઓ દ્વારા ખોલવામાં આવ્યા હતા તે તમામ સ્સી એકાઉન્ટ 12 ઓક્ટોબર 2018 થી12માર્ચ 2019 દરમ્યાન રોજ બેંક દ્વારા વીલ ફુલ ડિફોલ્ટર તરીકે જાહેર કરી એન.પી.એ. કરવામાં આવ્યા હતા.

મહેશ અડવાણી ગ્રુપની 14 કંપનીઓ દ્વારા સમયસર નાણાં ભરપાઈ નહીં કરતા આખરે બેંકના સત્તાવાળાઓએ કંપનીની સાવલી તાલુકાના કરચિયા સ્થિત રાજ ઈન્ડસ્ટ્રીયલ પાર્કમાં આવેલા પ્લોટ નંબર સી/14 અને સી/2 મિલકતના જમીને દફતર પર બોજો દાખલ કરાવી માત્ર સિમ્બોલિક પઝેશન મેળવી લઈ સંતોષ માન્યો હતો.

# હિંમતનગર માર્કેટ યાર્ડની 25 સપ્ટેમ્બરે ચૂંટણી યોજાશે

**હિંમતનગર**

હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોદ્દેદારોની મુદત પુર્ણ થતા ખેડુત, વેપારી અને સહકારી ખરીદ-વેચાણ મંડળીઓના વિભાગ સહિત ૧૬ ડિરેક્ટરોની ચુંટણી આગામી તા. ૨૫ સપ્ટેમ્બરે યોજાનાર છે. ચુંટણી પ્રક્રિયા સંપન્ન થયા બાદ બીજા દિવસે એટલે કે ૨૬ સપ્ટેમ્બરે મત ગણતરી હાથ ધરાશે. માર્કેટ યાર્ડની ચુંટણીને પગલે તાલુકાના સહકારી ક્ષેત્રમાં ભારે ગરમાવો આવી ગયો છે.

હિંમતનગર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના હોદ્દેદારોની મુદત પુર્ણ થતા તંત્ર દ્વારા ચુંટણી પ્રક્રિયા માટેનુ જાહેરનામુ પ્રસિધ્ધ થતા હિંમતનગર તાલુકાના સહકારી રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. માર્કેટ યાર્ડના ખેડુત મત વિભાગમાં ૧૦ સભ્યો વેપારી મત વિભાગના ૪ સભ્યો અને સહકારી ખરીદ-વેચાણ મંડળીઓના મત વિભાગના બે મળી ૧૬ સભ્યો ચુંટવા માટે તા.૨૫ સપ્ટેમ્બરે ચુંટણી યોજાશે.

# થરા પાલિકાની ચૂંટણી પહેલા રાજકીય ભૂકંપ, 50 કોંગ્રેસીઓ ભાજપમાં જોડાયા

પાટણ : બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાની થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે આગામી 3 ઓક્ટોબરે મતદાન થવા જઈ રહ્યું છે, ત્યારે ચૂંટણી પહેલા મોટો રાજકીય ભૂકંપ આવ્યો છે. જેમાં કોંગ્રેસના 50થી વધુ કાર્યકર્તાઓ ભાજપમાં જોડાઈ ગયા છે. કાંકરેજની થરા નગર પાલિકાની ચૂંટણી પહેલા યોજાયેલા ભાજપના કાર્યક્રમમાં કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન તેમજ નગર પાલિકાના પૂર્વ પ્રમુખ ધીરૂભાઈ શાહ સહિત 50થી વધુ સક્રિય કોંગી કાર્યકર્તાઓ ભાજપમાં સામેલ થઈ ગયા છે. થરા નગરપાલિકાની 24માંથી 24 બેઠકો જીતવાનો સંકલ્પ કરીને કોંગ્રેસના કાર્યકર્તાઓએ પાર્ટી સાથે છેડો ફાડીને ભાજપમાં ભળી જતાં રાજકારણ ગરમાયું છે. થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે 3 ઓક્ટોબરે મતદાન થવાનું છે અને 5 ઓક્ટોબરે પરિણામ જાહેર થવાનું છે.

# ખેડબ્રહ્મામાં સુપ્રસિદ્ધ અંબિકા માતાજી મંદિરે 1200 કરતાં વધુ ધજા ચડાવાઈ

ખેડબ્રહ્મા : ખેડબ્રહ્મા ખાતે આવેલ મા જગતજનની અંબેમાના પરીસરમાં ભક્તો સતત દર્શન માટે આવી રહ્યા છે. માતાજી મંદિરમાં ૧૨૦૦ કરતા પણ વધુ ધજા ચડાવવામાં આવી છે. ૧૦ દિવસમાં ત્રણ લાખ કરતા વધુ મા ભક્તો પદયાત્રીઓએ મા ના ચરણો આગળ શીશ ઝુકાવી અંબાજી તરફ તેમના રથ અને સંઘો સાથે અંબાજી તરફ વરસતા વરસાદમાં પ્રયાણ કરી રહ્યા છે. ખેડબ્રહ્મા ખાતે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબિકા માતાજી મંદિરે છેલ્લા ૧૦ દિવસથી સતત મા ભક્તો ગુજરાતભરમાંથી ચાલતા આવી રહ્યા છે. પદયાત્રીઓને રોકાઈને બીજા દિવસે અંબાજી પ્રયાણ કરે છે. મા ભક્તો પદયાત્રીઓને શાંતિથી નીરવિઘ્ન દર્શન થાય માટે મંદિરના ટ્રસ્ટીઓ તેમજ સ્ટાફ સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

# ભિલોડામાં કમઠાડિયા પાસે મહિલા બંધક બનાવી 75 તોલાના ચાંદીના કડલાની લૂંટ

## બે શખ્સો બળજબરીથી ચાંદીના કડા પગમાંથી કાઢી ફરાર થઇ ગયા

**મોડાસા**

ભિલોડા તાલુકાના કમઠાડીયા રોડની સાઈડમાં હાથમતી નદીના પુલની બાજુમાં ૫૫ વર્ષિય મહિલા પાલો લેવા ઝાડી ઝાંખરામાં ગઈ હતી. તે દરમ્યાન મહિલાની પાછળ અજાણ્યા બે ઈસમોએ પીછો કરી મહિલાની ઓઢણીથી મોઢા અને આંખો ઉપર ઓઢણી બાંધી દઈ મહિલાના પગમાં પહેરેલા ચાંદીના કડાની લૂંટ કરાઈ હતી. અંદાજે ૭૫ તોલાના ચાંદીના કડલા કિં.રૂ.૩૬ હજારની લૂંટ કરી બે શખ્શો નાસી છુટયા હતા.

ભિલોડાના ગોવિંદનગરમાં રહેતા કમુબેન રમણભાઈ દેવીપૂજકે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત શુક્રવારે સવારના ૮ વાગ્યાના સુમારે ઘરેથી કમઠાડીયા રોડની બાજુમાં પડતર જમીનમાં બકરા માટે પાલો લેવા ગયા હતા.તે દરમ્યાન મહિલાની પાછળ બે અજાણ્યા વ્યક્તિઓ પીછો કરી મહિલાને પકડી લઈ દુપટ્ટો ખેંચી મહિલાના મોઢે અને આંખો ઉપર બાંધી દઈ મહિલાને થોડે આગળ લઈ ગયા હતા.અને પગમાં પહેરેલ ચાંદીના કડલા કાઢી લીધા હતા.અંદાજે ૭૫ તોલાના ચાંદીના કડલા કિં.રૂ.૩૬ હજારની લૂંટ કરી અજાણ્યા બે શખ્સો નાસી છુટયા હતા. આ બનાવ સંદર્ભે કમુબેન રમણભાઈ દેવીપૂજકે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.


Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820



MOTEL HELP WANTED
Motel help wanted for a motel located in Ontario around 1.5-2.0 hr drive from GTA. Accommodation will be provided. This position is suitable for either single person or Couple.
The job duties include Desk, Cleaning of rooms, Laundry, basic repair-maintenance related to work.
Management will support LMIA if required after 1 year working with company.
Interested person please send resume at
motelhelp@yahoo.com OR
Contact at 705-706-8183



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# મેઘાની બેટિંગથી સૌરાષ્ટ્રમાં બેહાલ, કરોડોનું નુકસાન

## 46 ડેમો છલકાતાં ગાંડીતૂર નદીઓનાં પાણીથી જામનગર, જૂનાગઢના અનેક ગામો સંપર્કવિહોણા થઈ ગયા

**જૂનાગઢ**

સૌરાષ્ટ્રમાં ઝંઝાવાતી વરસાદે વિરામ લીધો છે પરંતુ તારાજીના કારણે વેદનાનું વાવાઝોડું ફૂંકાઈ રહ્યું છે. છલકાયેલા ૪૬ જળાશયો અને ગાંડીતૂર નદીઓના પૂરથી ૧૨૬ માર્ગો હજૂ બંધ છે, રાજકોટ, જામનગર, જૂનાગઢ જિલ્લાના ૨૦૦થી વધુ ગામડામાં ભારે તારાજી થઈ છે, જ્યાં હજૂ કોઈ સહાય ન મળતા ગ્રામજનો માટે ઉપર આભ નીચે ધરતી જેવી સ્થિતિ છે.

રાજકોટના લોધીકા તાલુકામાં ૨૦ ઈંચ વરસાદે ભયંકર તબાહી સર્જી હતી. લોધિકડી ડેમ તુટતા કોઠા પિપળીયા, ચાંપાબેડા, નોંઘુ પિપળીયા, કાલંભડી નોંધણચોરા ગામમાં ખાનાખરાબી થઈ છે ત્યા હજુ પણ ગ્રામજનોના આંસુ લુછવા કોઈ નેતા કે અધિકારી પહોંચ્યો નથી.જૂનાગઢ જિલ્લામાં વરસાદે વિરામ લીધો છે પરંતુ હજૂ પૂરના પાણી ઓસર્યા નથી. ૪૫ ગામોમાં હજૂ પાણી ભરાયેલા છે. જિલ્લાના ૩૧ રસ્તા હજૂ બંધ છે.

દેવકા નદીના પૂરથી તારાજ વેરાવળની સોસાયટીઓમાં ભારે તારાજી જોવા મળી છે. ગડુ સુધીના માર્ગ ઉપર ઠેર-ઠેર ગાબડા પડી ગયા છે. મેંદરડા, માળિયા હાટીના, કેશોદ ગ્રામ્ય પંથકમાં ખેતરો ધોવાઈ ગયા છે. જામનગર શહેરમાં પૂરગ્રસ્ત વિસ્તારોમાં પાણી ઓસર્યા બાદ હવે ઠેર-ઠેર ગંદકીથી રોગચાળાની ભીતિ સર્જાઈ છે.





## 12 હજારથી વધુનું સ્થળાંતરઃ 5 મોત, હજારો હેક્ટરમાં પાક ધોવાયો

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં છેલ્લા બે દિવસથી ધોધમાર વરસાદ પડી રહ્યો છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં બે દિવસમાં ૨૫થી ૩૦ ઈંચ જેટલો વરસાદ પડતાં ભારે નુકશાની જવાની ભીતી છે. રાજ્યમાં ૧૨ હજારથી વધુનું સ્થળાંતર પાંચ મોત, હજારો હેક્ટરમાં પાક ધોવાયો છે. અનેક વિસ્તારોમાં હજુ પણ પાણીનો પ્રવાહ ચાલુ હોવાથી અત્યારે સર્વેની કામીગીરી શરૂ થઈ નથી પરંતુ ૨૦૦થી પણ વધુ રસ્તાઓને ધોવાઈ ગયા હોવાનો અંદાજ છે. જે પ્રમાણે માત્ર રસ્તાઓમાં જ ૨૨૦ કરોડથી વધુનું નુકશાન જવાનો અંદાજ છે, આ આંક વધશે તેવુ પણ અનુમાન થઈ રહ્યું છે. અનેક વિસ્તારો બેટમાં ફેરવાયા હોવાથી બે દિવસમાં ૧૨ હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતુ. સ્થળાંતર કરેલા લોકોને જ્યાં જ્યાં પાણી ઓછરવા લાગ્યાં છે ત્યાં પરત લાવવાની કામગીરી પણ ચાલી રહી છે. ભારે વરસાદના પગલે ખેડૂતોની હાલત ઘણી કફોડી બની છે. કારણ કે, ચોમાસુ કૃષી પાક જેવા કે, મગફળી, કપાસ સહિતનો પાક સાવ ખતમ થઈ ગયો હોવાનું સ્થાનિકોને પુછતા જાણવા મળ્યું છે. આ ઉપરાંત શાકભાજીના પાકમાં પણ ભારે નુકાશન છે. નુકશાનીનો સાચો આંક વરસાદના વિરામ બાદ સરવે દરમિયાન જ સામે આવશે. સ્થાનિકોના જણાવ્યાં પ્રમાણે, મોટા પ્રમાણમાં તબાહી મચી છે. ધોધમાર વરસાદના કારણે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની અનેક નદીઓમાં પુરની સ્થિતિ સર્જાઈ છે.

### વેળાવદરમાં વીજળી પડતાં ૧૦ પશુઓનાં મોત

સુરેન્દ્રનગર શહેરમાં મંગળવારે જાણે વરસાદે વિરામ લીધો હોય તેમ દિવસભર સૂર્યનારાયણ તપ્યા હતા. જયારે જિલ્લામાં માત્ર ચોટીલા અને ચુડામાં જ વરસાદી ઝાપટાં નોંધાયા હતા. બીજી તરફ સોમવારે રાત્રે વીજળી વેરણ બની વેળાવદર ગામમાં ત્રાટકી હતી. જેમાં ૧૦ પશુઓના મોત થયા છે.

### પૂરગ્રસ્તોને મોરારીબાપુએ રૂ. 25 લાખનું દાન કર્યું

સૌરાષ્ટ્રમાં અનેક જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઇ છે. ગઈકાલે જ નવનિયુક્ત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂરઅસરગ્રસ્તોની મુલાકાત લીધી હતી અને શક્ય તમામ મદદની ખાતરી આપી હતી. હવે પ્રસિદ્ધ કથાકાર મોરારી બાપુ પણ અસરગ્રસ્તોની મદદ માટે આગળ આવ્યા છે. મોરારી બાપુએ મુખ્યમંત્રી રાહતનિધિમાં 25 લાખ રૂપિયા અર્પણ કર્યા છે.

### 24 કલાક પછી રાજકોટના ઉદ્યોગપતિની લાશ મળ્યો

ભારે વરસાદમાં તણાયેલા રાજકોટના ઉદ્યોગપતિ અને જામનગરમાં બે લોકો સહિત ૩ના મૃતદેહ બુધવારે મળ્યા હતા. ઉપલેટા પાસે એક યુવાન તણાયા બાદ લાપત્તા છે. જામનગરને વરસાદના વિરામ છતા કોઈ કળ વળી નથી. અહીં સ્મશાનથી મંદિરો સુધી ભારે નુકસાની થઈ છે, અલિયા, સમાણા, ખીમરાણામાં ઠેર-ઠેર પાણી ભરાયેલા છે.

## મુન્દ્રા પોર્ટ પર ડીઆરઆઈની કાર્યવાહી 2500 કરોડનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો

**કચ્છ**



DRIના અધિકારીઓએ મુન્દ્રા પોર્ટ પર બે કન્ટેનરોની અંદર પ્રતિબંધિત નશીલી દવાઓ બાબતે બાતમી મળતા તેને અટકાવી દીધા હતા. જે બાદ તેની તપાસ માટે FSLની પણ મદદ લેવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું હતું કે, અફઘાનિસ્તાનથી દરિયાઈ માર્ગે આવેલા આવેલા કન્ટેનરોમાં પાવડરની આડમાં 2500 કરોડનો કોકેઈનનો મોટો જથ્થો લવાયો હતો. આ કન્ટેનરની અંદર મોટી માત્રામાં પ્રતિબંધિત ડ્રગ્સ ગુજરાતમાં ઘુસાડવાના અફઘાનિસ્તાનના ડ્રગ્સ માફિયાઓનો પ્લાન હતો. જો કે હવે તેમના આ પ્લાન પર પાણી ફરી વળ્યું છે. એક કન્ટેનરમાં તપાસ પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે અન્ય એક કન્ટેનરમાં તપાસ ચાલી રહી છે. હવે NCB આ પ્રતિબંધિત નશીલો પાવડર કોણે અફઘાનિસ્તાનમાંથી મંગાવ્યો? તેની તપાસ કરી રહ્યું છે.

## મોરબીમાં ડબલ મર્ડર : પાલિકાના પૂર્વ ઉપપ્રમુખ અને તેના પુત્રની ઘાતકી હત્યા


**મોરબી**

મોરબીના વિસીપરામાં આવેલ મદિના સોસાયટીમાં ગત રાત્રે પોતાના ઘર પાસે બેઠેલા મોરબી નગરપાલિકાના પૂર્વ ઉપપ્રમુખ ફારુખ મોટલાણી અને તના પુત્ર ઈમ્તિયાઝ પાસે અચાનક જ 5 ઈસમો છરી અને ધારિયા જેવા હથિયારો સાથે ધસી આવ્યા હતા. પિતા-પુત્ર કંઈ સમજે એ પહેલા જ 5 શખ્સો તેમના પર તૂટી પડ્યા હતા અને બંનેને મોતને ઘાટ ઉતારીને ફરાર થઈ ગયા હતા.

આ ઘટનાની જાણ થતાં એસપી, ડીવાયએસપી સહિત ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. આ મામલે મૃતકની પત્નીએ 5 આરોપીઓ રફિક જેડા, અસગર ભટ્ટી , જુસબ ભટ્ટી, આસિત સુમરા અને મોઈન દાવલીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. હાલ તો પોલીસે ફરિયાદના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મોરબી જિલ્લામાં છેલ્લા 10 દિવસમાં હત્યાના 4 જુદા-જુદા બનાવોમાં કુલ 6 લોકોની હત્યા કરવામાં આવી છે. હજુ પોલીસ આ ઘટનાના આરોપીઓનું પગેરુ મેળવી શકી નથી, ત્યાં વધુ એક બેવડી હત્યાનો બનાવ સામે આવ્યા પોલીસની કામગીરી પર સવાલ ઉઠી રહ્યાં છે. સૌરાષ્ટ્રના પેરિસ ગણાતા મોરબીમાં હત્યા જેવી ઘટનાઓનું સતત વધી રહેલું પ્રમાણે લોકો માટે ચિંતાનું કારણ બન્યું છે.

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market. Phone 647-761-1317, 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough WE ARE RE-OPENING 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-761-1317 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY CLOSED : SAT-SUN : 11.00 AM to 6.00 PM
Mississauga 2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 0A5 Great Punjab Plaza, Next to Malton Gurudwara. : Phone : 905-673-9631 647-761-1317 647-657-9631 ------: MON-FRI : ------ 9.30 AM to 8.00 PM
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ



## સૌરવ ગાંગુલીની બાયોપિકની ઘોષણા


મુંબઇ : મહેન્દ્ર સિંહ ધોની અને મોહમ્મદ અજહરુદ્દીન પછી વધુ એક ભારતીય ક્રિકેટરની બાયોપિક રૂપેરી પડદે આવવાની તૈયારીમાં છે. લવ ફિલ્મસે ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલી પણ ફિલ્મ બનાવાની ઘોષણા કરી છે. સૌરવ ગાંગુલી ભારતના સફળ કેપ્ટન રહ્યા છે. જોકે આ સૌરવ ગાંગુલીનું પાત્ર ક્યો અભિનેતા ભજવશે તે વિશે હજી કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ બાયોપિકનું નિર્માણ લવ રંજ કરવાના છે. સૌરવ ગાંગુલીએ પોતાની બાયોપિકની જાણકારી આપતા સોશિયલ મીડિયા પર ટાંક્યુ ંહતું કે, ક્રિકેટ મારું જીવન રહ્યું છે.



## કંગના રનૌત આગામી ફિલ્મમાં માતા સીતાનું પાત્ર ભજવશે

મુંબઇ : સીતા-એક અવતાર ફિલ્મમાં કંગના રનૌત મુખ્ય રોલમાં જોવા મળવાની છે. ફિલ્મના દિગ્દર્શક અલોકિક દેસાઇએ આ વાતની પુષ્ટિ સોશિયલ મીડિયા પર કંગનાની એક તસવીર શેર કરીને આપી છે. છેલ્લા થોડા સમયથી આ રોલ માટે કરીના કપૂરનું નામ ચર્ચામાં હતું. એટલું જ નહીં તેણે આ પાત્ર ભજવવા માટે રૂપિયા ૧૨ કરોડના મહેનતાણાની માંગણી કરી હતી જેના કારણે તે વધુ ચર્ચામાં હતી. જોકે હવે ફિલ્મના દિગ્દર્શકે કંગના રનૌતના નામની ઘોષણા કરતા માતા સીતાનો રોલ કોણ ભજવશે તે વાત પર પૂર્ણવિરામ આવી ગયું છે. દિગ્દર્શક અલોકિકે લખ્યું હતું કે, હું ફિલ્મ સીતાના એક અવતારમાં સીતાના રોલમાં કંગનાને રૂપેરી પડદે દર્શાવવા ઉત્સાહિત છું. અમારી આ પવિત્ર યાત્રા આપણી પૌરાણિક કથાઓને જોવાનો નજરિયો બદલાવી નાખશે તેવી મને આશા છે. ફિલ્મની નિર્માત્રી સલોની શર્માએ જણાવ્યું હતું કે, અમારી આ ફિલ્મમાં કંગનાના આવવાથી અમે ખુશ છીએ. કંગના એક વાસ્તવિક ભારતીય મહિલાની ભાવના અને સારનો પ્રતીક છે. તે નિડર અને સાહસી છે. ફિલ્મના લેખકે તો પહેલેથી જ સીતાના રોલ માટે કંગનાનો વિચાર કરી લીધો હતો.

## કોરોનાકાળમાં લોકોની વહારે આવેલા સોનુ સૂદને ત્યાં IT સરવે



બોલિવૂડ અભિનેતા અને કોરોનાકાળમાં લોકોની મદદ કરીને મસીહા પુરવાર થયેલા સોનુ સૂદના ઘર પર બુધવારે ઇન્કમટેક્સ વિભાગ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. એકાઉન્ટ બુકમાં ગોટાળાના આરોપ બાદ ઇન્કમટેક્સના અધિકારીઓ દ્વારા સોનુ સૂદના ઘર, ઓફિસ અને તેમની કંપનીઓ સાથે સંકળાયેલી કુલ છ જગ્યાઓ પર પ્રોપર્ટી વગેરે અંગે તપાસ કરવામાં આવી હતી. જો કે અધિકારીઓ દ્વારા ઘર કે ઓફિસમાંથી કોઇ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા નથી. ઇન્કમટેક્સના કાયદા, ૧૯૬૧ની કલમ ૧૩૩ એ અંતર્ગત કરવામાં આવતા સર્ચ ઓપરેશનમાં ઇન્કમટેક્સ અધિકારીઓને જે ખાતાઓમાં ગરબડની શંકા જણાય તેવા ખાતાઓ અંગે તપાસ કરવામાં આવે છે. જેમાં જો જરૂર જણાય તો અધિકારી દસ્તાવેજ જપ્ત પણ કરી શકે છે.



## રાજ કુંદ્રા સામે ૧૫૦૦ પાનાંની ચાર્જશીટ દાખલ

પોર્ન ફિલ્મો બનાવવાના કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુંદ્રા તથા અન્યો સામે કોર્ટમાં ૧૫૦૦ પાનાંની ચાર્જશીટ ફાઈલ કરી દીધી છે. અહેવાલો મુજબ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે ફેબ્રુઆરી ૨૦૨૧માં નવ લોકોની ધરપકડ કરી તેમની સામે ચાર્જશીટ ફાઈલ કરી હતી, ત્યારે તેમાં રાજ કુંદ્રા અને તેના સાથી રયાન થોર્પેના નામ નહોતા, પરંતુ તપાસ દરમિયાન તેમના નામ ખૂલતાં તેમની પણ ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈના મઢ આઈલેન્ડમાં પોર્ન ફિલ્મ બનાવવાનું આખું કૌભાંડ ચાલતું હતુ.













હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## ભારતમાં મોદી પહેલા એવા વડાપ્રધાન, જેના જન્મદિનની ઉજવણી 21 દિવસ ચાલશે

# જનમાનસમાં દબદબો જાળવવા જન્મદિનનો સહારો

પ્રાસંગિક
ધવલ શુક્લ

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ ૧૭ સપ્ટેમ્બરે છે. જેથી ભારતીય જનતા પાર્ટીએ મોદીના જન્મદિવસની ઉજવણીને દેશમાં વિવિધ કાર્યક્રમોના સથવારે 21 દિવસ સુધી ચલાવવાનો નિર્ણય કર્યો છે. જે મુજબ આખા દેશમાં પાર્ટી ત્રણ અઠવાડિયા સુધી એટલે કે, ૭ ઓક્ટોબર સુધી આયોજનો કરશે. આ દરમિયાન દેશના નાગરિકોમાં ૧૪ કરોડથી વધુ મોદીના ફોટોવાળી રાશન કિટબેગનું વિતરણ કરાશે. પાંચ કરોડથી વધુ થેન્ક્સ મોદીજીના પોસ્ટકાર્ડ મોકલવામાં આવશે. લોકોના મગજમાં ફરી મોદી સરકાર જનહિતના કામ કરી રહી છે તેવુ પ્રતિબિંબિત કરવા આવા કાર્યક્રમોનું સોશ્યલ મીડિયા પર કવરેજ કરાવાશે. આ ઉપરાંત દેશના વિવિધ વિસ્તારોમાં મોદીના નામે કોરોના વેક્સિન તથા બ્લડ ડોનેશનના કેમ્પ પણ યોજવામાં આવશે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં મેડિકલ ચેકઅપ કેમ્પ યોજીને મધ્યમ તથા ગરીબ વર્ગને રીઝવવા પ્રયાસો થશે.

ચૂંટણીમાં ભાજપને લાભ થાય તે માટે બુથ સ્તર સુધી છેક પાયાના કાર્યકરને લોકોમાં ઉજવણી કરવા આદેશ જારી કરી દેવાયા છે. મોદીના જન્મ દિનની ઉજવણી દરમિયાન મીઠાઈઓ વહેંચાશે, અને જરૂરિયાતની ચીજ-વસ્તુઓનું વિતરણ પણ જરૂરિયાતમંદોને કરાશે. મોદી દેશના એવા પહેલા વડાપ્રધાન છે જેમના જન્મ દિવસની ઉજવણી 21 દિવસ સુધી ચાલશે. દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી આગામી ફેબ્રુઆરીમાં યોજાવાની છે. જે પછી ગુજરાત, ગોવા સહિતના રાજ્યોમાં પણ ચૂંટણી યોજાશે. ભાજપ માટે યુપી અને ગુજરાત મહત્વના રાજ્ય છે. અલબત્ત, મોદીજીનો બર્થ-ડે પાર્ટી માટે એક પોલિટિકલ લ્હાવો બની જશે. રાજનીતિક સમીક્ષકોનું કહેવું છે કે, કોવિડ ૧૯ની બીજી લહેરમાં સરકારની સદંતર નિષ્ફળતા, ઓક્સિજનની અછતથી અસંખ્ય દર્દીઓના મોત, હોસ્પિટલોમાં બ્રેડની અછત, ચારેબાજુ અવ્યવસ્થા અને મોતનો માહોલ લોકો હજુ ભૂલ્યા નથી. કોરોનાની બીજી લહેર વખતે ગુજરાત અને દેશમાં જે અરાજક્તા ફેલાઈ ગઈ, તેને લોકો સરકારની નિષ્ફળતા જ માની રહ્યા છે. જેનું કારણ પણ સ્પષ્ટ છે કે, કોરોનાકાળમાં સરકારી મશીનરીઓ રીતસર નિષ્ફળ નીવડી હતી. તેની સીધી અસર મોદીની લોકપ્રિયતા પર પડી હતી. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં ઈન્ડિયા ટુ ડે - મૂડ ઓફ નેશન નામના સર્વેમાં એવા સંકેત મળ્યાં હતાં કે, નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ખુબ જ ઘટી ગઈ છે. દેશમાં કોવિડ-૧૯ને કારણે અત્યાર સુધીમાં 47 લાખ લોકોના મોત નીપજ્યા




હોવાનો બિનસત્તાવાર આંકડો છે. રાજકીય પંડિતોનું કહેવું છે કે, કોરોનામાં દેશમાં જેટલા મોત થયા છે તેનો આંકડો ઓછો બતાવવા સરકારે સતત ઉધામા કર્યા છે. જો ઈન્ડિયા ટુડેના સરવેની વાત કરીએ તો ભલે નરેન્દ્ર મોદી આજે પણ દેશના સૌથી લોકપ્રિય નેતા છે, પણ એ આંકડો એક વર્ષ પહેલાંના આંકડાથી અડધો થઈ ગયો છે. ઈન્ડિયા ટુ-ડે દ્વારા તાજેતરમાં જ થયેલા સરવેમાં ૨૪ % લોકોએ મોદી જ નેક્સ્ટ PM બનવા માટે સૌથી યોગ્ય કેન્ડિડેટ છે તેમ જણાવ્યું હતુ. પણ આ આંકડો ઓગસ્ટ, ૨૦૨૦માં ૬૬ % હતો. એટલે કે, ૬૬% લોકો એવું માનતાં હતાં કે, મોદી જ આપણાં નેક્સ્ટ PM છે. તેમાં સીધો ૪૨ %નો ઘટાડો થયો છે. સરવેમાં ૫૪ ટકા લોકોએ મોદી સરકારના પ્રદર્શનને ઉત્કૃષ્ટ ગણાવ્યું હતું. પણ આ આંકડો હજુ જાન્યુઆરી, 2021માં ૭૪ % હતો. એટલે કે કોવિડ-૧૯ની બીજી લહેર બાદ તેમાં પણ સીધો ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો છે. આ ઉપરાંત દેશની અર્થવ્યવસ્થા ડામાડોળ થઈ ગઈ છે. કિસાન આંદોલન સમગ્ર દેશમાં વેગ પકડી રહ્યું છે. જયારે દેશમાં સામાન્ય જનતાને મોંઘવારી અને પેટ્રોલ - ડિઝલની કિંમતો કનડી રહી છે. આ બધા વચ્ચે કોરોના મહામારીને હેન્ડલ કરવામાં સરકારની સરેઆમ નિષ્ફળતા ગયાનો અહેસાસ પ્રજાને થઈ ચુકેલો છે. ઈન્ડિયા ટુ ડેના સરવે પહેલાં મે, ૨૦૨૧માં પણ એક સરવે થયો હતો, જેમાં નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા ઘટી રહ્યાના સંકેતો મળ્યા હતા.

ભાજપના નેતાઓ આ બધા સરવેને ખોટા ગણાવવા મચી પડ્યા છે. ભાજપના સમર્થકોનું માનવું છે કે, પ્રધાનમંત્રીની લોકપ્રિયતા વધી છે. ભાજપ એવો દાવો કરે છે કે, કોઈપણ રાજ્યમાં સ્થાનિક ચૂંટણીઓના પરિણામો જો ઈ લો, ભાજપને તેમાં લાભ થયો જ છે. જો ભાજપ એવો દાવો કરતો હોય કે, મોદીની લોકપ્રિયતા ઘટી નથી તો પછી આટલાં મોટાપાયે ફેરફારો કેમ થઈ રહ્યાં છે. નાની નાની વાતોમાં ઉજવણીઓ કેમ થઈ રહી છે? મોદીના જન્મદિનને આટલાં મોટાપાયે ઉજવવાની શું જરૂર પડી ? એવાં પ્રશ્નો પણ પૂછાઈ રહ્યાં છે. મોદીના ૭૧મા બર્થ-ડેની ઉજવણી માટે રાષ્ટ્રીયસ્તરે યોજાનારાં આ કાર્યક્રમોમાં મોદીના વ્યક્તિત્વ અને તેમની કામ કરવાની પદ્ધતિને લઈને કેન્દ્રિય, રાજ્ય, જિલ્લા અને તાલુકા કક્ષાએ ભાજપના કાર્યાલયોમાં એક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવશે. આવાં આયોજનમાં પક્ષના વરિષ્ઠ નેતાઓની ભૂમિકા મહત્ત્વની હશે. તેઓને સોશ્યલ એન્જિનિયરિંગનું કામ સોંપવામાં આવ્યું છે. કારણ કે, દેશના મોટાભાગના મીડિયા સરકારની તરફેણ કરી રહ્યાનું ચિત્ર આમજનતામાં ઉપસી ચૂક્યું છે. જેને કારણે ભારતમાં સોશિયલ મીડિયા પર જ સરકારની નીતિઓ વિરુદ્ધ પ્રચાર થઈ રહ્યો છે. દેશના બુદ્ધિજીવીઓ અને શિક્ષિતો તથા કલાકારોમાં પણ ભાજપ પ્રત્યેનો મોહભંગ થઈ રહ્યો છે. આવા સંજોગોમાં હવે સોશિયલ મીડિયા પર પણ ભાજપ ફરી મોટાપાયે સક્રિય થવા આયોજન કરી રહ્યો છે. મોદીના જન્મદિનની ઉજવણીના કાર્યક્રમોને સોશિયલ મીડિયામાં વાયરલ કરવા વ્યવસ્થા ગોઠવાઈ છે. ટૂંકમાં કહીએ તો કોવિડ-૧૯ની બીજી લહેરમાં જે નાલેશી મળી છે તેનાં પર મલમ ચોપડવા આ આયોજનો થઈ રહ્યાં છે, તેવું ટીકાકારોનું કહેવું છે. તાજેતરમાં જ PMએ કેન્દ્રની કેબિનેટમાં મોટો ફેરબદલ કરવો પડ્યો છે. ખાસ કરીને ઉત્તરપ્રદેશ અને ગુજરાતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને આ ફેરફાર કરાયો હતો. આ ઉપરાંત વિવિધ રાજ્યપાલોને બદલીને ગુજરાત-ઉત્તરપ્રદેશનું વજન વધારાયું છે. મોદી એવું માને છે કે, તેમના બર્થ ડેનો મોકો મળ્યો છે તો તેનો ઉપયોગ કરી લેવામાં આવે. ફરી એક વખત તેઓ પોતાની લોકપ્રિયતાને સ્થાપિત કરવા માગે છે. મોદી કહે છે કે, કોઈ પ્રધાનમંત્રીની શખ્સિયતની આજુબાજુ ૨૧ દિવસ સુધી કોઈને કોઈ કાર્યક્રમો દેશમાં મનાવવામાં આવે તો જનતા પર તેનો પ્રભાવ અચૂક પડે જ. બીજી તરફ ટીકાકારો એવું પણ કહે છે કે, કોવિડ-૧૯ની બીજી લહેર પછી ખુદ નરેન્દ્ર મોદી પોતાની છબીને થયેલા નુકસાનથી હતપ્રભ છે. ઈન્ડિયા ટુ ડેનો સરવે બહાર ન આવ્યો હોત તો પણ પ્રધાનમંત્રી આ રીતે જ બર્થ-ડેની ઉજવણી મોટાપાયે કરવાના જ હતા. કારણ કે, તેઓને પણ સંકેત મળી ગયાં છે કે, દેશમાં અનેક સમસ્યા વિકટ બની ચૂકી છે. કોવિડ-૧૯ની બીજી લહેર વખતે સરકાર દ્વારા મહામારીને હેન્ડલ કરવાની પદ્ધતિને લઈને અનેક રાજ્યોમાં તેમના સમર્થકો નારાજ થયાં છે. ઉત્તર પ્રદેશમાં યોગી સરકાર વિરુદ્ધ રીતસર મોરચો મંડાયો છે. કોવિડની બીજી લહેરમાં વિશ્વમાં પણ ભારતની એવી છબી ઊભી થઈ કે, કોવિડ-૧૯થી લોકો ટપોટપ મરી રહ્યાં છે. ઠેર-ઠેર સ્મશાનોની તસવીરો જોવા મળતી હતી. ઓક્સિજનની અછતથી લોકો મરી રહ્યાંના અહેવાલો વહેતાં થયાં હતાં. સોશ્યલ મીડિયામાં અનેક વીડિયો વાયરલ થઈ રહ્યાં હતાં. દેશભરની હોસ્પિટલોમાં ICU બેડની અછત ઊભી થઈ હતી.

હવે આ બધુ લોકોના માનસપટ પરથી ભૂંસવા માટે મોદીનો બર્થ-ડે લોકોની જરૂરિયાતોને પૂરી કરીને ઉજવવાની યોજના બનાવાઈ છે.

**દેશમાં મોદી સમર્થકોની સંખ્યામાં અઢી ગણો ઘટાડો થઇ ગયો, વાસ્તવમાં કોરોનાની બીજી લહેરમાં દેશમાં સર્જાયેલી અંધાધૂંધીએ સરકારની નિષ્ફળતા અને અણઆવડતને છતી કરી દીધી, હવે ભાજપ ફરી તે ચિત્રને દૂર કરવા મથામણ કરવા માંડ્યો**

# બ્રામ્પટનમાં પથિક અને રૂચા શુકલાના ઘરે ગણેશોત્સવની ઉજવણી









ટોરોન્ટો : બ્રામ્પટનમાં પથિક અને રૂચા શુકલાના નિવાસ સ્થાને હિંદુ ધર્મના વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ગણેશચતુર્થી સાથે તેઓએ ગણેશોત્સવની ઉજવણીનો આરંભ કર્યો હતો.

કોવિડ ગાઈડલાઈનના ચૂસ્ત પાલન વચ્ચે યોજાયેલા કાર્યક્રમમાં કેનેડામાં વસતા હિંદુ સમાજના અનેક ભાવિકો વિવિધ કાર્યક્રમમાં જોડાયા હતા. ગણેશપ્રતિમાની સ્થાપ્ના બાદ દરરોજ સવાર સાંજ પૂજા અને આરતી કરવામાં આવી હતી. જયારે રવિવારે 12મી સપ્ટેમ્બરે વિસર્જન પ્રક્રિયા સંપન્ન થઈ હતી.

ત્રણ દિવસની ઉજવણી દરમિયાન ઓન્ટેરિયો સરકારના મંત્રી પ્રબમિત સરકારીયા, એમપીપી અમરજીત સંધુ, બ્રામ્પ્ટનના મેયર પેટ્રીક બ્રાઉન, બ્રામ્પ્ટન સીટી કાઉન્સિલના રિજ્યોનલ કાઉન્સિલર હરકિશન સિંઘ તથા સરમીન વિલીયમ તેમજ એમપી મનીન્દરસિંહ, રૂબી સહોટા, કન્ઝર્વેટિવ્સ પાર્ટીના ઉમેદવાર નવલ બજાજ, રમનદીપ બ્રાર, શ્રીજરમાઈન ચેમ્બર તથા પીલ પોલીસ બોર્ડના વાઈસ ચેરમેન રોન ચઢ્ઢાએ હાજર રહીને ગણપતિના દર્શનનો લહાવો લીધો હતો.

પથિક શુકલા અને રૂચા શુકલા ફ્લાવર સીટીમાં રહેતા હોય, તેમણે ફુલોની થીમ ઉપર ગણેશજીને શણગાર કર્યો હતો.

વળી, પર્યાવરણને ધ્યાનમાં રાખીને ઈકોફ્રેન્ડલી મૂર્તિની સ્થાપ્ના કરાઈ હોવાથી વિસર્જન વેળા પ્રદૂષણને અટકાવવાનો સંદેશો પણ આપવામાં આવ્યો હતો.

# ઈમીગ્રેશન સિસ્ટમમાં સરળતા વધી કેનેડાએ દરેક કેટગરી માટે દ્વાર ખોલ્યા

## ભારતથી કેનેડા વચ્ચે સીધી ફ્લાઈટ શરૂ ન થતા અન્ય દેશોમાં ફરીને જવું પડે છે

**અમદાવાદ**

કોરોનાના કારણે ઘણા લાંબા સમયથી ભારત સહિત દુનિયાભરના મોટાભાગના દેશોએ વિદેશી પ્રવાસીઓ માટે નો એન્ટ્રીનું પાટિયું લગાવી દીધું હતું. હજુ પણ ઈન્ટરનેશનલ ફ્લાઈટ સંપૂર્ણપણે શરૂ થઈ નથી. માત્ર સ્ટુડન્ટ અને પીઆર વિઝાધારકોને એન્ટ્રી આપતાં કેનેડાએ તમામ કેટેગરીના વિઝાધારકો માટે એન્ટ્રી ઓપન કરતાં કેનેડા જવા માટેનો ધસારો ખૂબ વધી ગયો છે. જે લોકોના બાળકો કે પરિવારના સભ્યો કેનેડા હતા અથવા જેમનો બિઝનેસ કેનેડામાં છે તેમણે ત્યાં જવા માટે સામાન બાંધી લીધો છે. હજી ભારતથી કેનેડાની સીધી ફ્લાઈટ ચાલુ ન થઈ હોવાથી મુસાફરોને અન્ય દેશોમાં થઈને કેનેડા જવું પડી રહ્યું છે. જો કોરોનાનું પ્રમાણ વધે નહીં તો આગામી દિવસોમાં ભારતથી કેનેડાની સીધી ફ્લાઈટ ઓપરેટ થશે તેમ ટૂર ઓપરેટરો અને વિઝા કન્સલ્ટન્ટ્સનું માનવું છે. ભારતમાંથી દર વર્ષે ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કેનેડા અભ્યાસ માટે જાય છે. મોટા પ્રમાણમાં લોકો ફરવા અને ધંધાર્થે પણ કેનેડા જતા હોય છે. દેશમાંથી ઘણા બધા લોકોએ કેનેડાના પી.આર. વિઝા પણ મેળવી લીધા છે. ભારત અને કેનેડા વચ્ચેની ફ્લાઈટ હંમેશા ફુલ જતી હતી ત્યારે જ કોરોનાની પરિસ્થિતિને કારણે દુનિયાભરના દેશોમાં ઈન્ટરનેશનલ ફ્લાઈટ અને ઈન્ટરનેશનલ મુસાફરો પર પ્રતિબંધ



મૂકી દેવાયો હતો. દોઢેક વર્ષ સુધી પ્રતિબંધ રહ્યા બાદ થોડા સમયથી કેનેડા સરકારે ભણવા માટે જતા વિદ્યાર્થીઓ અને પીઆર વિઝાધારકો માટે એન્ટ્રી શરૂ કરી હતી. ભારતથી સીધી કેનેડાની ફ્લાઈટ શરૂ કરવામાં આવી નથી જેને પગલે વિદ્યાર્થીઓને વાયા મસ્કત, તુર્કી, માલદીવ્સ અથવા બીજા દેશમાંથી થઈને કેનેડા જવું પડી રહ્યું છે. થોડા સમય પહેલા જ દુબઈમાં ભારતીયોની એન્ટ્રી શરૂ થતાં હવે કેનેડા જતાં વિદ્યાર્થીઓ વાયા દુબઈ થઈને જાય છે માટે ભાડું સસ્તુ પડી રહ્યું છે. વિઝા એડવાઈઝર પંકિલ કાંટાવાળા અને પલક પટેલના જણાવ્યા અનુસાર, સાતમી સપ્ટેમ્બરથી કેનેડાએ તમામ કેટેગરીના વિઝાધારકો માટે એન્ટ્રી શરૂ કરી છે. હવે બિઝનેસ વિઝા, ટૂરિસ્ટ વિઝા સહિતની તમામ કેટેગરીના ધારકો કેનેડા જઈ શકશે, એન્ટ્રી ખોલતાંની સાથે જ કેનેડા જવા માટે લોકોનું બુકિંગ, મેડિકલ, બાયોમેટ્રિક સહિતની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. તેથી ખૂબ જ ધસારો વધી ગયો છે. વિઝા કન્સલ્ટન્ટ અને કેરિયર એડવાઈઝરને કામ વધી ગયું છે. કેનેડાની ફ્લાઈટનું બુકિંગ પૂરજોશમાં શરૂ થયું છે. હજુ તમામ લોકોને ભારતથી અન્ય કોઈ દેશમાં કેનેડા જવું પડી રહ્યું છે. આગામી દિવસોમાં કેનેડાની સીધી ફ્લાઈટ ઓપરેટ થાય તેવી શકયતાઓ જોવા મળી રહી હોવાનું વિઝા એડવાઈઝર અને ટૂર ઓપરેટરોએ જણાવ્યું છે.

# સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની બેઠક યોજાઈ: ફિલ્મી ગીતો ગૂંજ્યા



મિસીસાગા : ગુજરાતી સીનિયર્સ સમાજ ઓફ મિસીસાગાની બેઠક રવિવારે ઝૂમ એપ ઉપર યોજવામાં આવી હતી. સૌપ્રથમ પંકજભાઈ મહેતાએ આવકાર પ્રવચન કર્યા બાદ પ્રમુખ કલાબેન પટેલ, ઉપપ્રમુખ પ્રવિણભાઈ મહેતા, સેક્રેટરી મહેન્દ્રભાઈ ગોઢિયા, રસિલાબેન ગજેરિયાએ પ્રાસંગિક સંબોધન કર્યું હતુ. સંસ્થાના પ્રમુખ કનુભાઈ તથા સવિતાબેન પટેલની 68મી એનિવર્સરીની શૂભેચ્છા આપવામાં આવી હતી. પ્રાર્થના બાદ રસીલાબેને કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી જયારે પંકજભાઈએ કાર્યક્રમના વક્તા ડો. સ્નિગ્ધાબેનનો પરિચય આપ્યો હતો. ડોકટરે પીઠ અને કમરના દુખાવા અંગે વિશદ ચર્ચા કરી હતી.

સ્લાઈડ શો થકી વિવિધ સમસ્યાના નિદાનની જાણકારી આપ્યા બાદ ડોકટરે પ્રશ્નોતરીમાં ભાગ લઈ સભ્યો દ્વારા પુછાયેલા સવાલોના જવાબ આપ્યા હતા. કાર્યક્રમ આગળ ધપતા સંસ્થાના સભ્ય દિવંગત જીતેન્દ્રભાઈ પંચોલીને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. સંસ્થાના ખજાનચી જયેશ મહેતાએ અહેવાલ રજૂ કરતા સભ્યોને પોતાની ફી જમા કરાવવા અપીલ કરી હતી. જે બાદ ચાલુ માસમાં જે સભ્યોની જન્મની તિથિ કે તારીખ હોય તેવા સભ્યોના ફોટો રસીલાબેન, મહેન્દ્રભાઈ તથા અનિલભાઈ ગોઢિયાએ રજૂ કર્યા હતા. જયારે અનસૂયાબેન મહેતા તથા અબુભાઈએ બોલીવુડના ગીતો દ્વારા સભ્યોને મનોરંજન પુરુ પાડ્યું હતુ.

# ટોરોન્ટો સ્કુલ બોર્ડ દ્વારા ફરજિયાત વેકસીન પોલીસીની જાહેરાત

## કર્મચારીઓએ વેકસીનેશન અંગેની જાણકારી આપવાની સમયમર્યાદા હવે પહેલી નવેમ્બર રહેશે

ટોરોન્ટો : ધી ટોરોન્ટો ડિસ્ટ્રીકટ સ્કુલ બોર્ડે પોતાની નવી ફરજિયાત વેકસીન પોલીસીની જાહેરાત કરી હતી. જેમાં આ પોલીસીનો અમલ કેવી રીતે થશે એની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. ૧૧ પાનાની યાદીમાં સમાવવામાં આવેલી જાણકારી મંગળવારે જાહેર કરવામાં આવી હતી. જેમાં એના અમલની તારીખ, શિસ્ત સંબંધી પગલાઓ અને નવી પોલીસીમાંથી મળનારી છૂટછાટોની જાણકારીનો સમાવેશ થાય છે. જે બધા સ્કુલબોર્ડના કર્મચારીઓને લાગુ પડશે. જેમાં દૈનિક ધોરણે જોડાયેલા અને લાંબા સમયથી કામ કરી રહેલા તમામ કર્મચારીઓનો સમાવેશ થાય છે. જેમાં શિક્ષકો, અન્ય કર્મચારીઓ, સ્કુલ બોર્ડના ટ્રસ્ટીઓ અને સ્ટુડન્ટસ ટ્રાન્સપોર્ટેશન સાથે સંકળાયેલા ડ્રાઈવરોનો સમાવેશ છે. પોલીસી મુજબ આ તમામે પોતાની વેકસીનેશન અંગેની જાણકારી સાતમી સપ્ટેમ્બર સુધીમાં આપવાની હતી. તે હવે પહેલી નવેમ્બર સુધીમાં આપવાની રહેશે.

જેમાં કોવિડ -૧૯ની વેકસીનના બંને ડોઝ લીધા છે કે નહીં એ જણાવવાનું રહેશે. બોર્ડના જણાવ્યા મુજબ અંદાજે ૯૪ ટકા લોકોએ સરવેમાં જવાબો આપ્યા હતા. એ



પૈકી ૮૩ ટકાએ પોતે પૂર્ણતયા વેકસીનેટેડ હોવાનું જણાવ્યું હતું. નવી પોલીસી મુજબ નવેમ્બર સુધીમાં જેઓ પુરી રીતે વેકસીનેટેડ નથી, તેમણે કોવિડ-૧૯ના ટેસ્ટ કરાવી નેગેટીવ રિપોર્ટ સાથે કામના સ્થળે આવવું પડશે. ટેસ્ટ માટે તેમણે કોઈ ખર્ચ ઉઠાવવાનો રહેશે નહીં. જે કર્મચારીઓ વેકસીનેટેડ નથી અથવા એ અંગેની જાણકારી આપી નથી તેમણે ટીડીએસબી તરફથી આપવામાં આવેલા ફરજિયાત શિક્ષણના પ્રોગ્રામ મેળવી ઓનલાઈન શિક્ષણ આપવાનું રહેશે. જે તેમને શિક્ષણ મંત્રાલય તરફથી આપવામાં આવશે. એવા કર્મચારીઓએ પણ નવેમ્બરની પહેલી તારીખ સુધીમાં વેકસીનના બંને ડોઝ લેવા ફરીજયાત રહેશે. આ પોલીસી તેમને પણ લાગુ પડશે જેઓ વારંવાર બોર્ડના કાર્યાલયલમાં જતા હોય. જેમાં વિદ્યાર્થીઓ, એપ્રેન્ટીસશીપમાં ભાગ લેનારા, સ્વયંસેવકો, પરમિટ ધારકો અને કોન્ટ્રાકટર્સનો સમાવેશ થાય છે. એવા લોકો જેમણે તબીબી કારણોસર વેકસીન નહીં લીધી હોય, તેમણે માન્ય પુરાવાઓ રજુ કરવા પડશે. એ માટે તાત્કાલિક જાણ કરવી પડશે જ. એમાં ચૂક થશે તો શિસ્તભંગના પગલા લેવામાં આવશે.

# પિતૃઓનું ઋણ ચૂકવવાનો સમય એટલે શ્રાદ્ધપક્ષ

આ સંસારમાં આપણા ઉપર જો કોઈનું સૌથી વધારે ઋણ હોય તો તે છે આપણાં માતા-પિતા અને પૂર્વજોનું ઋણ. આપણાં માતા-પિતા જ આપણા માટે સંપૂર્ણ બ્રહ્માંડ છે. શ્રી ગણેશજીએ પોતાનાં માતા-પિતાને વચ્ચે બેસાડીને ચાર વાર પ્રદક્ષિણા કરીને એ વાતને સિદ્ધ કરી છે કે માતા-પિતા જ આપણું સમગ્ર બ્રહ્માંડ છે. આજના સમયમાં પણ લોકો પોતાનાં માતા-પિતા ને પૂર્વજોને પૂજે છે. ભારતીય સંસ્કૃતિમાં પૂર્વજો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની પરંપરા પણ છે. શ્રદ્ધાપૂર્વક પિતૃઓની તૃપ્તિ માટે કરવામાં આવતા કર્મને શ્રાદ્ધ કહેવામાં આવે છે અને આ શ્રાદ્ધકર્મ કરવા માટે સૌથી વધારે ઉત્તમ સમય પિતૃપક્ષને માનવામાં આવે છે.

### શાસ્ત્રોમાં પિતૃપક્ષનો મહિમા

એવી માન્યતા છે કે શ્રાદ્ધપક્ષ દરમિયાન યમરાજ બધા જ પિતૃઓને મુક્ત કરે છે, જેથી તેઓ પોતાનાં સંતાન દ્વારા શ્રાદ્ધ નિમિત્તે ભોજન કરી શકે. ગરુડપુરાણ અનુસાર શ્રાદ્ધકર્મ કરવાથી સંતુષ્ટ થઈને પિતૃઓ મનુષ્યો માટે આયુષ્ય, પુત્ર, યશ, મોક્ષ, સ્વર્ગ, કીર્તિ, પુષ્ટિ, બળ, વૈભવ, પશુધન, સુખ તથા ધન-ધાન્યમાં વૃદ્ધિ થવાની આશિષ આપે છે. યમસ્મૃતિમાં લખ્યું છે કે પિતા, દાદા, પરદાદા ત્રણે શ્રાદ્ધની એવી આશા રાખે છે, જે રીતે વૃક્ષ પર રહેતાં પક્ષી વૃક્ષો પર ઊગનારાં ફળની રાખે છે. બ્રાહ્મણને પૃથ્વી પરના ભૂદેવ કહેવામાં આવ્યા છે. તેમનો જઠરાગ્નિ પિતૃઓ સુધી પહોંચાડવાનું કાર્ય કરે છે. પિતૃ જે યોનિમાં હોય તે રૂપમાં તેમને અન્ન મળી જાય છે, તેથી જ બ્રાહ્મણને ભોજન કરાવ્યા પછી દક્ષિણા આપીને સંતુષ્ટ કરવાનું વિધાન છે. પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધ અવશ્ય કરવું જોઈએ.



### પિતૃઓ કેવી રીતે તૃપ્ત થાય?

તીર્થસ્થળે તર્પણ, સપિંડ શ્રાદ્ધ તથા પિતૃદોષ હોય તો નારાયણ-નાગબલિ કર્મ દ્વારા સપિંડ શ્રાદ્ધ તથા તેના નિમિત્તે બ્રાહ્મણ ભોજન, કન્યાને ભોજન અને વસ્તુનું દાન કરવાથી પિતૃઓ પ્રસન્ન અને તૃપ્ત થાય છે. કાગડાને બીજા પક્ષીઓ જેટલું મહત્ત્વ આપવામાં આવતું નથી, પરંતુ શ્રાદ્ધપક્ષમાં બનાવેલી ખીર-પૂરી સૌથી પહેલાં તેમને જ આપવામાં આવે છે, જેને કાગવાસ પણ કહે છે, કારણ કે કાગડા અને પીપળાના વૃક્ષને પિતૃઓનું પ્રતીક માનવામાં આવે છે.

### શ્રાદ્ધકર્તા માટે આટલું વર્જિત

**નિષિદ્ધ પદાર્થ :** તેલની માલિશ, પાન તથા કોઈ પણ જાતની ઔષધીનું સેવન તથા અન્યનું અન્ન.

**નિષિદ્ધ ધાતુ :** શ્રાદ્ધમાં તાંબાના પાત્રનું વિશેષ મહત્ત્વ છે, તેથી રસોઈ બનાવવાથી લઈને ભોજન કરવા સુધીનાં બધાં જ પાત્રો તાંબાનાં રાખવાં. અન્ય ધાતુનો ઉપયોગ કરવો નહીં.

**નિષિદ્ધ પુષ્પ :** બીલીપત્ર, કદંબ તથા અન્ય લાલ રંગનાં અને તીવ્ર ગંધવાળાં ફૂલોનો શ્રાદ્ધકાર્યમાં ઉપયોગ કરવો નહીં. તમે ઈચ્છો તો સુગંધિત સફેદ રંગનાં ફૂલોનો ઉપયોગ કરી શકો છો.

નિષિદ્ધ અન્ન : ચણા, મસૂર, કાળું જીરું, સંચળ, અડદ, રાઈ તથા સરસિયાના તેલનો ભોજનમાં ઉપયોગ કરવો નહીં.

### શ્રાદ્ધ કેવી રીતે કરશો?

પવિત્ર તીર્થ પર જઈને પિતૃની તિથિએ વિદ્વાન બ્રાહ્મણ દ્વારા કર્મકાંડ કરીને સૌથી પહેલાં તીર્થના દેવતા, સમસ્ત ઋષિ-મુનિઓ, પિતૃઓ નિમિત્તે શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ કરો. ખીર-પૂરી બનાવીને કાગવાસ જરૂર નાખવો. પરિવારે સાથે બેસીને ખીર-પૂરીનું ભોજન કરવું અને પૂર્વજોની તસવીર સમક્ષ હાથ જોડી પ્રાર્થના કરવી.

### શ્રાદ્ધના પ્રકાર

**નિત્ય શ્રાદ્ધ :** દરરોજ શ્રદ્ધા તથા વિશ્વાસપૂર્વક કરાતાં દેવપૂજન, માતા-પિતા અને ગુરુજનોનાં પૂજનને નિત્ય શ્રાદ્ધ કહેવામાં આવે છે.

**કામ્ય શ્રાદ્ધ :** કોઈ કામનાની પૂર્તિ માટે કરવામાં આવતું શ્રાદ્ધ.

**વૃદ્ધ શ્રાદ્ધ :** વિવાહ કે અન્ય પ્રસંગે ઘરના વડીલો કે પૂર્વજોના આશીર્વાદ મેળવવા માટે કરવામાં આવતું શ્રાદ્ધ.

**સપિંડ શ્રાદ્ધ :** સન્માનની ઇચ્છાથી કરવામાં આવતું શ્રાદ્ધ.

**ગૌષ્ઠ શ્રાદ્ધ :** ગૌશાળામાં ગાયની સેવા સ્વરૂપે કરવામાં આવતું શ્રાદ્ધ.

**કર્માંગ શ્રાદ્ધ :** ભાવિ સંતતિ માટે કરવામાં આવતાં ગર્ભાધાન, સોમયાગ, સીમંતોન્નયન વગેરે સંસ્કાર.

**દૈવિક શ્રાદ્ધ :** દેવતાઓને પ્રસન્ન કરવા માટે કરાતું શ્રાદ્ધ.

**શુદ્ધિ શ્રાદ્ધ :** કોઈ પાપકર્મના પ્રાયશ્ચિત સ્વરૂપે કરવામાં આવતું શ્રાદ્ધ.

**તૃષ્ટિ શ્રાદ્ધ :** યાત્રાએ જઈ રહેલા સંબંધીની કુશળતાની કામનાથી કરવામાં આવનારું દાન-પુણ્ય.

**પર્વ શ્રાદ્ધ :** અમાસ વગેરે પર્વો પર મંત્રપૂર્વક કરવામાં આવતું શ્રાદ્ધ.

# વાળમાં હેર કલર લાંબા સમય સુધી ટકાવી રાખવા માટે આપનાવો ટિપ્સ

કલર કર્યાં બાદ કલર ફેડ થઈ જવાની ફરિયાદ મોટાભાગના લોકોને સતાવતી હોય છે. દર પંદર દિવસે પાર્લરમાં જઈને ટચઅપ કરવાની જરૂરિયાત ઊભી થાય છે. પાર્લરમાં જઈને પૈસા ખર્ચવા અને વારંવાર વાળમાં કલર કરવાની ઝંઝટમાંથી છુટકારો મેળવી શકાય છે. હેર કલર લાંબા સમય સુધી વાળમાં રહે એવી ટિપ્સની વાત કરીએ. સામાન્ય રીતે હેર કલર કર્યાં બાદ તરત શેમ્પૂ કરવામાં આવે છે. એનાથી હેર કલર વાળમાં લોક થતો નથી. હેર કલર કર્યા બાદ ૭૨ કલાક સુધી એટલે કે ૩ દિવસ સુધી વાળમાં શેમ્પૂ ન કરવું જોઈએ. એનાથી હેર ક્યુટિકલને કલરને લોક કરવાનો સંપૂર્ણ સમય મળી જશે. જેનાથી કલર વાળમાં લાંબા સમય સુધી ટકશે. જો એક કે બે દિવસમાં શેમ્પૂ ન કરવાથી તમારા વાળ ઓઈલી થઈ જતા હોય તો વાળનાં મૂળમાં ડ્રાય શેમ્પૂનો ઉપયોગ કરો.



**શેમ્પૂની પસંદગી :** વાળમાં કલર લગાવ્યા પછી નોર્મલ શેમ્પૂનો ઉપયોગ કરવાને બદલે કર્લ્ડ શેમ્પૂનો ઉપયોગ કરો. હેર કલર માટે વિવિધ કંપનીનાં કલર શેમ્પૂ બજારમાં ઉપલબ્ધ છે. એક સ્ટેપ આગળ વધીને કલર કરેલા વાળને ધોવા માટે ફિલ્ટર્ડ પાણીનો ઉપયોગ કરવો જોઈએ. એનાથી પાણીમાં રહેલું ક્લોરીન અને કેમિકલ્સ વાળ સુધી પહોંચશે નહીં. પરિણામે વાળમાં કરેલો કલર લાંબા સમય સુધી જેમ નો તેમ રહેશે. સૌથી અગત્યની વાત ગરમ પાણીથી વાળ ધોવાનું ટાળો. એનાથી વાળનો કલર અને મોઈશ્ચર્સ બંને નાશ પામે છે.

**શેમ્પૂ કરતાં પહેલાં કન્ડિશનરનો ઉપયોગ :** સામાન્ય રીતે આપણે શેમ્પૂ કર્યા પછી કન્ડિશનરનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ કલર કરેલા વાળમાં કલર લોક રાખવા માટે એનું ઊલટું કરો. એટલે કે પહેલાં વાળમાં કન્ડિશનર લગાવો, પછી તેને પાણીથી ધૂઓ. પાણીથી વાળ ધોવાઈ જાય એટલે વાળમાં શેમ્પૂ કરી લો. આમ કરવાથી તમે તમારા વાળમાં પ્રોટેક્ટિવ લેયર બનાવી લેશો અને વાળ પર લગાવવામાં આવેલો કલર લાંબા સમય સુધી ટકશે.

**સૂર્ય કિરણોથી વાળને બચાવો :** જ્યારે તમે ઘરની બહાર નીકળો ત્યારે સૂરજનાં હાનિકારક કિરણોથી બચવા માટે હંમેશાં સ્કાર્ફ અથવા હેટનો ઉપયોગ કરો. આમ કરવાથી વાળનો કલર ફેડ થતાં બચી જશે. આ ઉપરાંત હેર સ્ટાઇલ કરતી વખતે વધુ પડતાં હીટિંગ મટીરિયલનો ઉપયોગ કરવાનું ટાળો. સ્વીમિંગ પુલમાં જતાં પહેલાં વાળમાં તેલ લગાવવાનું ન ભૂલશો.

**કવયિત્રી : હિના મોદી**

**શીર્ષક : માણસ ઊર્ફે રણ**

પોતાનાં જ ઘરની અગાશીમાં
વડી, વેફર્સ સૂકવતી સ્ત્રીઓની આંખોમાં
ઇચ્છાઓ સૂકાતી મેં જોઈ છે.
રોકેટ ગતિએ દોડતાં યુગમાં
જીવતા નથી, જંપતા નથી, ઝંખતા નથી.
એવાં બળબળતાં પુરુષો મેં જોયા છે.
પરોઢિયે ખાલી બરણીમાં
પરિવાર માટે દૂધ લેવા જતી ડોશીના જીવતરનાં ખાલીપા
મેં જોયાં છે.
અધધધ માર્કસવાળી માર્કશીટમાં બાળકનાં
શમણાંઓનું કોરુંધાકોર આકાશ મેં જોયું છે.
આંગણામાં રમતાં ભૂલકાંઓને જીવન માપતાં મેં જોયા છે.
તેથી જ -
મારી માન્યતા બળવત્તર બનતી જાય છે -
માણસ ઊર્ફે રણ.

# ફોર્ટિનેટના VPN એકાઉન્ટ હેક થયા




ફોર્ટિનેટ જે એક નેટવર્ક સિક્યુરિટી સોલ્યુશન પ્રોવાઇડર કંપની છે તેના ફોર્ટિગેટ SSL-VPN ડિવાઈસ સાથે સંકળાયેલા 87,000 થી વધુ એકાઉન્ટને હાની પહોંચી છે. હેકર્સ દ્વારા અનધિકૃત રીતે VPN માં એક્સેસ મેળવીને લોગીન આઈ.ડી. અને પાસવર્ડ ને નુકશાન પહોંચાડવામાં આવ્યું. કંપની જણાવે છે કે આ હેક એવી સીસ્ટમ માંથી થયું છે જેમાં સિક્યુરિટી બગ (ખામી) હતો અને તેને પેચ (સુધારો) કરવામાં આવી ન હતી.

જુલાઈ 2021 માં લોન્ચ થયેલા રશિયન ભાષી ફોરમ RAMP પર ફોર્ટિનેટ VPN એકાઉન્ટની યાદી લીક કરવામાં આવી. તેમજ આ હેકર ગ્રુપ દ્વારા આ ફોરમ પર ગ્રુવ રેન્સમવેર ડેટા લીકની માહિતી પણ જોવા મળી. એડવાન્સ ઇન્ટેલ જણાવે છે કે ભારત, તાઈવાન, ઇટાલી, ફ્રાન્સ અને ઇઝરાયેલ સહિત 74 દેશોમાં ફેલાયેલી ટોચની કંપનીઓના ડેટા બ્રીચ (ચોરી) માં આ હેકર ગ્રુપનો જ હાથ છે જેને 22,500 થી વધુ હેક કર્યા છે જેમાં 2,900 થી વધુ હેક USA ના છે.

ફોર્ટિનેટ ડિવાઈસની FortiOS SSL VPN ના વેબ પોર્ટલ પર પાથ ટ્રાવર્સલ બગ હતો. જેના કારણે હેકર્સ અનધિકૃત એક્સેસ મેળવીને ફાઈલ વાંચી શકે છે. જે ફાઈલમાં સાદા ટેક્સ્ટમાં યુઝરનેમ અને પાસવર્ડ હતા. આ બગ સૌ પ્રથમ મે 2019 માં મળ્યો હતો અને તેને સુધારવામાં પણ આવ્યો હતો પરતું અન્ય સિક્યુરિટીની ખામી અને મેલીસીયસ પે-લોડને કારણે આ બગ સક્રિય થયો જેથી હેકર્સ સીસ્ટમ પર એટેક કરી શક્યા.

ફોર્ટિનેટ કંપની એ આ બગ સંબંધિત પેચ બનાવી દીધો છે અને પોતાના ગ્રાહકોને ડિવાઈસ અપડેટ કરવાની સુચના આપી છે. કંપનીએ FortiOS 6.0.11 અથવા 6.2.8 અને તેથી ઉપર અપગ્રેડ કરવાની સલાહ આપી છે. વધુમાં પાસવર્ડ રીસેટ કરવાની સુચના આપી છે. કંપની જણાવે છે કે જો તમારું એકાઉન્ટ એક વાર હેક થયું હોય તો અપગ્રેડ પછી પણ તમારું એકાઉન્ટ સંવેદનશીલ રહી શકે છે.

@beinghumanmj

# ગુજરાતમાં વરસાદની ઘટ 20% પુરાઈ

## 206 જળાશયમાં 72% જળસંગ્રહ : 65 જળાશય હાઈએલર્ટ પર

**અમદાવાદ**

ગુજરાતમાં મેઘરાજાએ 'દેર આએ પર દુરસ્ત આએ' જેમ છેલ્લા ૧૦ દિવસમાં ધમાકેદાર બેટિંગ કરતાં વરસાદની ઘટમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. બરાબર ૧૦ દિવસ અગાઉ ૫ સપ્ટેમ્બરના ગુજરાતમાં વરસાદની ઘટ ૪૨% હતી. ગુજરાતમાં વરસાદની ઘટ હવે માત્ર ૨૨% છે. આમ, ૧૦ દિવસમાં વરસાદની ઘટમાં ૨૦%નો ઘટાડો નોંધાયો છે. રાજ્યમાં હજુ સુધી ૨૨.૮૯ ઈંચ સાથે મોસમનો સરેરાશ ૬૯.૨૪% વરસાદ નોંધાયો છે.

ગુજરાતમાં ઓગસ્ટ માસમાં માત્ર ૨.૫૭ ઈંચ વરસાદ નોંધાયો હતો જેની સરખામણીએ સપ્ટેમ્બરમાં ૮.૬૨ ઈંચ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. ચોમાસાની વર્તમાન સિઝનમાં સૌથી વધુ વરસાદ સપ્ટેમ્બરમાં નોંધાયો છે. રાજ્યમાં જિલ્લા પ્રમાણે જોવામાં આવે તો હજુ સુધી વરસાદમાં સૌથી વધુ ૭૫.૫૧ ઈંચ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. રાજ્યમાં ૫ ઈંચથી ઓછો વરસાદ હોય તેવા એકપણ તાલુકા નથી. જ્યારે ૨૯ તાલુકા એવા છે જ્યાં ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

વેધર વોચ ગ્રૂપ મંગળવારે ગાંધીનગર ખાતે બેઠક મળી હતી. ૧૭-૧૮ સપ્ટેમ્બરના ઉતર ગુજરાતના જિલ્લાઓ પૈકી બનાસકાંઠા, પાટણ, મહેસાણામાં તથા મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકામાં અતિભારે વરસાદની સંભાવના રહેલી છે. કૃષિ વિભાગ દ્વારા જણાવેલ છે કે, ચાલુ વર્ષે અંદાજીત ૮૨.૮૩ લાખ હેક્ટર ખરીફ પાકોનું વાવેતર તા.૧૩ સપ્ટેમ્બર સુધીમાં થયું છે. ગત વર્ષે સમાન સમયગાળા દરમ્યાન ૮૫.૧૨ લાખ હેક્ટર વાવેતર થયેલ હતું. આ વર્ષે છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ વાવેતર વિસ્તારની સામે ૯૬.૮૨% વાવેતર થયેલ છે.

# પાકે. ફરી જૂનાગઢની આઝાદીનો રાગ આલાપ્યો, નવાબે ઇમરાનને કરી અપીલ

**નવીદિલ્હી**

પંજાબ-કાશ્મીરમાં અલગાવવાદને ઉશ્કેર્યા બાદ પાકિસ્તાનની બદનામ એજન્સી આઈએસઆઈને ગુજરાતના જૂનાગઢનો રાગ આલાપ્યો છે. આઈએસઆઈના પિઠ્ઠુ અને જૂનાગઢના કથિત નવાબ મોહમ્મદ જહાંગીર ખાંઝીએ પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાનને અપીલ કરી છે કે, તે કાશ્મીર માફક જૂનાગઢના 'દૂત' બને. નવાબે કહ્યું છે કે, ઈમરાન ખાન તમામ આંતરરાષ્ટ્રીય મંચો પર ભારતના કબજાથી જૂનાગઢની કથિત આઝાદીનો મુદ્દો ઉઠાવે.

નવાબ મોહમ્મદ જહાંગીરે એક નિવેદન જાહેર કરી કહ્યું કે, ભારત અને પાકિસ્તાને આ મુદ્દે ચર્ચા કરવી જોઈએ અને વાતચીત દરમિયાન તેનું નિરાકરણ નીકાળવું જોઈએ. તેમણે કહ્યું કે, પાકિસ્તાન સરકારને જૂનાગઢનો મુદ્દો એટલી જ સક્રિયતા સાથે ઉઠાવવો જોઈએ જેટલો તેઓ કાશ્મીરનો ઉઠાવી રહ્યા છે. નવાબે કહ્યું કે,'જૂનાગઢ પાકિસ્તાન છે', આ જૂનાગઢ રાજ્યનું ના માત્ર સૂત્ર છે પરંતુ સપનું છે. જે અમારા પૂર્વજ મોહમ્મદ અલી જિન્ના અને જૂનાગઢના નવાબ રહેલા નવાબ મહાબત ખાને જોયુ હતું. તેમણે કહ્યું કે, હવે સમય આવી ગયો છે કે, પાકિસ્તાન ભારતના જૂનાગઢ પર કથિત કબજા વિશે ગંભીરતાપૂર્વક અવાજ ઉઠાવે.

# કાંકરિયા રાઈડ દુર્ઘટનાના માલિકને જ વસ્ત્રાપુરના કોન્ટ્રાકટ માટે દરખાસ્ત

**અમદાવાદ**

ત્રણ વર્ષ અગાઉ શહેરના કાંકરીયા લેકફ્રન્ટમાં રાઈડ તુટી પડતા એ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા.ઉપરાંત પંદર લોકોને ઈજા થઈ હતી. આ દુર્ઘટનાનેભૂલી જઈ સત્તાધીશો આ જ કંપનીના માલિક દ્વારા વસ્ત્રાપુર લેક ખાતે ચાલતા એમ્યુઝમેન્ટ પાર્કમાં તેમને મુદત વધારી આપવાની સાથે ટિકીટના દરોમાં વધારો કરી આપવાની મંજુરી માંગતી રીક્રીએશન કમિટી સમક્ષ મંજુરી માંગતી દરખાસ્ત બુધવારે મળનારી કમિટીની બેઠકમાં મંજુર કરશે એમ મનાઈ રહ્યુ છે. સુપર સ્ટાર એમ્યુઝમેન્ટ પાર્કના માલિક અને સંચાલક ભાજપના જ પૂર્વ કોર્પોરેટર મહેન્દ્ર પટેલના ભાઈ થતા હોવાના કારણે રાજકીય દબાણ હેઠળ દરખાસ્ત મંજુર કરાશે.

૧૪ જુલાઈ-૨૦૧૯ની સાંજે કાંકરીયા લેકફ્રન્ટ ખાતે સુપર સ્ટાર એમ્યુઝમેન્ટ પાર્કની રાઈડ તુટી પડતા ત્રણ લોકોના મોત થતા અમદાવાદ સહીત રાજયભરમાં ઘટનાને લઈ ભારે હોબાળો મચી ગયો હતો.એના માલિક ઘન્શ્યામ.કાનજીભાઈ.પટેલ.ની પોલીસે ધરપકડ કરી હતી. ઘન્શ્યામ પટેલના ભાઈ તાજેતરમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં હારી ગયા છે. એ પૂર્વ કોર્પોરેટર છે.

# વડોસણમાં જૂથ અથડામણ, કોંગ્રેસ નેતા સહિત 12 સામે ફરિયાદ

**મહેસાણા**

વડોસણમાં તારનું ફેન્સિંગ કરવા મામલે જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અંબાલાલ ઠાકોર અને કોંગ્રેસના નેતા અમૃતજી ઉર્ફે ભોપાજી ઠાકોરના જૂથો વચ્ચે ધારિયા અને લાકડી જેવા હથિયારોથી હિંસક અથડામણ થઈ હતી.

આ જૂથ અથડામણમાં 5 લોકો ઈજાગ્રસ્ત થતાં તેઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ આ મામલે બન્ને જૂથના મળીને કુલ 12 લોકો સામે મહેસાણા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

# પ્રશ્ન નહીં ઉકેલાતાં 10 લાખ સરકારી કર્મચારીની આંદોલન છેડવાની ચીમકી

**અમદાવાદ**

ગુજરાતના સરકારી કર્મચારીઓએ સરકારને તા.2જી ઓક્ટોબર સુધી પડતર પ્રશ્નો ઉકેલવા અલ્ટીમેટમ આપ્યુ છે. જો પ્રશ્નો નહિ ઉકેલાય તો દસ લાખ સરકારી કર્મચારીઓએ આંદોલન કરવા ચિમકી ઉચ્ચારી છે. પાટનગર ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતીની બેઠક મળી હતી જેમાં એવી ચર્ચા કરવામાં આવી હતીકે, કેન્દ્રના ધોરણે ગુજરાતના સરકારી કર્મચારીઓને પગારપંચનો લાભ આપવા સરકારે સૈધ્ધાંતિક નિર્ણય કર્યો છે તેમ છતાંય સરકાર તેનો અમલ કરવા તૈયાર નથી. ભથ્થાં ઉપરાંત મેડિકલ પોલીસીનો પ્રશ્ન ઉકેલાતો નથી.

ફિક્સ પગાર પ્રથા બંધ કરવી કેમકે, આ પ્રથાથી કર્મચારીઓનુ શોષણ કરવામાં આવી રહ્યુ છે. વયનિવૃતિ 58 વર્ષથી વધારીને 60 વર્ષ કરવી, 50 વર્ષ બાદ ખાતાકીય પરિક્ષા, સીસીસી સહિતની અન્ય પરિક્ષામાંથી મુક્તિ આપવી, કરાર આધારિત કર્મચારીઓને કાયમી કરવા, આ તમામ પડતર પ્રશ્નો ઉકેલાયો નથી. આ બેઠકમાં ધ ઓફિસર્સ ફેડરેશન, રાજ્ય કર્મચારી મહામંડળ, રાજ્ય શૈક્ષણિક મહાસંઘ, રેવન્યુ કર્મચારી મંડળ, ન્યાયલય કર્મચારી મહામંડળ, પેન્શનર સંકલન સમિતી, વર્ગ-4 કર્મચારી મંડળ, નગરપાલિકા કર્મચારી મહામંડળ સહિતના મંડળના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# અમદાવાદમાં પીએસઆઈના ત્રાસથી સ્યુસાઈટ નોટ લખી યુવાનનો આપઘાત

**અમદાવાદ**

ગીતા મંદિર વિસ્તારમાં રહેતા પ્રેમજીભાઈ રેવર એ બુધવારે સાંજે આત્મહત્યા કરી લેતા પરિવારજનો અને સમાજના લોકો દુ:ખમાં સરી પડ્યા છે. પોલીસે તપાસ કરતા તેમની પાસેથી એક સ્યુસાઇડ નોટ પણ મળી આવી છે. જેમાં બિગ બજાર ચોંકીના પીએસઆઈ ગોહિલ અને તેમની દુકાનના પડોશી જયેન્દ્ર કોષ્ટિ નામના વ્યક્તિ પ્રેમજીભાઈ રેવરને વારંવાર માનસિક ત્રાસ આપતા હોવાનો ઉલ્લેખ કર્યો છે. સ્યુસાઇડ નોટમાં લખ્યું છે કે, અમારી સાથે ખૂબ જ અન્યાય થયેલ છે. અમારી દુકાનની પાછળ જયેન્દ્ર કોષ્ટિ અને બિગ બજારના ગોહિલ સાહેબ બન્ને મળીને અમારી ઉપર ખોટા કેસ કરીને ખોટી એફઆઈઆર કરીને અમને દબાણ કરે છે અને પીએસઆઈ ગોહિલ સાહેબ અમારું કંઈ સાંભળતા નથી. પીએસઆઈ ગોહિલને કોઈપણ રજૂઆત કરીએ તો ઉલ્ટાનું અમોને દબાણ કરે છે અને કહે છે કે તમે વધારે પડતું બોલશો તો તમને જેલમાં પૂરી દઈશ. આવી રીતે ટોર્ચર કરે છે અને માનસિક હેરાન કરે છે. જયેન્દ્રના મકાન પાછળ પાકુ સ્લેબ ધાબુ ભરાવી રાખેલ છે. અમોએ કહ્યું છતાં અમારું કાઈપણ સભળેલ નથી.

# ગાંધીનગર મનપાની ચૂંટણીમાં દરેકને લડવાની મંજૂરી આપો

**ગાંધીનગર**

મહાનગરપાલિકાની ચુંટણી સંદર્ભે આમ આદમી પાર્ટીએ બુધવારે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી છે. સુનાવણી બાદ, હાઈકોર્ટે રાજ્ય સરકાર અને રાજ્ય ચુંટણી પંચને નોટિસ પાઠવી છે. કેસની વધુ સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાશે. અરજદારના વકીલની માગ હતી કે, ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં જેમને પણ ચુંટણી લડવી છે, તેને લડવા દેવાની મંજૂરી આપો, ૦૬ સપ્ટેમ્બરે જાહેર કરાયેલા ચુંટણી કાર્યક્રમના અમલ પર રોક લગાવો.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદમાં રોગચાળો વકર્યો: ડેન્ગ્યૂના 179, ટાઇફોઇડના 115, ચિકનગુનિયાના 91 કેસ નોંધાયા

અમદાવાદમાં સપ્ટેમ્બર મહિનામાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો વકરી રહ્યો છે. તા. ૧૩ સપ્ટેમ્બર સુધીમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો વકર્યો છે. શહેરમાં તા. ૧૩ સપ્ટેમ્બર સુધીમાં ઝાડા-ઉલટીના ૯૮, કમળાના ૭૩ અને ટાઈફોઈડના ૧૧૫ કેસ નોંધાયા છે. જ્યારે સાદા મેલેરિયાના ૮૭, ઝેરી મેલેરિયાના ૦૯, ડેન્ગ્યૂના ૧૭૯ અને ચીકનગુનિયાના ૯૧ કેસ નોંધાયા છે. ગત વર્ષે સપ્ટેમ્બર સુધીમાં નોંધાયેલા ડેન્ગ્યુના કેસ ૪૩૨ની સરખામણીએ બમણા વધીને ૮૭૫ અને ચીકનગુનિયાના કેસ ૧૯૬થી અઢી ગણા વધીને ૫૦૦ થયા છે. જ્યારે ગત વર્ષે સપ્ટેમ્બર સુધીમાં ઝાડા-ઉલટીના ૧,૭૫૦ કેસની સરખામણીએ દોઢ ગણા વધીને ૨,૪૧૨, કમળાના કેસ ૫૪૦ની તુલનાએ દોઢ ગણા વધીને ૮૬૬, ટાઈફોઈડના કેસ ૯૬૫ની તુલનાએ દોઢ ગણા વધીને ૧,૩૬૮ થયા છે.

### પેથાપુર નગરપાલિકાના પૂર્વ પ્રમુખના ભાજપને રામ..રામ-આપનું ઝાડું પકડયું

ગાંધીનગર : બુધવારે પેથાપુરમાં ભાજપના અગ્રણી અને બે ટર્મથી પ્રમુખ રહેલા નેતાએ ભાજપ સામે રોષ ઠાલવ્યા બાદ આજે આમ આદમી પાર્ટીનું ઝાડું પકડી લેતાં ભાજપમાં સન્નાટો વ્યાપી ગયો છે. અગાઉ તેમના પુત્રએ પણ ભાજપ સાથે છેડો ફાડી દીધો હતો. હવે પેથાપુરમાં ભાજપની સ્થિતી કફોડી બનવા જઈ રહી છે ત્યારે ભાજપ સંગઠન દ્વારા ડેમેજ કંટ્રોલ માટે ધમપછાડા કરવામાં આવી રહયા છે. ગાંધીનગર મહાનગરપાલિકાની આગામી તા.૩ ઓકટોબરે સામાન્ય ચૂંટણી યોજાવાની છે અને ભાજપ ચુંટણીની તૈયારીઓમાં લાગી જતાં હવે ટીકીટ વહેંચણીને લઈ પાર્ટીમાં ફેલાયેલો અસંતોષ હવે ધીરેધીરે બહાર આવી રહયો છે. ગઈકાલે પેથાપુર નગરપાલિકામાં બે ટર્મથી પ્રમુખ રહેલા અને ગામમાં સરપંચના ઉપનામથી ઓળખાતાં રણજીતસિંહ વાઘેલાએ સોશ્યલ મીડીયામાં પેથાપુરમાં તેમણે કરેલા કામોની પોસ્ટ મુકી હતી અને ભારતીય જનતા પાર્ટીના કેટલાક કીન્નાખોર લોકોએ તેમની પ્રામાણિકતાને બદનામ કરવા પાર્ટી વિરોધી વ્યક્તિઓને ટીકીટ આપી હોવાનું જણાવ્યું હતું.

### ગાંધીનગરમાં નવા ફેરફાર: પંકજ જોશી CMના નવા ACS, અવંતિકા સિંઘને CMO સચિવ બનાવાયા

ગાંધીનગરમાં નવા મંત્રીમંડળની શપથવિધિ પહેલા મોટો બદલાવ દેખાયો છે, જેમાં અવંતિકા સિંઘ CMO સચિવ બનાવાયા છે. ગાંધીનગરમાં બુધવારે CM ભૂપેન્દ્ર પટેલની નવી કેબિનેટના શપથવિધિના અટકળો વચ્ચે IAS લોબીમાંથી મોટો સમાચાર સામે આવ્યા છે. પંકજ જોશીને મુખ્યમંત્રીના નવા ACS બનાવવામાં આવ્યા છે. તો અવંતિકા સિંઘને CMO સચિવ બનાવવામાં આવ્યા છે. CMOમાં સ્પેશિયલ ઓફિસર તરીકે એમડી મોડિયા અને NN દવેની નિમણૂંક કરાઈ છે. ગાંધીનગરમાં મંત્રીમંડળની શપથવિધિમાં જે મંત્રીઓ રિપીટ થવાના નથી તેમની ઓફિસો ખાલી થવાની શરૂઆત થઈ ગઈ છે. બીજી બાજુ ભાજપના તમામ ધારાસભ્યો ગાંધીનગરમાં ઉપસ્થિત જોવા મળી રહ્યા છે.

### સાબરમતીમાં પ્રદૂષણ માટે જવાબદાર કોઇને છોડવામાં નહીં આવે : હાઇકોર્ટ

અમદાવાદઃ સાબરમતી નદીમાં પ્રદૂષણ અંગે ગુજરાત હાઇકોર્ટે સુઓમોટો સુનાવણી હાથ ધરી છે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ વૈભવી ડી. નાણાવટીની ખંડપીઠે આજે કહ્યું હતું કે અમે સાબરમતી નદીને પ્રદૂષણમુક્ત બનાવવા ઇચ્છીએ છીએ. અહીં પ્રદૂષણ કરનારા કોઇપણ વ્યક્તિ, કંપની કે અન્ય જવાબદારોને છોડવામાં નહીં આવે. નદીમાં ઝેરી પ્રદૂષણ ફેલાવનારા એકમોને સીલ કરવાનો આદેશ પણ અમે કરી શકીએ તેમ છીએ. આજે ખંડપીઠ સમક્ષ કોર્ટમિત્ર (એમિકસ ક્યુરી) દ્વારા સ્થળ મુલાકાત બાદ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં બહાર આવ્યું હતું સાબરમતી નદીમાં વહેતાસુએજના પાણીથી ખેતી કરવા માટે કલેક્ટરે જ એક સહકારી ખેત મંડળીને પરવાનગી આપી છે.

# રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ અપરાધમાં સૌથી આગળ : નેશનલ ક્રાઈમ બ્યુરો

**નવી દિલ્હી**




નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરોના બુધવારે જારી આંકડા અનુસાર, ભારતમાં ૨૦૨૦માં દરરોજ ૮૦ હત્યાઓ થઈ અને કુલ ૨૯૧૯૩ લોકોના કત્લ થયા છે. આ મામલામાં રાજ્યોની યાદીમાં ઉત્તર પ્રદેશ અવ્વલ સ્થાન પર છે. આંકડા અનુસાર ૨૦૧૯ની તુલનામાં હત્યાના મામલામાં એક ટકાનો વધારો થયો છે. ૨૦૧૯માં દરરોજ ૭૯ હત્યાઓ થઈ અને ૨૮,૯૧૫ કત્લ થયા હતા. ૨૦૨૦માં ૧૯ ટકાનો ઘટાડો નોંધાયો છે. કેન્દ્રી ગૃહ મંત્રાલય હેઠળ આવનાર એનસીઆરબીના આંકડા જણાવે છે કે ૨૦૨૦માં અપહરણના ૮૪૮૦૫ કેસ નોંધાયા, જ્યારે ૨૦૧૯માં ૧,૦૫,૦૩૬ કેસ નોંધાયા હતા. આંકડા અનુસાર ૨૦૨૦માં ઉત્તર પ્રદેશમાં હત્યાના ૩૭૭૯ કેસ નોંધાયા હતા. ત્યારબાદ બિહારમાં હત્યાના ૩૧૫૦, મહારાષ્ટ્રમાં ૨૧૬૩, મધ્ય પ્રદેશમાં ૨૧૦૧ અને પશ્ચિમ બંગાળમાં ૧૯૪૮ કેસ નોંધાયા હતા. દિલ્હીમાં ૨૦૨૦માં હત્યાના ૪૭૨ કેસ નોંધાયા હતા. પાછલા વર્ષે રાષ્ટ્રીય રાજધાની સહિત દેશભરમાં કોવિડ-૧૯ને કારણે લૉકડાઉન લાગૂ કરવામાં આવ્યું હતું. એનસીઆરબીના આંકડા અનુસાર પાછલા વર્ષે જે લોકોની હત્યા થઈ તેમાં ૩૮.૫ ટકા ૩૦-૪૫ વર્ષ ઉંમર સમૂહના હતા જ્યારે ૩૫.૯ ટકા ૧૮-૩૦ વર્ષ ઉંમર વર્ગના હતા.

# બે જ સપ્તાહમાં ટ્રિબ્યૂનલોમાં તમામ ખાલી જગ્યા ભરોઃ સુપ્રીમનો આદેશ

**નવી દિલ્હી**

દેશભરમાં આવેલી ટ્રિબ્યૂનલોમાં ખાલી પડેલી જગ્યાઓ પર નિયુક્તિમાં કેન્દ્ર સરકારના લચર વલણ પર અત્યંત નારાજગી વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, જે રીતે ટ્રિબ્યૂનલોમાં જજોની નિયુક્તિ થઈ રહી છે તે સ્પષ્ટ દર્શાવે છે કે કેન્દ્ર સરકાર વીણી વીણીને પસંદગી કરી રહી છે. સુપ્રીમ કોર્ટે પ્રિસાઈડિંગ અધિકારીઓ, જ્યૂડિશિયલ અને ટેકનિકલ અધિકારીઓની મોટી અછત વેઠી રહેલી ટ્રિબ્યૂનલોમાં ખાલી પડેલી તમામ જગ્યાઓ બે સપ્તાહમાં ભરવા કેન્દ્ર સરકારને અલ્ટિમેટમ આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે તેના દ્વારા ભલામણ કરાયેલા નામોમાંથી સરકાર દ્વારા નિયુક્તિ ન કરાય તો તે માટેના કારણો રજૂ કરવાનો નિર્દેશ પણ જારી કર્યો હતો. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, જો દેશની તમામ ટ્રિબ્યૂનલોમાં ખાલી પડેલી જગ્યાઓ બે સપ્તાહમાં નહીં ભરાય તો અમે સરકાર સામે અદાલતની અવમાનનાનાં પગલાં લઈશું. જો સરકાર કાર્યવાહી નહીં કરે તો અમે અદાલતની અવમાનનાના આદેશ જારી કરી દઈશું. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એન વી રામન્ના, જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડ અને જસ્ટિસ એલ નાગેશ્વર રાવની બેન્ચે એટર્ની જનરલ કે કે વેણુગોપાલને જણાવ્યું હતું કે, દેશની ટ્રિબ્યૂનલોમાં ખાલી પડેલી જગ્યાઓના કારણે દયનીય સ્થિતિ પ્રવર્તી રહી છે.

# નવી દિલ્હીમાં નજફગઢના ભાજપ નેતાની ગોળી મારીને હત્યા કરાઈ

**નવી દિલ્હી**

બાહરી દિલ્હીના નજફગઢ વિસ્તારમાં બદમાશોએ ગત રાત્રિએ એક વ્યક્તિને બંદૂકની ગોળી વડે મોતને ઘાટ ઉતાર્યો હતો. હુમલાખોરોએ તે વ્યક્તિને ટાર્ગેટ કરીને એટલી હદે ગોળીબાર કર્યો હતો કે આજુબાજુનો વિસ્તાર ધણધણી ઉઠ્યો હતો. બદમાશોએ જે વ્યક્તિની હત્યા કરી તેમની ઓળખ દિચાઉ મંડળમાં ભાજપના મહામંત્રી અમિત શૌકીન તરીકે સામે આવી છે. ૩ બદમાશોએ તેમની હત્યા કરી હતી અને ફરાર થઈ ગયા હતા. હાલ પોલીસે આ સમગ્ર કેસની તપાસ હાથ ધરી છે. નજફગઢના અજય પાર્ક ખાતે હત્યાની આ ઘટના બની હતી. બુધવારે રાત્રે ૮:૩૫ કલાકે બદમાશોએ અમિત શૌકીનને ગોળીઓ વડે રહેંસી નાખ્યો હતો. અમિત નજફગઢના દિચાઉ કલાં ગામનો રહેવાસી હતો અને દિચાઉ મંડળમાં ભાજપનો મહામંત્રી હતો. હજુ સુધી હત્યાનું ચોક્કસ કારણ સામે નથી આવ્યું. જાણવા મળ્યા મુજબ મૃતક અમિત પોતાના ૨ સાથીઓ સાથે રાતે આશરે ૮:૦૦ વાગ્યે ગાડીમાં નજફગઢથી પોતાના ઘરે જવા નીકળ્યો હતો.

# કોરોના અંગેના સોશિયલ મીડિયામાં ખોટી માહિતી ફેલાવવામાં ભારત વિશ્વમાં મોખરે

## વિશ્વના 138 દેશોમાં ખોટી માહિતીની સમીક્ષા કરવા હાથ ધરાયેલા સર્વેનું તારણ

**નવી દિલ્હી**

કોવિડ-૧૯ની મહામારી અને તેને ફેલાવનાર કોરોના વારિસ વિશે જાત જાતની ખોટી માહિતીઓ સોશિયલ મીડિયામાં ફેલાવવાની બાબતમાં ભારત સમગ્ર વિશ્વમાં ટોચ ઉપર રહ્યું છે. ભારતમાં ઈન્ટરનેટના વપરાશકર્તાઓની સંખ્યા ખુબ મોટી હોવાના કારણે આમ થયું હતું એમ તાજેતરમાં હાથ ધરવામાં આવેલાં એક સર્વેમાં તારણ વ્યક્ત કરાયું હતું. કોવિડની મહામારીના ઉપચાર અંગે ભારતમાં સોસિયલ મીડિયા ઉપર ખોટી માહિતીની ભરમાર ચાલી હતી. નેટ વાપરનાર પ્રત્યેક દસ વ્યક્તિમાંથી એક વ્યક્તિ દ્વારા જાણ્યા જાગ્યા વિના કઈ કઈ અને કેવી આયુર્વેદિક દવાઓથી કોવિડનો ઉપચાર કરવો તે અંગેની ખોટી માહિતી સૌથી વધુ ફેલાવવામાં આવી હતી. જપ્રિવેલન્સ એન્ડ સોર્સ એનાલિસિસ ઓફ કોવિડ-૧૯ મિસઈન્ફર્મેશન ઈન ૧૩૮ કન્ટ્રીઝ શીર્ષક ધરાવતો આ સર્વે સેગ્સ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ લાયબ્રેરી એસોસિયન એન્ડ ઈન્સ્ટિટયૂશ્નલ જર્નલમાં પણ પ્રસિદ્ધ થયો હતો. આ સર્વે દરમ્યાન કોવિડ-૧૯ની મહામારી વિશે વિશ્વના ૧૩૮ દેશોમાં ફેલાયેલી ખોટી માહિતી પૈકી ૯૬૫૭ ખોટી માહિતીઓની સમીક્ષા કરવામાં વિશ્વના જુદ જુદા દેશોમાં ખોટી માહિતીઓના સ્ત્રોતને સમજવા ૯૪ જેટલા સંગઠનો અને સંસ્થાઓએ આ ખોટી માહિતીઓની ઉલટ ચકાસણી કરી હતી અને જાણવા પ્રયાસ કર્યો હતો.

# યુપીમાં ભારે વરસાદઃ 15નાં મોત, 2 દિવસ માટે શાળા તેમજ કોલેજ બંધ

**લખનઉ**



ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ પગલે ભારે તારાજી સર્જાઈ છે. જેના પગલે જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદને જોતા રાજ્ય સરકારે રાજ્યની તમામ શાળાઓ અને કોલેજો બે દિવસ એટલે કે 17 અને 18 સપ્ટેમ્બરે બંધ રાખવાની જાહેરાત કરી છે. આ માહિતી CMO દ્વારા આપવામાં આવી છે.

ગુરુવારે સવારથી જ યુપીના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે. કેટલાક જિલ્લા એવા હતા જ્યાં 100 મીમીથી વધુ વરસાદ નોંધાયો હતો. જેમાં રાયબરેલી, લખનઉ, સુલતાનપુર, અયોધ્યાનો સમાવેશ થાય છે. તો અન્ય ઘણા જિલ્લાઓમાં પણ ભારે વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ફરી વળતા રસ્તાઓ બંધ થઈ ગયા છે અને લોકોને તેમના ઘરોમાંથી બહાર નીકળવું પણ મુશ્કેલ બની ગયું છે. લખનઉ સહિત અનેક જિલ્લાઓમાં સતત વરસાદના કારણે એક તરફ જ્યાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં 15 લોકોના મોત થયા છે. સતત વરસાદને કારણે ઘણા જિલ્લાઓમાં રહેણાંક મકાનો પડી ગયા છે.

# સંરક્ષણ મંત્રાલયના ૭,૦૦૦ કર્મી નવા કોમ્પ્લેક્સમાં શિફ્ટ થઈ જશે

**નવી દિલ્હી**

સંરક્ષણ મંત્રાલય સાથે સંકળાયેલા ૨૭ સંગઠનોના ૭,૦૦૦થી વધુ કર્મચારીઓ નવી દિલ્હીમાં સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ હેઠળ બની રહેલા નવા કોમ્પ્લેક્સમાં શિફ્ટ થશે. વડાપ્રધાન મોદીના હસ્તે ગુરુવારે નવા કોમ્પ્લેક્સનું ઉદઘાટન થયું હતું. સંરક્ષણ મંત્રાલયના અધિકારીઓએ જણાવ્યું હતું કે, સંરક્ષણ મંત્રાલય, સેવા મુખ્યાલય અને અન્ય સંલગ્ન ઓફિસો સાથે સંકળાયેલા ૨૭ સંગઠનોના ૭,૦૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને નવી ઓફિસ મળી રહી છે. આ કર્મચારીઓ નોર્થ અને સાઉથ બ્લોકની નજીક બ્રિટિશ યુગની ઓફિસોમાંથી આફ્રિકા એવન્યુ અને કસ્તુરબા ગાંધી માર્ગ ખાતે તેમની નવી ઓફિસોમાં શિફ્ટ થશે. સંરક્ષણ મંત્રાલય માટેના બે નવા કોમ્પ્લેક્સ અલગ અલગ સ્થળો પર કામકાજ માટે તૈયાર થઈ ગયા છે.

સંરક્ષણ મંત્રાલયની ઓફિસો શિફ્ટ થવાથી સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ માટે ૫૦ એકર જમીન મુક્ત થશે. સંરક્ષણ મંત્રાલય તેની જૂની ઓફિસોની ૯.૨ લાખ ચો. ફૂટ જગ્યા ખાલી કરશે અને બે નવા બહુમાળીય કોમ્પ્લેક્સમાં ૯.૬ લાખ ચો. ફૂટ વિસ્તારમાં કામકાજ સંભાળશે. આ બંને કોમ્પ્લેક્સ કુલ ૧૩ એકર વિસ્તારમાં ફેલાયેલા છે.

# ઓટોમોબાઈલ અને ડ્રોન ઉદ્યોગ માટે 26,058 કરોડની PIL સ્કીમને મંજૂરી

**નવી દિલ્હી**

નવી દિલ્હી : કેન્દ્રીય કેબિનેટ આજે ઓટો, ઓટો પાર્ટ્સ અને ડ્રોન ઉદ્યોગ માટે રૂ. ૨૬,૦૫૮ કરોડ રૂપિયાની પ્રોડક્શન લિંકડ ઈન્સેન્ટીવસ્કીંમને મંજૂરી આપી છે. દેશની મેન્યુફેક્ચરિંગ ક્ષમતામાં વધારો કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે તેમ કેન્દ્રીય પ્રધાન અનુરાગ ઠાકુરે એક નિવેદનમાં જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટની બેઠક પછી પ્રધાને પત્રકારોને જણાવ્યું હતું કે પાંચ વર્ષમાં ઉદ્યોગને ૨૬,૦૫૮ કરોડ રૂપિયાના ઈન્સેન્ટીવ્સ આપવામાં આવશે. ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે આ પીએલઆઈ સ્કીમથી આગામી પાંચ વર્ષમાં ૪૨,૫૦૦ કરોડ રૂપિયાનું નવુ રોકાણ આવશે.

# ટેલિકોમ કંપનીઓને મળ્યું જીવતદાન સરકારી ચૂકવણીમાં ચાર વર્ષની રાહત

**નવી દિલ્હી**

તણાવગ્રસ્ત ટેલિકોમ ક્ષેત્રને રાહત આપવા કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ટેલિકોમ કંપનીઓને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યૂ (એજીઆર) અને સ્પેકટ્રમ સહિતની તમામ સરકારી બાકી ચૂકવણી માટે ૪ વર્ષનો મોરેટોરિયમ આપ્યો છે. આ નિર્ણય વોડાફોન આઈડિયા જેવા ખસ્તાહાલત ટેલિકોમ ઓપરેટરોને જીવનદાન આપશે.

કેબિનેટ બેઠકની માહિતી આપતા ટેલિકોમ મંત્રાલયના વડા અશ્વિની વૈષ્ણવે કહ્યું કે સરકારે દેવાગ્રસ્ત ટેલિકોમ સેક્ટરને રાહત આપવા માટે અને લાંબાગાળા માટે રોજગારીની તકો સર્જી શકે તે હેતુસર અનેક રાહત પેકેજની જાહેરાત કરે છે.

તેમણે કહ્યું કે ટેલિકોમ સેક્ટરના પુનરોદ્ધાર માટે ૯ સ્ટ્રકચરલ રિફોર્મ અને ૫ પ્રોસેસ રિફોર્મ નક્કી કરવામાં આવ્યા છે. સૌથી મહત્વની વાત એ છે કે એજીએઆરની ચૂકવણી માટે ૪ વર્ષનો મોરેટોરિયમ આપવામાં આવશે. એજીઆરની વ્યાખ્યાને સરળ કરીને માત્ર ટેલિકોમ આવકને જ ગણતરીમાં લેવાશે. સરકાર નોન ટેલિકોમ આવકને એડજસ્ટેડ ગ્રોસ રેવન્યુ તરીકે ગણતરીમાં નહિ લે.

# ઉત્તર પ્રદેશ ચૂંટણી માટે AAPની 100 સંભવિત ઉમેદવારોની યાદી જાહેર

**નવી દિલ્હી**

ઉત્તરપ્રદેશમાં ટૂંક સમયમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આવી સ્થિતિમાં રાજકીય પક્ષો સક્રિય બન્યા છે. ત્યારે આજે એટલે કે બુધવારે આમ આદમી પાર્ટીએ લખનઉમાં તેના પાર્ટી કાર્યાલયમાં પત્રકાર પરિષદ યોજી હતી. આ દરમિયાન સંજય સિંહે યુપી વિધાનસભા ચૂંટણી માટે 100 ઉમેદવારોની સંભવિત યાદી બહાર પાડી છે. જેમને આપ 2022ની વિધાનસભાની ચૂંટણીમાં મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહ્યા છે. યુપીના પ્રભારી અને રાજ્યસભા સાંસદ સંજય સિંહે કહ્યું કે, આમ આદમી પાર્ટી ઉત્તર પ્રદેશમાં તેના 100 વિધાનસભા પ્રભારીઓની યાદી બહાર પાડી રહી છે.

# કોરોનાના નવા 30 હજાર કેસ, કેરળમાં દર્દીઓ વધ્યા

**નવી દિલ્હી**

ભારતમાં કોરોનાના નવા કેસમાં ઘટાડો નોંધાયા બાદ ફરી એકવાર ઉછાળો નોંધાયો છે, ૨૫ હજારની અંદર પહોંચેલા નવા કેસનો આંકડો ફરી એકવાર ૩૦ હજારને પાર કરી ગયો છે. કેરળમાં પણ નવા કેસમાં ફરી એકવાર ઉછાળો નોંધાઈ રહ્યો છે. બીજી તરફ ૪ લાખને પાર પહોંચેલા એક્ટિવ કેસ ફરી એકવાર સાડા ત્રણ લાખની અંદર આવી ગયા છે. ભારતમાં પાછલા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૩૦,૫૭૦ કેસ નોંધાયા છે અને ૪૩૧ દર્દીઓના મોત થઈ ગયા છે. જ્યારે ગઈકાલે દેશમાં કુલ ૨૭,૧૭૬ કેસ નોંધાયા હતા અને ૨૮૪ દર્દીઓના મોત થયા હતા. દેશમાં કોરોનાના કેસનો આંકડો ફરીએકવાર ઊંચો જવાનું કારણ કેરળમાં વધતા કેસ છે. અહીં ગઈકાલે ૧૫,૮૭૬ નવા કેસ અને ૨૪નાં મોત જ્યારે આજે અહીં વધુ ૧૭,૬૮૧ કેસ નોંધાયા છે અને ૨૦૮ દર્દીઓના મોત થઈ ગયા છે. કેસમાં વધારો થવાની ખબરની સામે સાજા થયેલા દર્દીઓનો આંકડો મોટો જ રહ્યો છે.

## ભારતમાં રસીના 75 કરોડ ડોઝ અપાયા, ડબ્લ્યુએચઓએ વખાણ કર્યા

નવી દિલ્હી : સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ભારતમાં કોરોનાની રસીના અત્યાર સુધીમાં 75 કરોડથી વધુ ડોઝ આપી દેવાયા છે. જે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના બધા જ પુખ્ત વયના લોકોને રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો હોય તેમાં સિક્કિમ, હિમાચલ પ્રદેશ, ગોવા, દાદરા અને નગર હવેલી, લદાખ અને લક્ષદ્વીપનો સમાવેશ થાય છે.

### સ્પુતનિક લાઈટઃ કોરોના સામે સિંગલ ડોઝ રહેશે પૂરતો

રશિયાની સ્પુતનિક લાઈટ વેક્સિનને ડ્રગ કંટ્રોલર ઓફ ઈન્ડિયા તરફથી ભારતમાં ત્રીજા તબક્કાના ટ્રાયલની મંજૂરી મળી ગઈ છે. ટ્રાયલ પૂરી થતાં જ આ વેક્સિનને ઈમરજન્સી ઉપયોગ માટેની મંજૂરી મળી જશે. ત્યાર બાદ ભારતને કોરોના સામેના જંગમાં વધુ એક હથિયારનો સાથ મળશે. સ્પુતનિક લાઈટ વેક્સિનનો સિંગલ ડોઝ જ કોરોના વાયરસ સામે કારગર નીવડશે. ભારતમાં અત્યાર સુધી જે વેક્સિનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે બધી જ ડબલ ડોઝ વેક્સિન છે.

### ભારતમાં 4 મહિનામાં એન્ટિબોડીઝમાં ઘટાડો દેખાયો : સર્વે

ભારતમાં સંપૂર્ણ વેક્સિનેટેડ એવા ૬૧૪ જેટલા આરોગ્યકર્મીઓનો અભ્યાસ હાથ ધરવામાં આવતાં ધ્યાને આવ્યું છે કે પ્રથમ વેક્સિન ડોઝ લીધાના ચાર જ મહિનામાં તેમના શરીરમાં કોવિડ-૧૯ સામે લડત આપી રહેલા એન્ટિબોડીના પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. અભ્યાસનાં તારણોની મદદથી કેટલાક પશ્ચિમના દેશોએ નક્કી કર્યું છે તે રીતે ભારતમાં પણ બૂસ્ટર ડોઝ આપવાની જરૂર રહેશે કે નહીં રહે તે નક્કી કરવામાં સરકારને મદદ મળશે. સંસ્થાના નિયામકે જણાવ્યું હતું કે, ‘વેક્સિનેટેડ વ્યક્તિના શરીરમાં એન્ટિબોડીનું પ્રમાણ ઘટવાનો અર્થ એ નહીં કે વ્યક્તિ કોવિડનો સામનો કરવાની રોગપ્રતિકાર શક્તિ ગુમાવી દેશે.

## પૂરીમાં એક દિવસમાં 341 મિલિમીટર વરસાદ પડતા 87 વર્ષનો રેકોર્ડ તૂટયો



ભુવનેશ્વર : ઓડિશાની રાજધાની ભૂવનેશ્વરમાં છેલ્લા 24 કલાકમાં 195 મિ.મી. વરસાદ પડયો છે. જેણે છેલ્લા 63 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ધાર્મિક સ્થળ પુરીએ એક દિવસમાં 341 મિ.મી. વરસાદને પડવાથી 87 વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો હતો. આ પહેલા પુરીમાં 1934માં બીજી સપ્ટેમ્બરે 210 મિ.મી. વરસાદ પડયો હતો. જેને પગલે ઓથોરિટી દ્વારા પુરનુ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને જે પણ લોકો ફસાયા હોય તેમને રેસ્ક્યૂ કરવામાં આવી રહ્યા છે.

# દિલ્હીમાંથી ઝડપાયેલા આતંકવાદીઓને પાકિસ્તાની સેનાએ તાલીમ આપી હતી

### કરાચીના ફાર્મ હાઉસમાં એકે 47 સહિતનાં શસ્ત્રો ચલાવવાની પણ તાલીમ અપાઈ

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીમાં દિલ્હી પોલીસે 6 આતંકવાદીઓની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસની સ્પેશ્યલ સેલ યુનિટે પાકિસ્તાન તરફથી સંચાલિત ટેરર મૉડ્યુલનો પર્દાફાશ કર્યો છે.

પાકિસ્તાન દ્વારા તાલીમબદ્ધ આતંકવાદી મોડયૂલના દિલ્હી પોલીસે કરેલા પર્દાફાશના એક દિવસ બાદ આ મામલામાં ચાલી રહેલી તપાસમાં જાણવા મળ્યું હતું કે, આતંકવાદીઓને પાકિસ્તાની સેનાના લેફ્ટનન્ટ કક્ષાના ગાઝી નામના અધિકારી દ્વારા હુમલાની તાલીમ અપાઈ હતી. ગાઝીને આ કામમાં જબ્બાર અને હમઝા નામના અધિકારીઓ મદદ કરી રહ્યાં હતાં. આતંકવાદીઓને ભારતમાં આતંકવાદી હુમલા દ્વારા મહત્તમ નુકસાન પહોંચાડવા કરાચીના પરામાં આવેલા એક ફાર્મ હાઉસ અને બલોચિસ્તાનમાં પાકિસ્તાની સેનાના અધિકારીઓ દ્વારા તાલીમ અપાઈ હતી. ઝિશાન કમાર અને ઓસામાએ પોલીસની પૂછપરછમાં જણાવ્યું હતું કે, સૌથી પહેલાં અમને માન્ય વિઝા પર ઓમાનની રાજધાની મસ્કત લઈ જવાયાં હતાં. જ્યાં અમને ૧૦ દિવસ માટે ક્વોરન્ટાઈન કરાયાં હતાં. ત્યારબાદ અમને ઈરાન અને ત્યાંથી કરાચી લઈ જવાયાં હતાં. જ્યાં તેમને બોમ્બ બનાવવાની તાલીમ અપાઈ હતી.

# સુપ્રીમ કોર્ટનો આદેશઃ સિંધુ બોર્ડર પર એક તરફનો રસ્તો ખાલી કરે ખેડૂતો

### ખેડૂતોને પ્રદર્શન કરવાનો અધિકાર છે પરંતુ રસ્તાઓ રોકી ન શકાયઃ કોર્ટ

**નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે મંગળવારે કુંડલી-સિંધુ બોર્ડર પર ધરણાં ધરી રહેલા ખેડૂતોને એક બાજુનો રસ્તો ખાલી કરવા માટે કહ્યું હતું. સુપ્રીમ કોર્ટે જનહિત અરજી પરની સુનાવણી દરમિયાન આ ચુકાદો આપ્યો હતો. કોર્ટે સોનીપત જિલ્લા પ્રશાસનને આદેશ આપ્યો હતો કે, નેશનલ હાઈવે 44 પર કુંડલી-સિંધુ બોર્ડર ખાતે પ્રદર્શન કરી રહેલા ખેડૂતો પાસેથી એક બાજુનો રસ્તો સામાન્ય લોકોને અપાવવામાં આવે.

સુપ્રીમ કોર્ટના આદેશ બાદ સોનીપત ડેપ્યુટી કમિશનર લલિત સિવાચ મંગળવારે કુંડલી-સિંધુ બોર્ડર પર ખેડૂત પ્રદર્શનકારીઓની વચ્ચે પહોંચ્યા હતા. તેમણે સુપ્રીમ કોર્ટનો આદેશ અને સામાન્ય લોકોને અનુભવાઈ રહેલી મુશ્કેલીનો હવાલો આપીને ખેડૂતોને રસ્તો ખાલી કરવા માટે વિનંતી કરી હતી.

મોનિકા અગ્રવાલે કુંડલી-સિંધુ બોર્ડર પર એક તરફનો રસ્તો ખાલી કરાવવા માટે જનહિત અરજી દાખલ કરાવી હતી. ડેપ્યુટી કમિશનરના કહેવા પ્રમાણે આ અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે એનએચ 44 પર કુંડલી-સિંધુ બોર્ડર પર એક તરફનો રસ્તો સામાન્ય લોકો માટે ખાલી કરવા આદેશ આપ્યો છે.

મોનિકાએ અરજીમાં જણાવ્યું હતું કે, નોએડાથી દિલ્હી જવામાં હવે તેમને 20 મિનિટના બદલે 2 કલાક થાય છે અને તેના પાછળનું કારણ ખેડૂતો દ્વારા કરવામાં આવેલો રસ્તા પરનો ચક્કાજામ છે.

# ખેડૂતોના આંદોલનથી કંપનીઓને નુકસાન, 4 રાજ્યને નોટિસ મળી

**નવી દિલ્હી**

રાષ્ટ્રિય માનવ અધિકાર પંચે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન અને યુપીની સરકારોને નોટિસ ફટકારીને ખેડૂતો દ્વારા થઈ રહેલા વિરોધ પ્રદર્શન અંગે જાણકારી માંગી છે.

માનવ અધિકાર પંચે આ રાજ્યોને નોટિસ એટલા માટે આપી છે કે, પંચને ખેડૂત આંદોલનો સામે ઘણી ફરિયાદો મળી છે. આ ફરિયાદો પ્રમાણે આંદોલનના કારણે ૯૦૦૦થી વધારે નાની, મોટી કંપનીઓ નુકસાન થયુ છે.

ટ્રાન્સપોર્ટેશન પર પણ અસર પડી છે અને તેનાથી બીમાર, વિકલાંગો અને સિનિયર સિટિઝન્સને ભારે નુકસાન થઈ રહ્યુ છે. આંદોલનના કારણે રાજ્યોની બોર્ડર પર લગાવાયેલા બેરિકેડથી પણ લોકોને ભારે પરેશાનીનો સામનો કરવાનો વારો આવી રહ્યો છે.

માનવ અધિકાર પંચે ચાર રાજ્યોને નોટિસ આપીને જવાબ માંગ્યો છે. એવો આરોપ છે કે, ખેડૂતો દ્વારા કોરોના પ્રોટોકોલનુ પણ ઉલ્લંઘન થઈ રહ્યુ છે. ખેડૂતો દ્વારા રસ્તાઓની થઈ રહેલી નાકબંધીના કારણે સ્થાનિક લોકોને પોતાના ઘરેથી બહાર નીકળવામાં પણ મુશ્કેલીઓ પડી રહી છે.

# GST કાઉન્સિલ દ્વારા પેટ્રોલ-ડીઝલને GSTના દાયરામાં લાવવા વિચારણા

**નવી દિલ્હી**

જીએસટી કાઉન્સિલની બેઠકમાં પેટ્રોલ,ડીઝલ, નેચરલ ગેસ અને એવિએશન ટ્રબાઈન ફ્યૂઅલ જેવા ઈંધણોને જીએસટીના દાયરામાં લાવવા ચર્ચા વિચારણા શરૂ કરે તેવી સંભાવના છે. તે ઉપરાંત કોરોનાની સારવારમાં ઉપયોગી દવાઓને કરમાફી લંબાવવા અને દેશમાં નોંધાયેલી 80 લાખ કંપનીઓ માટે આધારકાર્ડ સાથે જોડવાનું ફરજિયાત બનાવવા જેવા મુદ્દાઓ પણ જીએસટી કાઉન્સિલના એજન્ડામાં રહેશે. જીએસટી કાઉન્સિલ સાથે સંકળાયેલા બે વ્યક્તિએ નામ નહીં આપવાની શરતે જણાવ્યું હતું કે, કેરળ હાઈકોર્ટે આપેલા નિર્દેશ મુજબ 17 સપ્ટેમ્બરે મળનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ મામલા પર ચર્ચા થઈ શકે છે.

# મોદી હસ્તે યુપીમાં ડિફેન્સ કોરિડોરનો પ્રારંભ, ૬૦૦૦ કરોડનું રોકાણ કરાશે

**લખનઉ**

પીએમ મોદીએ રાધાઅષ્ટમીને દિવસે ઉત્તરપ્રદેશના અલીગઢમાં રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ યુનિર્વિસટી તેમજ ડિફેન્સ કોરિડોરની શિલારોપણ વિધિ કરી હતી. તેમણે જણાવ્યું હતુ કે આજે વિશ્વ જાણે છે કે ભારત ગ્રેનેડથી લઈને રાઈફલ્સ તેમજ ફાઈટર વિમાનો અને ડ્રોન્સ તથા યુદ્ધ જહાજોનું ઉત્પાદન કરે છે. ભારતે ડિફેન્સ એક્સપોર્ટર્સ તરીકે ઓળખ બનાવી છે. અલીગઢમાં ડિફેન્સ કોરિડોરમાં ૧૯ કંપનીઓ રૂ. ૧૨૪૫ કરોડનું રોકાણ કરવાની છે. આ કોરિડોરમાં કુલ રૂ. ૬૦૦૦ કરોડનું રોકાણ કરાશે. મોદીએ તેમના બાળપણની યાદોને વાગોળતા કહ્યું હતું કે. હજી સુધી લોકો અલીગઢનાં તાળાંના ભરાસે રહે છે. અલીગઢનાં તાળાં લઈ મુસ્લિમ સેલ્સમેન દર ત્રણ મહિને અમારા ગામ આવતા. તેમની મારા પિતાજી સાથે મિત્રતા હતી. તેઓ તેમના પૈસા મારા પિતાજીને સાચવવા માટે આપતા અને જ્યારે ગામ છોડીને જવાનું હોય ત્યારે પૈસા લઈ જતા. મોદીએ કહ્યું કે જાટ રાજા મહેન્દ્ર પ્રતાપ સિંહ મહાન દ્રષ્ટા હતા. દેશનાં સ્વતંત્રતા સંગ્રામમાં તેમણે મહત્ત્વની ભૂમિકા નિભાવી હતી.

# LJP સાંસદ પ્રિન્સ રાજ પાસવાન વિરુદ્ધ બળાત્કાર મામલે FIR નોંધાઈ

**નવી દિલ્હી**

બિહારના સમસ્તીપુરથી લોક જનશક્તિ પાર્ટીના સાંસદ પ્રિન્સ રાજ પાસવાન વિરૂદ્ધ દિલ્હીમાં FIR નોંધવામાં આવી છે. પ્રિન્સ વિરૂદ્ધ બળાત્કાર સાથે જોડાયેલા એક કેસમાં FIR કરવામાં આવી છે. લગભગ ત્રણ મહિના પહેલા એક પીડિતાએ દિલ્હીના કનૉટ પ્લેસ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, હવે કોર્ટનો આદેશ આવવા બાદ સાંસદ પ્રિન્સ રાજ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. આ એફઆઈઆર ૯ સપ્ટેમ્બરે નોંધવામાં આવી છે. પ્રિન્સ રાજ પાસવાન લોક જનશક્તિ પાર્ટીના નેતા ચિરાગ પાસવાનના પિતરાઈ ભાઈ છે જ્યારે કેન્દ્રીય મંત્રી પશુપતિ પારસ પાસવાનના ભત્રીજા છે.

# દ્વિભાષી રાજ્યનો વિરોધ કરવા ધનતેરસની અંધારી રાત્રે હજારો મશાલો સાથે સરઘસ નીકળ્યું!

દ્વિભાષી રાજ્યની રચનાનો અમલ થાય તે દિવસે, 'વિરોધ દિન' પાળવા જનતા પરિષદે હાકલ કરી અને ગુજરાતના એક છેડાથી બીજા છેડા સુધી આ સંદેશો ફેલાવ્યો. જનતા પરિષદે નક્કી કર્યું કે, દ્વિભાષી રાજ્યના પ્રારંભના દિવસે ધનતેરસના રોજ રાતના 'મશાલ સરઘસ' કાઢવું. કાળી ચૌદશના દિવસે હડતાળ અને રસ્તાઓ રોકવા, આંગણાઓમાં મહાગુજરાતનો નકશો દોરવો તેમજ રોશની કરવી નહીં તેમજ દારૂખાનું ફોડવું નહીં. આ કાર્યક્રમનો સારી રીતે અમલ થાય તે માટે અમદાવાદમાં રોજ રાતના જાહેરસભાઓ દ્વારા પ્રચંડ ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી.

મહાગુજરાતના આંદોલન દરમિયાન બધાં જ જાણીતા આગેવાનો અને ખાસ કરીને વક્તાઓને બહારગામનાં આમંત્રણો સતત મળતાં હતાં અને જેટલા બને તેટલા વધુ પ્રમાણમાં બધા સાથી આગેવાનો પ્રવાસે જઈને આંદોલનના પ્રચાર માટે સભાઓ કરતા અને વાતાવરણને જીવંત રાખતા. તા. ૧૩-૧૦-૫૬ના રોજ ઈંદુભાઈને અને બ્રહ્મકુમારને સિદ્ધપુર જવા આમંત્રણ મળેલું. ટ્રેનમાં સિદ્ધપુર ગયા અને બપોરના અરસામાં સિદ્ધપુર પહોંચ્યા. ત્યારે પ્લૅટફૉર્મ ચિક્કાર ભરાઈ ગયું હતું અને હીરાલાલ રાવલ વકીલ અને ભટ્ટ વકીલ, મધુભાઈ વ્યાસ વગેરે આગેવાનો પણ હાજર હતા. સ્ટેશન ઉપરથી કાર્યક્રમના સંમેલન માટેની જગ્યાએ જવા ખુલ્લી બગીમાં લોકોએ ઊંચકીને બેસાડી દીધા.

સ્ટેશનથી સરઘસ નીકળ્યું ત્યારે રસ્તામાં ઠેરઠેર ફૂલહાર અને ગુલાલ ઉડાવવામાં આવ્યા. સંમેલનનું સ્થળ એક વાડીમાં રાખેલું, જ્યાં તાલુકાના ગામેગામથી કાર્યકરો અને ટેકેદારો હાજર રહ્યા હતા. સ્થાનિક આગેવાનોએ પ્રવચનો કર્યાં. પછી બ્રહ્મકુમાર ભટ્ટ અને ઈંદુભાઈએ પ્રવચનો કર્યાં અને મહેસાણા જિલ્લાને મહાગુજરાતનો ગઢ બનાવી દેવા અને ગામડે ગામડે ફરી વળીને સંદેશો પહોંચાડવા અપીલ કરી. રાતના જંગી જાહેરસભા મળી. જેમાં આજુબાજુનાં ગામડાંમાંથી લોકો વાહનો લઈને આવ્યા હતા.

### મશાલ સરઘસનો પડકાર

દ્વિભાષી સંમેલનની શરૂઆત વેળાએ રાતના મશાલ સરઘસનો કાર્યક્રમ જાહેર કરેલો અને સભાઓ દ્વારા પ્રચાર પણ કરેલો. આ અંગે પોતે વાતચીત કરવા માંગે છે તેવો સંદેશો અમદાવાદના કલેક્ટર હીરેડિયાએ મોકલ્યો. આ સરઘસની પરવાનગી આપવી કે નહીં તેની ચર્ચા કરવી કે તેમ પણ તેમણે કહેવડાવેલું. આથી તા. ૩૦-૧૦-૫૬ના રોજ બપોરના ઘીકાંટા કલેક્ટરની કચેરીમાં હીરેડિયાને મળવા માટે ઈંદુલાલ યાજ્ઞિક, બ્રહ્મકુમાર ભટ્ટ, જયંતી દલાલ, ગણપતરામ પટેલ, વામનરાવ ધોળકિયા, દાદુભાઈ અમીન અને ચંદ્રકાંત દરુ ચર્ચા માટે ગયા.

### તાજ છાપ સિગારેટ

કલેક્ટરે બહુ મીઠાશથી ચર્ચા શરૂ કરી અને પોતાને પણ 'તાજ છાપ' સિગારેટ પસંદ છે તેમ કહીને હસતાં હસતાં ઈંદુચાચાના પાકીટમાંથી એક સિગારેટ લઈને સળગાવી. તેમણે કહ્યું કે, અમદાવાદનું વાતાવરણ ઘણું અશાંત છે અને અસામાજિક તત્ત્વો દુકાનોની તોડફોડ પણ કરે છે. તે સંજોગોમાં મશાલ સરઘસ કાઢવું એ મોટું જોખમ છે. નેતાઓએ કહ્યું મશાલ સરઘસનો ભારે પ્રચાર કરી ચૂક્યા હતા, તેથી કોઈ ફેરફાર કરી શકીએ કે તેને બંધ રાખીએ તે શક્ય જ ન હતું. હકીકતમાં મળવા ગયા ત્યારે જ ખુદ ખાડિયામાં વાંસના ટુકડા ઉપર કાપડ વીંટીને મશાલો બનાવી હતી અને તેને સળગાવવા માટે તેલના સંખ્યાબંધ ડબા લાવી ચૂક્યા હતા. આથી પીછેહઠ શક્ય જ નથી તેવો દૃઢ અભિપ્રાય હતો. ઈન્દુલાલને પણ ખબર હતી કે મુખ્ય મશાલ સરઘસ ખાડિયામાંથી નીકળવાનું છે. બધાએ કલેક્ટરને કહ્યું કે, કોઈ દહેશત રાખવાની જરૂર નથી અને કાર્યક્રમ શાંતિથી પતી જશે.

હીરેડિયા પાસે કોઈ ગુપ્ત સમાચાર હશે તેથી તેમણે બ્રહ્મકુમારને પૂછ્યું કે, તમે કેટલી મશાલો ખાડિયાના સરઘસમાં રાખવા ધારો છો ? જવાબ આપ્યો, ૫૦૦થી ૭૦૦ તો છે જ. આથી તેઓ ચોંકી ઊઠયા અને કહ્યું કે હું આવા મશાલ સરઘસની પરવાનગી આપી શકું નહીં. સમજાવવાનો પ્રયાસ કર્યો. જો તમે ૧૦૦ મશાલ રાખવાની છૂટ આપો તો અમે તેને સરઘસમાં છૂટી છૂટી ગોઠવીએ અને કશું જ નહીં થાય. જો પોલીસ સંયમ રાખશે તો અણછાજતું નહીં થાય તેની ખાતરી આપી શકીએ. આથી હીરેડિયા કદાચ એમ સમજી બેઠા હશે કે બધા કંઈક ઢીલા પડયા છે તેથી તેમણે કહ્યું કે, દિવાળીના દિવસો છે અને દુકાનોમાં દારૂખાનું અને સરસામાન ભરેલો હોય તેથી ઠેકઠેકાણે આગ લાગી જાય તેવો સરકારને ડર છે. આથી ૧૦૦ મશાલની છૂટ આપું કે એક મશાલની છૂટ આપું તે બધું સરખું છે, એટલે મશાલ સરઘસની છૂટ આપી શકીશ નહીં.

### સરઘસ નીકળશે જ

આ પળે બ્રહ્મકુમાર ભટ્ટ ખુરશીમાંથી એકદમ ઊભા થઈ ગયા અને આવેશમાં આવીને કહ્યું કે, આ મશાલ સરઘસ નીકળીને જ રહેશે. આથી ઈંદુભાઈ સહિત બધા જ ઊભા થઈ ગયા અને બધા સાથે બહાર નીકળી ગયા. ત્યાંથી સીધા જનતા પરિષદની કચેરીમાં રિલીફ રોડ ગયા અને કલેક્ટરની આ વાત પછી પોલીસ બધું રોકશે અને તોફાનો થશે તો શું કરવું તેની ચર્ચાઓ કરી. છેવટે મશાલ સરઘસ કાઢવાની સત્તાવાર જાહેરાત પત્રકારો સમક્ષ કરવામાં આવી અને દરેક વૉર્ડમાંથી તે નીકળશે. તેના માર્ગ પણ જાહેર કર્યા. બીજે દિવસે ધનતેરસ હતી અને રાતના મશાલ સરઘસનો કાર્યક્રમ હતો, જે પ્રતિષ્ઠાનો સવાલ બની ગયો હતો.




**સરઘસ ખાડિયા ચાર રસ્તાથી ડાબી બાજુ, બાલા હનુમાન તરફ વળ્યું ત્યારે માર્ગમાં બંને બાજુ હકડેઠઠ મેદની જામી હતી અને ખૂબ જ ઉશ્કેરાટ. કોઈ પોલીસ દેખાતી ન હતી. ત્યાંથી પતાસાની પોળના ચોકઠામાં જઈને સરઘસ શાંતિથી વિખેરાયું. બધી જ મશાલો હોલવી નાખવામાં આવી. તમામ કાર્યકરોનો આભાર માનીને અમે તેમની હિંમત અને શાંતિ માટે ધન્યવાદ આપીને બધાં છૂટા પડયા.**

### મશાલ સરઘસ

બ્રહ્મકુમાર ભટ્ટ નોંધે છે કે, ઈંદુચાચાને મેં કહ્યું કે તેણે પોતે ખાડિયામાં નીકળનાર મશાલ સરઘસમાં જોડાવું અને તે માટે રાત્રે મારે ઘરે બઉઆની પોળમાં આવી જવું. ત્યાંથી સાથે નીકળીશું. સાંજના સાતના સુમારે ઈંદુચાચા મારા ઘરે આવ્યા અને જમી-પરવારીને સારંગપુર દોલતખાનામાં પહોંચ્યા ત્યારે નાકેથી કાપડીવાડ બાજુ બબ્બેની લાઈનમાં સરઘસ તૈયાર થઈને ઊભેલું હતું અને બધાના હાથમાં મશાલો તૈયાર હતી. પ્રવીણ ચાલીસ હજાર શામળાની પોળમાંથી એક ચાંદીની મશાલ લાવેલા જે મેં ઈંદુભાઈના હાથમાં આપી. અમે બંને સરઘસના મોખરે ગોઠવાયા. બધાના હાથમાં તેલમાં ઝબોળેલી મશાલ તૈયાર જ હતી. રાતના આઠના સુમારે બધી જ મશાલો એક સાથે સળગાવવામાં આવી. ત્યાં વાતાવરણ ઝળહળી ઊઠયું અને રોમાંચક પરંતુ તંગ પરિસ્થિતિનું નિર્માણ થયું. આથી અમે તરત જ મશાલ સરઘસ આગળ ધપાવ્યું. મહાગુજરાત તરફી અને ગોળીબારના વિરોધનાં પ્રચંડ સૂત્રો સાથે આ સરઘસ સારંગપુર ચકલા, દોલતખાના, પંડિતજીની પોળ અને મારી બઉઆની પોળના નાકેથી રાયપુર ચકલા તરફ આગળ વધ્યું. ત્યારે રસ્તાની બંને બાજુ હજારો સ્ત્રી-પુરુષો અને બાળકો. હવે શું થશે. પોલીસ શું કરશે તે જોવા ઊભાં હતાં.

### પોલીસ મૌન રહી

રાયપુર ચકલા નજીક આવતાં જ બધાંએ દૂરથી જોયું કે ચકલાની વચમાં જ આવેલી રાયપુર ચોકીમાં કલેક્ટર હીરેડિયા અને ડિવિઝનલ કમિશનર સાઠે બેઠા હતા અને ચોકીની અંદર સશસ્ત્ર પોલીસ હતી. ત્યાં કોઈ મોટું પોલીસ દળ કે પોલીસવાન સુધ્ધાં રાયપુર ચકલામાં હતાં નહીં. બધા આગળ વધ્યા. કાર્યકરો ખૂબ જોશમાં આવી ગયા. પોલીસ ચોકીની પ્રદક્ષિણા કરીને જમણા હાથે સરઘસ વળ્યું ત્યારે હીરેડિયા અને સાઠેએ બધાને આગળ ચાલતા જોયા. પ્રવીણ ચાલીસ હજાર એટલા ઉન્માદમાં આવી ગયા કે સરઘસમાંથી નીકળીને હાથમાં મશાલ સાથે તેણે પોલીસ ચોકીના ચક્કર મારવાનું શરૂ કર્યું અને અંદર બેઠેલા ઑફિસરોને બતાવીને આવેશમાં સૂત્રો બોલાવતા. આ જોઈ બ્રહ્મકુમારે તરત તેમને સમજાવી સરઘસમાં જોડી દીધા. સરઘસ રાયપુર ચકલાથી ખાડિયા જવા નીકળ્યું ત્યારે તમામ દુકાનો બંધ થઈ ગઈ હતી અને તેનાં પાટિયાં અને ફૂટપાથ ઉપર હજારો સ્ત્રી-પુરુષો અમને જોઈને સૂત્રો પોકારતાં અને તાળીઓના ગડગડાટ કરતાં હતાં. સરઘસ ખાડિયા ચાર રસ્તાથી ડાબી બાજુ, બાલા હનુમાન તરફ વળ્યું ત્યારે માર્ગમાં બંને બાજુ હકડેઠઠ (ગીચોગીચ) મેદની જામી હતી અને ખૂબ જ ઉશ્કેરાટ. કોઈ પોલીસ દેખાતી ન હતી. ત્યાંથી પતાસાની પોળના ચોકઠામાં જઈને સરઘસ શાંતિથી વિખેરાયું. બધી જ મશાલો હોલવી નાખવામાં આવી. તમામ કાર્યકરોનો આભાર માનીને અમે તેમની હિંમત અને શાંતિ માટે ધન્યવાદ આપીને બધાં છૂટા પડયા. ત્યારે સૌને લાગ્યું કે પોલીસ બિનજરૂરી દરમિયાનગીરી ન કરે તો જોખમી ગણાતો કાર્યક્રમ પણ કેટલો શાંતિથી પરિપૂર્ણ થાય છે તેનો આ દાખલો છે. આ કાર્યક્રમની સફળતાથી ઈંદુલાલ યાજ્ઞિક બ્રહ્મકુમાર ઉપર ખૂબ જ રાજી થઈ ગયા.

અત્રે ખાસ નોંધવું જોઈએ કે એક પણ મશાલ આખા શહેરને સળગાવવા પૂરતી છે, તેમ જણાવીને પરવાનગી આપવાનો ઈનકાર કરનાર કલેક્ટર હીરેડિયા અને ડિવિઝનલ કમિશનર સાઠે પોતે રાયપુર ચકલામાં સેંકડો મશાલો પસાર થતી શાંતિથી જોઈ રહ્યા અને બળનું કોઈ જ પ્રદર્શન કર્યું નહીં. જો પોલીસ વચ્ચે પડી હોત તો અચૂક લોહી રેડાત.

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### કર્ણાટકમાં સેન્ટ મેરી ટાપુ પર લાવાના કુદરતી સ્તંભ



ભારતના કર્ણાટકમાં સેન્ટ મેરી આઈલેન્ડ નામનો ટાપુ સમૂહ જાણીતો છે. તેમાં ચાર ટાપુ પૈકી કોકોનટ આઈલેન્ડ પર કુદરતે સર્જેલી અજાયબી જેવા કાળા પથ્થરના સંખ્યાબંધ સ્તંભ જોવા મળે છે. ૫૦૦ મીટર લાંબા અને ૧૦૦ મીટર પહોળા ષટકોણ આકારના ટાપુ પર લાખો વર્ષ પહેલાં જ્વાળામુખીની પ્રક્રિયાથી સર્જાયેલા આ સ્થંભો લાવારસના બનેલાં છે. આ સ્થળ જીઓ ટુરિઝમ કહેવાય છે. ઈ.સ. ૧૪૯૮માં પોર્ટુગલ પ્રવાસી વાસ્કોડી ગામા ભારતમાં પ્રવેશતાં પહેલાં આ ટાપુ પર ઉતરેલો અને તેણે ટાપુને સેન્ટ મેરીનો ટાપુ નામ આપ્યું ત્યારથી આ ટાપુઓ એ નામે જ ઓળખાય છે. ટાપુ પર નિયમિત આકારના પાંચ, છ કે સાત બાજુ ધરાવતા ઊભા સ્તંભોની રચના અજાયબી જેવી લાગે. સૌથી મોટો સ્તંભ ૨૦ ફૂટ ઊંચો છે. આ અગ્નિકૃત ખડકના બનેલા છે. આ ટાપુ અંગે અનેક વૈજ્ઞાાનિક સંશોધનો થયા છે. ભૂસ્તર શાસ્ત્રીઓ માટે મહત્વપૂર્ણ સંશોધન સ્થાન છે. આ ટાપુ પર કર્ણાટકના માલ્પી બંદરેથી જવાય છે. ત્યાં પણ વદાભંદેશ્વર મંદિર નામનું પૌરાણિક મંદિર જોવા લાયક છે.

# મંત્રીમંડળમાં પ્રથમ વખત ચૂંટાયેલાના નસીબ ખુલ્યાં
# કોંગ્રેસમાંથી ભાજપમાં આવનારાને મંત્રીપદની ભેટ

**ગુજરાતમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા સમગ્ર મંત્રીમંડળ બદલવામાં આવ્યું છે. વિજય રૂપાણીના રાજીનામા બાદ ભૂપેન્દ્ર પટેલને ગુજરાતના નવા મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. ગુરૂવારે સંપૂર્ણપણે નવી કેબિનેટે શપથ ગ્રહણ કર્યા હતા. ભવિષ્યની તૈયારીઓને ધ્યાનમાં રાખીને કેબિનેટમાં અનેક નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે. જ્યારે કેટલાક ધારાસભ્યો એવા પણ છે જે પહેલી વખત ચૂંટણી જીતીને આવ્યા છે.**

## મુકેશ પટેલ

મુકેશ પટેલ સુરતની ઓલપાડ વિધાસભા બેઠક પરથી ભાજપના બીજી વખતના ધારાસભ્ય છે. મુકેશભાઇ પટેલ ૨૦૧૨માં પહેલી વખત વિધાનસભા માટે ચૂંટાયા હતા અને ૨૦૧૭માં બીજી વખત વિધાનસભામાં પહોંચ્યા હતા. તેમના પત્નીનું નામ મીનાબેન છે અને સોગંદનામામાં તેમણે પોતે બિલ્ડર હોવાનું જણાવ્યું છે.

## કિરીટસિંહ રાણા

કિરીટસિંહ રાણા ભાજપની ટિકિટ પર ૫મી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે. ૧૯૯૫ના વર્ષમાં તેઓ પહેલી વખત ધારાસભ્ય બન્યા હતા ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં લીંબડી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર ચેતન ખાચરના હાથે તેઓ હાર્યા હતા. ચેતન ખાચરે કોંગ્રેસ અને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપીને ભાજપનો છેડો પકડયો હતો.

## બ્રિજેશ મેરજા

કોંગ્રેસ છોડીને ભાજપમાં આવેલા બ્રિજેશ મેરજાને ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેઓ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં મોરબી બેઠક પર કોંગ્રેસની ટિકિટ વડે વિધાનસભા પહોંચ્યા હતા. જોકે ગત વર્ષે કોંગ્રેસ અને ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી ભાજપમાં સામેલ થઈ ગયા તથા પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે જીત નોંધાવી હતી.

## અરવિંદ રૈયાણી

રાજકોટ ઈસ્ટ વિધાનસભા બેઠકથી પહેલી વખત ધારાસભ્ય બનનારા અરવિંદ રૈયાણીને પણ કેબિનેટમાં સ્થાન આપવામાં આવ્યું છે. તેમનો જન્મ ૪ જાન્યુઆરી, ૧૯૭૬ના રોજ થયો હતો. ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં રૈયાણીએ પહેલી વખત રાજકોટ ઈસ્ટ બેઠક પરથી કોંગ્રેસી ઉમેદવાર મિતુલ દોંગાને ૨૩ હજાર મતોથી માત આપી હતી.

## નરેશ પટેલ

ગુજરાતની ગણદેવી વિધાનસભા બેઠક પરથી પહેલી વખત ધારાસભ્ય બનેલા નરેશભાઈ પટેલને ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં સ્થાન મળ્યું છે. તેઓ પાટીદાર સમાજના લેઉવા પટેલ છે. પટેલ અનામત આંદોલન દરમિયાન ડેમેજ કંટ્રોલ માટે ભાજપે તેમને આગળ કર્યા હતા અને ૨૦૧૭ની ચૂંટણીમાં સવા લાખ મત મેળવીને ધારાસભ્ય બન્યા હતા.

### રાજયકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો)

- **હર્ષ રમેશકુમાર સંઘવી:** રમત, ગમત, યુવક સેવા અને સાંસ્કૃતીક પ્રવૃત્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, નશાબંધી, આબકારી, જેલ, સરહદી સુરક્ષા, ગૃહ અને પોલીસ હાઉસીંગ, આપત્તિ વ્યવસ્થાપન
- **જગદીશ વિશ્વકર્મા:** કુટિર ઉદ્યોગ, સહકાર, મીઠા ઉદ્યોગ અને પ્રોટોકોલ(સ્વતંત્ર હવાલો), ઉદ્યોગ, પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ, પ્રીન્ટીંગ અને સ્ટેશનરી
- **બ્રીજેશ મેરજા:** શ્રમ, રોજગાર, પંચાયત(સ્વતંત્ર હવાલો), ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ
- **જીતુભાઈ હરજીભાઈ ચૌધરી:** કલ્પસર અને મત્સ્યોદ્યોગ, નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠો
- **મનીષાબેન વકીલ:** મહિલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો), સામાજીક ન્યાય અને અધિકારીતા



## હવે મને કોઈ હોદ્દાનો મોહ નથી, હું ગુજરાતનો છું : નીતિન પટેલ

નીતિન પટેલે જણાવ્યું કે, સમગ્ર દેશમાં ગુજરાતમાં પ્રથમ વખત એવો પ્રયોગ કરવામાં આવ્યો છે. જેમાં ભાજપના નવા નિર્ણયના કારણે જૂના મંત્રીઓને કેબિનેટમાં સ્થાન નથી મળી શક્યું. નવા મંત્રીઓએ ટૂંક સમયમાં ઘણાં બધા કામ કરવાના છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીને પણ બદલ્યા તેનું પણ કોઈ કારણ હજુ સુધી જાણવા નથી મળ્યું. વિધાનસભા ચૂંટણી પહેલા નવા અને યુવા ચહેરા જુદા-જુદા વિસ્તારો અને જાતિઓના મંત્રીઓને પ્રજાની વચ્ચે કામ કરતા કરવા અને તેમના માન-સન્માનમાં વધારો કરવો તે પ્રકારની વ્યૂહ રચના હોય તેમ મારું માનવું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે મને હોદ્દા મોહ રહ્યો નથી. હુ ગુજરાતનો છું અને પ્રજા માટે કામ કરતો રહીશ.

### રાજયકક્ષાના મંત્રી

- **નિમિષાબેન સુથાર:** આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ
- **અરવિંદભાઈ રૈયાણી:** વાહન વ્યવહાર, નાગરિક ઉડ્ડયન, પ્રવાસન અને યાત્રાધામ વિકાસ
- **કુબેરભાઈ ડીંડોર:** ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો
- **કિર્તીસિંહ પ્રભાતસિંહ વાઘેલા:** પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ
- **ગજેન્દ્રસિંહ ઉદેસિંહ પરમાર:** અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહક સુરક્ષાની બાબતો
- **આર. સી. મકવાણા:** સામાજીક ન્યાય અને અધિકારીતા
- **વિનોદભાઈ અમરશીભાઈ મોરડીયા:** શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ
- **દેવાભાઈ પુંજાભાઈ માલમ:** પશુપાલન અને ગૌ સંવર્ધન
- **મુકેશભાઈ ઝીણાભાઈ પટેલ:** કૃષિ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ

## સરકારમાં 10 મંત્રી ગ્રેજ્યુએટ, 10નો ધો.10 સુધી જ અભ્યાસ

નવા સીએમ બાદ ગુરુવારે નવા મંત્રીમંડળે પણ શપથ લઈ લીધા હતા. આમ, માત્ર પાંચ જ દિવસમાં રાજ્યમાં આખી સરકારના તમામ ચહેરા બદલાઈ ગયા છે. ભૂપેન્દ્ર પટેલની ટીમમાં તેમના સહિત કુલ ૨૫ મંત્રીઓનો સમાવેશ થાય છે, જેમાંથી ૧૦ને કેબિનેટ કક્ષાના મંત્રી બનાવાયા છે, પાંચ રાજ્યકક્ષાના પરંતુ સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી છે અને દસ રાજ્યકક્ષાના મંત્રી છે. નવા મંત્રીઓ કેટલું ભણેલા છે તે જાણવા માટે પણ લોકો ખાસ્સા ઉત્સુક છે. વિધાનસભાની વેબસાઈટમાં અપાયેલી માહિતી અનુસાર, સીએમ ભૂપેન્દ્ર પટેલ અંડર ગ્રેજ્યુએટ છે. તેમણે ડિપ્લોમા ઈન સિવિલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરેલો છે. આ ઉપરાંત, તેમના મંત્રીમંડળમાં ૧૦ મંત્રીઓ ગ્રેજ્યુએટ છે જ્યારે ૧૦ મંત્રીઓ દસમા સુધી પણ માંડ ભણ્યા છે. મંત્રીઓની જાહેર થયેલી વિગતો જાણી રાજ્યની પ્રજાએ પણ અચંબો અનુભવ્યો છે.

### નવા મંત્રીમંડળનું સમીકરણ

■ પટેલ- 8 ■ ક્ષત્રિય- 2 ■ ઓબીસી- 6 ■ એસસી- 2 ■ એસટી- 3 ■ જૈન- 1

### કયા વિસ્તારને કેટલું પ્રાધાન્ય

■ સૌરાષ્ટ્ર- 8 ■ ઉત્તર ગુજરાત- 3 ■ દક્ષિણ ગુજરાત- 7 ■ મધ્ય ગુજરાત- 6

## ભાજપથી નારાજ નેતાઓ માટે વિપક્ષના દ્વારા ખુલ્લા : હાર્દિક

રાજ્યમાં રૂપાણી સરકારને ઘરે બેસાડી દેવાતાં ભાજપમાં આંતરિક અસંતોષ ચાલી રહ્યો છે ત્યારે કોંગ્રેસે ભાજપના નારાજ નેતાઓને પોતાની તરફ લાવવા દાણો નાખ્યો છે. કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ હાર્દિક પટેલે કહ્યું કે, ભાજપના નારાજ નેતાઓએ વિપક્ષમાં જોડાવવું હોય તો દરવાજા ખુલ્લા છે. હાર્દિક પટેલ બુધવારે જામનગરના બેડીમાં વરસાદમાં મૃત્યુ પામેલા માછીમાર પરિવારની મુલાકાતે આવ્યા હતા. આ સમયે હાર્દિકે પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપના નારાજ નેતાઓ અંગે કહ્યું કે, નીતિન પટેલ સહિત નારાજ મંત્રીઓને વિપક્ષમાં આવવું હોય તો અમારા દરવાજા ખુલ્લા છે. અગાઉ પણ હાર્દિક પટેલે સરકારમાં જે હલચલ ચાલી રહી હતી તેને લઈને નિવેદન આપતા જણાવ્યુ હતું કે, આરએસએસ અને ભાજપના સર્વેમાં કોંગ્રેસ જીતી રહ્યું છે. આ કારણે જ ગુજરાતના મુખ્યમંત્રી પાસેથી રાજીનામુ લેવામાં આવ્યું છે. હાર્દિક પટેલે જણાવ્યું કે, ૧૫ મહિના બાદ યોજાનારી ચૂંટણીમાં કોંગ્રેસને ૪૩ ટકા મત મળી રહ્યા છે અને ૯૬-૧૦૦ બેઠકો મળી રહી છે. જ્યારે ભાજપને ૩૮ ટકા મત અને ૮૦-૮૪ બેઠક મળી રહી છે. આપને ૩ ટકા અને મીમને ૧ ટકા મત મળી રહ્યા છે.

## ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારે કહ્યું, કોઈ કાર્યક્રમમાં નહીં જઉ

**વલ્લભવિધાનગર :** ઉમરેઠના ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારનો મંત્રીમંડળમા સમાવેશ ન કરવાથી તેઓ સખ્ત નારાજ થયા છે. તેઓએ બળાપો ઠાલવતા જણાવ્યુ કે હવેથી હું ભાજપની કોઇ મીટીંગ કે કાર્યક્રમોમાં જવાનો નથી. છેક છેલ્લે સુધી મારૂ નામ મંત્રીની યાદીમાં હતુ પરંતુ જિલ્લા સંગઠનના કારણે પત્તુ કપાયુ છે. સમય આવ્યે પાર્ટી છોડવાનો નિર્ણય લઇશ. વધુમા તેઓએ જણાવ્યુ કે ઉમરેઠ તાલુકા પંચાયત અને ઓડ નગરપાલિકાની સત્તામાં પણ હવે ઉથલપાથલ થશે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના શપથવિધીમાં આણંદ જિલ્લાને પ્રતિનીધિત્વ ન મળતા ચુંટાયેલા ભાજપના ધારાસભ્ય ગિન્નાયા છે.

## ગઢડાના આત્મારામ પરમાર છેલ્લી ઘડીએ મંત્રીની રેસમાંથી બહાર

**જુનાગઢ :** ભાજપ સરકારે રાજ્યની આગેવાની ડોર નવા ચહેરાઓને આપી છે. સીએમથી લઈ મંત્રીમંડળની રચનામાં તમામ ફ્રેશ ચહેરાને સ્થાન અપાયું છે. જેના કારણે નિશ્ચિત મનાતા ગઢડાના ધારાસભ્ય આત્મારામ પરમાર મંત્રીપદની રેસમાંથી છેલ્લી ઘડીએ બહાર થઈ ગયા હતા. આત્મારામ પરમારને નવા મંત્રીમંડળમાં સમાવવાનું નિશ્ચિત મનાતું હતું. તેમના કાર્યકરો પણ છેલ્લા કેટલાક દિવસથી ગાંધીનગરમાં ધામા નાંખીને બેઠા હતા. તેવામાં પાર્ટી હાઈકમાન્ડે છેલ્લી ઘડીએ શતરંજની ચાલ બદલી આત્મારામ પરમારની છેલ્લી ઘડીએ બાદબાકી કરી દીધી હતી. મંત્રીમંડળમાં પણ તેમને સ્થાન અપાયું નથી.

## પાટીલ વિરોધી જૂથના ગણાતા પુર્ણેશ મોદીની છેક છેલ્લે એન્ટ્રી

**સુરત :** ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના એક સમયના ખાસ અને હાલના વિરોધી જુથના ગણાતા પુર્ણેશ મોદીનું નામ ગુજરાતના મંત્રી મંડલમાં છેલ્લે સુધી ન હતું. પરંતુ તેમણે છેલ્લી ઘડીએ ધમાકેદાર એન્ટ્રી થઈ એટલું જ નહીં પણ તેમને કેબીનેટ મંત્રી બનાવાતા સુરત ભાજપના અનેક નેતાઓ ચોંકી ગયાં છે. હાલમાં સુરત ભાજપમાં જે જુથબંધી ચાલી રહી હતી તેના કારણે મોટા ભાગના નેતાઓ પુર્ણેશ મોદીથી દુર ભાગતાં હતા તેઓ માટે પુર્ણેશ મોદીનું નામ આંચકા સમાન મનાઈ રહ્યું છે. પુર્ણેશ મોદીના મંત્રી બનવા પાછળ સંઘની લાઈન હોવાનું ચચાઈ રહ્યું છે. પુર્ણેશ મોદીનું નામ છેક છેલ્લી ઘડીએ જાહેર થયું હતું.

## કોંગ્રેસના 'જવાહર'ને કારણે શપથવિધિ એક દિવસ અટકી પડી

**ગાંધીનગર :** ભાજપની નવી સરકારમાં એક પણ આહિર ધારાસભ્યનું પ્રતિનિધિત્વ રહ્યુ નથી. સૌરાષ્ટ્ર કચ્છના રાજકારણમાં કોળી પછી સૌથી વધુ પ્રભૂત્વ ધરાવતા આ જ્ઞાતિના મતદારોને અંકે કરવા કોંગ્રેસી મુળના જવાહર પેથલજી ચાવડાને ભાજપમાં સામેલ કરીને કેબિનેટ મંત્રી બનાવાયા હતા. કહેવાય છે કે, ભાજપ હાઈકમાન્ડ સમક્ષ નો- રિપિટ થિયરી વચ્ચે વાસણ આહિરના વિકલ્પમાં જવાહરને મંત્રીપદે યથાવત રાખવા કે કેમ ? એ મુદ્દે બુધવારે ગુંચ પડતા શપથવિધીનો કાર્યક્રમ ગુરૂવાર ઉપર લઈ જવાયો હતો. ભાજપને જૂનાગઢમાં મુળિયા ઊંડા કરવા લોકસભા-૨૦૧૯ની ચૂંટણી વખતે જવાહર ચાવડાને મંત્રીપદે બેસાડવા પડયા હતા.

# અફઘાન.માં તાલિબાની સરકારમાં ભાગલા, ના. વડાપ્રધાન મુલ્લા બરાદરે કાબુલ છોડયું

**કાબુલ**

અફઘાનિસ્તાનમાં તાલિબાનની સરકાર બનતા જ આંતરીક વિખવાદ વધી ગયો છે. તાલિબાન સરકારમાં ઉપવડાપ્રધાન બનાવવામાં આવેલા મુલ્લા અબ્દુલ ગની બરાદર અને હક્કાની નેટવર્ક વચ્ચે વિવાદ સર્જાયો હતો. મતભેદોને પગલે મુલ્લા અબ્દુલ ગની બરાદરે કાબુલ છોડી દીધુ હોવાના અહેવાલો છે. આ વિવાદ હજુ પણ વધે તેવી શક્યતાઓ છે. બીજી તરફ એક ભારતીય નાગરિકનું તાલિબાને અપહરણ કરી લીધુ હોવાના અહેવાલો છે. જેને છોડાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ગત સપ્તાહે અફઘાનિસ્તાનના



રાષ્ટ્રપતિ ભવનમાં બરાદર અને હક્કાની નેટવર્કના નેતા ખલીલ ઉર રહમાન વચ્ચે ખુલ્લેઆમ બોલાચાલી થઈ ગઈ હતી. બાદમાં બન્ને નેતાઓના સમર્થકો એકબીજાની સાથે ટકરાયા હતા. ખલીલ ઉર રહમાન તાલિબાન સરકારમાં શરણાર્થી મંત્રી છે. એક તાલિબાની નેતાએ જણાવ્યું હતું કે કેબિનેટની બેઠકને લઈને બન્ને વચ્ચે વિવાદ થયો હતો. તાલિબાનની સરકારમાં હક્કાની નેટવર્કને સ્થાન આપવાનો વિરોધ થઈ રહ્યો છે. જ્યારે હક્કાની નેટવર્ક ખુદને તાલિબાનનું સૌથી ફાઈટર યૂનિટ માની રહ્યું છે.

બરાદરના સમર્થકોનું માનવુ છે કે બરાદરની કૂટનીતીને કારણે અફઘાનિસ્તાન પર તાલિબાન કબજો કરી શક્યું હતું. તેથી હાલ બન્ને સંગઠનો આમને સામને આવી ગયા છે. જ્યારે કંધહાર અને અન્ય વિસ્તારોમાં પણ તાલિબાનીઓમાં સત્તાને લઈને ખેંચતાણ ચાલી રહી છે.

# હવે અફઘાનમાં ચોરોના હાથ કપાશે, અનૈતિક સંબંધ બદલ થશે પથ્થરમારો

**કાબુલ**

અફઘાનિસ્તાન હવે સંપૂર્ણપણે તાલિબાનોના કબજામાં છે. ત્યાંની વચગાળાની સરકાર હવે તેના એજન્ડાના આધારે શાસન કરી રહી છે. નવા શાસનમાં 'સદગુણોના પ્રચાર અને દુર્ગુણોને રોકવા'નું મંત્રાલય પણ છે. આ મંત્રાલયનું નામ સાંભળવામાં ભલે સારું લાગે, પરંતુ તેના આદેશો સદીઓ જૂની બર્બર સજાના અફઘાનિસ્તાનમાંથી ફરીથી ઉદયને પુષ્ટી આપે છે. તાલિબાનો શરિયા કાયદાની આકરી આવૃત્તિ લાગુ કરવા માટે કુખ્યાત છે. તેમાં પુરુષ સાથી વિના મહાલોના ઘરની બહાર નોકરી કરવા પર પણ પ્રતિબંધનો સમાવેશ થાય છે. તાલિબાનના એક અધિકારીએ અમેરિકાના અગ્રણી અખબાર ન્યૂયોર્ક પોસ્ટને કહ્યું કે તેમનો મુખ્ય આશય ઈસ્લામની સેવા કરવાનો છે, જેના માટે એક સારા અને સદગુણ મંત્રાલયની જરૂર છે. અફઘાનિસ્તાનના કેન્દ્રીય ક્ષેત્ર માટે જવાબદાર હોવાનો દાવો કરનારા મોહમ્મદ યુસુફે જણાવ્યું કે તાલિબાન શાસન કાયદાઓનો ભંગ કરારા લોકોને 'ઈસ્લામી કાયદા' હેઠળ સજા કરશે. યુસુફે જણાવ્યું કે, તાલિબાનોના શાસનમાં અફઘાનિસ્તાનમાં ઈરાદાપૂર્વક ગૂનો કરનારા હત્યારાને મારી નંખાશે. હત્યારાએ ઈરાદાપૂર્વક હત્યા નહીં કરી હોય તો તેને ચોક્કસ રકમની ચૂકવણી કરવા જેવી સજા થઈ શકે છે.

# ઘાતક અસર : USમાં આગથી સેક્વોઇયા નેશનલ પાર્ક બંધ

**વોશિંગ્ટન**

અમેરિકામાં કેલિફોર્નિયાના સિયેરા નેવાડામાં બે જંગલોમાં લાગેલી ઘાતક આગ પ્રસરતાં તેને પરિણામે સેક્વોઈયા નેશનલ પાર્ક બંધ કરવાની ફરજ પડી છે એટલું જ નહીં આ ક્ષેત્રમાં આવેલા મહાકાય વૃક્ષો સામે સંભવિત જોખમ ઊભું થયું છે.

બન્ને આગ આ મહાકાય જંગલ તરફ આગળ વધી રહી છે કે જ્યાં ૨૦૦૦થી વધારે મહાકાય સેક્વોઈયા આવેલા છે અને તેમાં વોલ્યૂમની દ્રષ્ટિએ પૃથ્વી ઉપરનું સૌથી મોટું વૃક્ષ ગણાતું જનરલ શેરમન ટ્રીનો પણ સમાવેશ થાય છે. આ વૃક્ષનું થડ બેઝ પર ૩૬ ફૂટ(૧૧ મીટર)નો ડાયામીટર ધરાવે છે અને તેની ઊંચાઈ ૨૭૫ ફૂટ (૮૩.૮ મીટર) ની છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર આ ક્ષેત્રમાં વસતા આશરે ૭૫ લોકોને પણ સલામત સ્થાન પર ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે કે સ્ટાર્ટ લોકેશનના કારણે આ બન્ને આગને કોલોની અને પેરેડાઈઝ નામ આપવામાં આવ્યું છે. મંગળવાર રાત સુધીમાં બન્ને આગ સંયુક્તપણે નવ સ્ક્વેર માઈલ(૨૪ સ્ક્વેર મીટર) માં પ્રસરી ગઈ છે અને તેની લપેટમાં જનરલ હાઈવે પણ આવી ગયો છે.

# માર્કેટ રિસર્ચ એનાલિસ્ટને પણ મળશે H-1B વિઝા : USCISનો નિર્ણય

**ન્યૂયોર્ક**

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ કે જે H-1B વિઝાનો ન્યાય કરે છે અને એક્સટેન્શન કરે છે તેણે આ વર્ક વિઝા માટે માર્કેટ રિસર્ચ એનાલિસ્ટને સ્પેશિયાલિટી ઓક્યુપેશન માટે પાત્રતા ધરાવતા ગણવા પડશે. નોંધનીય છે કે માર્કેટ રિસર્ચ એનાલિસ્ટની પોઝિશન માટે H-1B વિઝા ઈશ્યૂ કરવાનો USCIS દ્વારા સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યા બાદ પાછલા વર્ષે અમેરિકન અદાલતમાં ક્લાસ એક્શન સ્યૂટ ફાઈલ કરવામાં આવ્યો હતો અને ઈમિગ્રેશન એજન્સીને સમાધાન કરવાની ફરજ પડી હતી. આ દાવામાં USCIS દ્વારા બિનકાયદાકીય એડજ્યુડિકેટિંગ પ્રેક્ટિસ અપનાવવામાં આવી છે તેને દૂર કરવાની માંગ કરવામાં આવી હતી, જેમાં લેબર ડિપાર્ટમેન્ટની ઓક્યૂપેશનલ આઉટલૂક હેન્ડબૂકના ખોટા અર્થઘટનનો પણ સમાવેશ થયો હતો. ૨૦ ઓગસ્ટ ૨૦૨૧ના રોજ બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન થયું હતું અને ૧૦ દિવસ બાદ ડિસ્ટ્રિક્ટ કોર્ટે આ સમજૂતી કરારને મંજૂરી આપી દીધી છે. આ કેસના કારણે વ્યાપક અસરો જોવાશે: ફરિયાદીના વકીલ । આ મેટર સાથે સંકળાયેલા અન્ય એક ઈમિગ્રેશન એટર્ની ચાર્લ્સ કૂકે ઉમેર્યું હતું કે અમને આનંદ છે કેUSCIS આ વિવાદનું સમાધાન કરવા, સેંકડો કેસ કે જેમાં તેણે કોઈ વિચારણા કર્યા વગર જ માર્કેટ રિસર્ચ એનાલિસ્ટોને રિજેક્ટ કરી દીધા હતા તેની પુનઃવિચારણા કરવા તૈયાર થયું છે.

# સ્પેસ ટુરિઝમમાં સર્જાયો મોટો ઈતિહાસ: નાગરિકોને 3 દિવસ અંતરિક્ષમાં મોકલ્યા

## મિશનની કમાન 38 વર્ષીય ઈસાકમૈનના હાથમાં, તેઓ પેમેન્ટ કંપનીના સીઈઓ છે.

**નવી દિલ્હી**

બિઝનેસમેન એલન મસ્કની કંપની Space Xનું પહેલું ઓલ સિવિલિયન ક્રૂ બુધવારે રાતે અંતરિક્ષ તરફ રવાના થઈ ગયું હતું. કંપનીએ પહેલી વખત 4 સામાન્ય લોકોને અંતરિક્ષમાં મોકલ્યા છે. આ મિશનને ઈન્સપિરેશન 4 નામ આપવામાં આવ્યું છે. ખાસ વાત એ છે કે, ધરતીની કક્ષામાં જનારૂં આ પ્રથમ નોન પ્રોફેશનલ એસ્ટ્રોનોટ્સ ક્રૂ છે. અંતરિક્ષમાં જનારા ચારેય યાત્રી ડ્રેગન કેપ્સ્યુલ દ્વારા અંતરિક્ષમાં રવાના થયા છે. તેઓ



ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનથી 160 કિમી ઉંચી ઉચ્ચ કક્ષાએથી વિશ્વની પરિક્રમા કરતા કરતા અંતરિક્ષમાં 3 દિવસ વિતાવશે. ત્યાર બાદ સ્પેસક્રાફ્ટ ફરી પૃથ્વીના વાયુમંડળમાં પ્રવેશ કરશે અને ફ્લોરિડાના કિનારેથી નીચે પડી જશે.

# ક્વાડ સમિટ-UNGAમાં મોદી હાજરી આપશે, નેતાઓને બાઈડેન આવકારશે

**વોશિંગ્ટન**

ચીનના વિસ્તારવાદને રોકવા અમેરિકામાં 24 સપ્ટેમ્બરે યોજાનાર ક્વાડ સંગઠનના સભ્ય દેશોના વડાઓની બેઠકમાં હાજરી આપવા પીએમ મોદી વોશિંગ્ટન પહોંચશે. યુએસ પ્રમુખ બાઈડેન તમામ ક્વાડ નેતાઓને આવકારશે અને તમામ સાથે વ્યક્તિગત વાતચીત કરશે. આ બેઠકમાં ભારતના પીએમ નરેન્દ્ર મોદી, ઓસ્ટ્રેલિયાના સ્કોટ મોરિસન, જાપાનના પીએમ યોશિહિદે સુગા સામેલ થશે. મોદી 25 સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રની મહાસભાને સંબોધન કરશે. કવાડની બેઠકમાં ૧૨ માર્ચે નક્કી કરવામાં આવેલા એજન્ડાને આગળ ધપાવવા ચર્ચા કરાશે. ક્લાઈમેટ ચેન્જ, સાઈબર સ્પેસ, ઈન્ડો પેસિફિક ક્ષેત્રની સ્વતંત્રતા, કોરોના સામેની લડાઈમાં પરસ્પર સહયોગ જેવા મુદ્દા ચર્ચાશે. કોરોનાકાળમાં મોદીની આ બીજી વિદેશ મુલાકાત છે. તેઓ ૨૩થી ૨૫ તારીખ સુધી અમેરિકાનો પ્રવાસ કરશે. મોદી ૨૫મીએ સંયુક્ત રાષ્ટ્રની 76મી જનરલ એસેમ્બ્લીને સંબોધન કરશે. જેમાં આ વખતની થીમ કોરોનામાંથી રિકવર થવા, ફરી સાતત્યપૂર્ણતા લાવવા, પ્લેનેટની જરૃરિયાતો સંતોષવા, લોકોનાં અધિકારોનું સન્માન જાળવવા તેમજ સંયુક્ત રાષ્ટ્રનાં નવનિર્માણ સાથે પરિવર્તનશીલતા લાવવાની છે.

# ફ્રાંસીસી સેનાએ ઈસ્લામિક સ્ટેટના પ્રમુખને ઠાર માર્યો, રાષ્ટ્રપતિએ આપી જાણકારી

**પેરિસ**

ફ્રાંસીસી સેનાએ ગ્રેટ સહારા ખાતે આતંકવાદી જૂથ ઈસ્લામિક સ્ટેટના નેતા અદનાન અબૂ વાલિદ અલ-સાહરાવીને ઠાર માર્યો છે. રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોંએ ટ્વીટ કરીને આ અંગેની જાણકારી આપી હતી. તેમણે ટ્વીટમાં લખ્યું હતું કે, ગ્રેટર સહારા ખાતે ઈસ્લામિક સ્ટેટના પ્રમુખને ફ્રાંસીસી સેના દ્વારા નિષ્ક્રિય કરી દેવામાં આવ્યો. વધુમાં લખ્યું હતું કે, સાહેલ ખાતે આતંકવાદી જૂથો સામેની અમારી લડાઈમાં આ એક વધુ મોટી સફળતા છે. અદનાન અબૂ વાલિદ અલ-સાહરાવી નામનો આતંકવાદી સંગઠન ગ્રેટર સહારામાં આઈએસઆઈએસનો નેતા હતો. તે ISIS જીએસના નામે પણ ઓળખાય છે.

# ડેલ્ટાનો કહેર : ચીનમાં ફુજિયા શહેરમાં સંપૂર્ણ લોકડાઉન

**બૈજિંગ**

ચીનના કોરોના વાઈરસના ડેલ્ટા વેરિયન્ટના ડઝનેક કેસો આવતા દક્ષિણપૂર્વી પ્રાંતના ૪૫ લાખની વસતી ધરાવતા શહેર ફુજિયામાં સંપૂર્ણપણે લોકડાઉન લાદવામાં આવ્યું છે. કોરોનાના રોગચાળાને રોકવા માટે અને કોવિડ-૧૯ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવતા આ લોકડાઉન લાદવામાં આવ્યું છે.ઝિયામેન પ્રાંતના દરિયાઈ શહેરના રહેવાસીઓને કોઈપણ મહત્ત્વના કારણસર શહેરની બહાર નીકળવાની મનાઈ ફરમાવવામાં આવી છે. શહેરમાં કોરોના વાઈરસના ડઝનેક કેસો પ્રકાશમાં આવ્યા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ શહેર ઈલેક્ટ્રોનિક ઉપકરણોનું હબ છે. અહીં એબીબી અને સ્નાઈડર ઈલેક્ટ્રિક જેવી કંપનીઓના પ્લાન્ટ છે.

## સિએનફ્યૂગોસ શહેરમાં વેક્સિન ટ્રાયલ શરૂ

હવાના : યુવાનો અને વયસ્કો માટે કોરોના વેક્સિન અભિયાન સમગ્ર દુનિયામાં ચાલે છે. કોરોના સંક્રમણનો ભોગ બાળકો પણ બની રહયા હોવાથી ચિલ્ડ્રન વેકસિનના સંશોધન પ્રયોગો ઝડપી બન્યા છે. અમેરિકા, રશિયા અને ચીન વચ્ચે કલિનિકલ ટ્રાયલ માટેની હરિફાઇ ચાલે છે ત્યારે કયુબા બાળકો માટેની વેક્સિનના કલિનિકલ ટ્રાયલ અંર્તગત કયુબા બે વર્ષના બાળકને વેક્સિન આપનારો દુનિયાનો પ્રથમ દેશ બન્યો છે. કયુબા પોતાના આગવા શોધ અને સંશોધનો માટે જાણીતો છે. શીતયુધ્ધના ગાળામાં અને તે પછી અમેરિકાના આર્થિક પ્રતિબંધો સામે પણ કયુબા દેશ ટકી ગયો હતો.

## ચીનનાં શહેરોએ ટ્રાવેલ વોર્નિંગ ઇશ્યૂ કરી

ચીનના ફ્યુજીયાનમાં કોરોના વકરી રહ્યો છે અને બીજી તરફ આગામી પહેલી ઓક્ટોબરથી આ દેશમાં તહેવારોની શરૃઆત થઇ રહી છે ત્યારે કોરોના વધારે પ્રસરે નહીં તેની સાવચેતી માટે ચીનના વિવિધ શહેરોના સત્તાવાળાઓએ ટ્રાવેલ વૉર્નિગ ઈશ્યૂ કરી દીધી છે, જો કે સ્ટેટ મીડિયાએ પ્રતિબંધ સામે વિરોધ કર્યો છે.

# વિરાટ કોહલીનો ધડાકો, ટી-20માંથી કેપ્ટનશીપ છોડવાની કરી જાહેરાત



વિરાટ કોહલીએ ગુરુવારે જાહેરાત કરી હતી કે ઓક્ટોબર-નવેમ્બરમાં સંયુક્ત આરબ અમીરાતમાં ટી -20 વર્લ્ડ કપ બાદ તે ભારતની ટી 20 ટીમના કેપ્ટનપદેથી રાજીનામું આપશે. જોકે, સ્ટાર બેટ્સમેને સ્પષ્ટ કર્યું કે તે ટેસ્ટ અને વનડે ક્રિકેટમાં ભારતનું નેતૃત્વ ચાલુ રાખશે. વિરાટ કોહલીએ કહ્યું કે તેણે આ નિર્ણય મુખ્ય કોચ રવિ શાસ્ત્રી અને રોહિત શર્મા સહિત તેના સાથી ખેલાડીઓની સલાહ લીધા બાદ લીધો છે. કોહલીએ કહ્યું કે, તેણે પોતાનો નિર્ણય ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) ના પ્રમુખ સૌરવ ગાંગુલી અને સચિવ જય શાહને જણાવ્યો છે. કોહલીએ વર્કલોડ મેનેજમેન્ટને ટી 20 આંતરરાષ્ટ્રીયની કેપ્ટનશિપ છોડવાનું કારણ ગણાવ્યું હતું. વર્લ્ડ કપ બાદ ભારતના T-20 કેપ્ટન કોણ બનશે તે જોવાનું રહ્યું પરંતુ રોહિત શર્મા તેના અનુગામી તરીકે મોખરે છે. વિરાટ કોહલીએ અત્યાર સુધી 45 ટી-20 મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. જેમાં ટીમે 25 મેચ જીતી છે અને 14 હારી છે જ્યારે બે મેચ ડ્રો થઈ હતી. વિરાટની કેપ્ટનશીપમાં જીતની ટકાવારી 65.11 રહી છે. રોહિત શર્માએ અત્યાર સુધી 19 ટી-20 મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. જેમાંથી ભારતે 15 મેચ જીતી છે અને માત્ર 4 મેચ હારી છે. રોહિતની કેપ્ટનશીપમાં જીતનો ટકાવારી 78.94 રહ્યે છે.

## રવિ શાસ્ત્રી કોચ પદ છોડશે

મુંબઈઃ ટીમ ઇન્ડિયા 17 ઓક્ટોબરથી ICC T20 વર્લ્ડ કપ રમશે. અત્યાર સુધી વિરાટ કોહલીએ તેની કેપ્ટનશીપમાં કોઈ ICC ટ્રોફી જીતી નથી, તેથી અત્યારે જીતવાની મોટી તક છે. કોચ રવિ શાસ્ત્રીએ પોતાનું પદ છોડવું પડશે, તે લગભગ નિશ્ચિત છે. વર્તમાન કોચ રવિ શાસ્ત્રીનો કાર્યકાળ T20 વર્લ્ડ કપ બાદ સમાપ્ત થઈ રહ્યે છે. જોકે, BCCI અને શાસ્ત્રી વચ્ચે હજુ સુધી કોઈ વાતચીત થઈ નથી. આવી સ્થિતિમાં ટીમ ઇન્ડિયાના નવા મુખ્ય કોચ કોણ બનશે? આ અંગે પ્રશ્નો ઉભા થવા લાગ્યા છે. ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રાહુલ દ્રવિડે નેશનલ ક્રિકેટ એકેડમીના ક્રિકેટ હેડ પદ માટે ફરી અરજી કરી છે.એક તરફ રાહુલ દ્રવિડ હવે ટીમ ઈન્ડિયાના કોચ બની શકશે નહીં, કોચ પદની રેસમાં ન્યૂઝીલેન્ડના માઇક હેસન, ભારતના પૂર્વ ઓપનર વીરેન્દ્ર સહેવાગ અને ટોમ મૂડી કોચ બનવા માટે દાવેદાર ગણાય છે.

## અફઘાન ક્રિકેટર રેહમાનને UAEમાં એન્ટ્રી ના મળી

**યુએઈ**

આઈપીએલ ટી૨૦ લીગના પાર્ટ-૨ તબક્કા માટે હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે અને પ્રત્યેક ફ્રેન્ચાઈઝીના કેટલાક ખેલાડીઓ પ્રેક્ટિસમાં વ્યસ્ત બન્યા છે તો કેટલાક ક્વોરન્ટાઈનનો સમય પૂરો કરી રહ્યા છે પરંતુ તેઓ ટૂર્નામેન્ટ શરૂ થાય તે પહેલાં ટીમનો હિસ્સો બની જશે. જોકે સનરાઈઝર્સ હૈદરાબાદ અને ચેન્નઈ સુપર કિંગ્સ સામે કેટલીક સમસ્યાઓ છે. હૈદરાબાદના યુવા સ્પિનર મુજિબ ઉર રેહમાનને યુએઈ સરકાર તરફથી રમવા માટેના વિશેષ વિઝા ગ્રાન્ટ થયા નથી. તે ટીમ સાથે જોડાઈ શકશે કે કેમ તે અંગે પણ હજુ અનિૃતિતા પ્રવર્તી રહી છે. જોકે અફઘાનિસ્તાનના બે ખેલાડી રાશિદ ખાન અને ઓલરાઉન્ડર મોહમ્મદ નબી ટીમ સાથે યુએઈમાં છે અને તેઓ હાલમાં છ દિવસ માટે ક્વોરન્ટાઈન થયેલા છે. રેહમાનને યુએઈના વિઝા મળે તે માટે પ્રયાસો જારી છે.

## 28 મહિના પછી IPLમાં પ્રેક્ષકોને પ્રવેશ, 16મીથી ટિકિટ મળશે

**દુબઈ**



આઈપીએલ ૨૦૨૧ના પાર્ટ-૨ને શરૂ થવામાં હવે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે અને મુંબઈ ઈન્ડિયન્સ તથા ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે પ્રથમ મુકાબલો રમાશે. આ મુકાબલા પહેલાં સમર્થકો માટે ખુશખબર છે કે આઈપીએલમાં સમર્થકોનું સ્ટેડિયમમાં પુનરાગમન થઈ રહ્યું છે. કોરોના વાઈરસની મહામારીના કારણે લીગને સમર્થકોની ગેરહાજરીમાં ખાલી સ્ટેડિયમની વચ્ચે રમાડવામાં આવતી હતી પરંતુ બીસીસીઆઈએ જાહેરાત કરી છે કે બીજા તબક્કામાં મર્યાદિત સંખ્યામાં સમર્થકોને સ્ટેડિયમમાં પ્રવેશ આપવામાં આવશે. જોકે સ્ટેડિયમમાં સોશિયલ ડિસ્ટન્સનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે.ક્રિકેટના સમર્થકો ૧૬મી સપ્ટેમ્બરથી ઓનલાઈન ટિકિટો ખરીદી શકશે. ચાલુ વર્ષે આઈપીએલને કોરોનાની મહામારીના કારણે સ્થગિત કરી દેવામાં આવી હતી. કેટલીક મેચો બાદ કેટલાક ખેલાડીઓ પણ કોરોનાનો શિકાર બન્યા હતા. ૨૦૨૦ની સિઝનની જેમ આ વખતે પણ આઈપીએલ ૨૦૨૧નો બીજો તબક્કો યુએઈમાં દુબઈ, શારજાહ તથા અબુ ધાબી કેન્દ્રમાં રમાશે.


## સાઉથ આફ્રિકાએ શ્રીલંકાનો 3-0થી વ્હાઈટવોશ કર્યો

**કોલંબો**

બોલર્સની શિસ્તબદ્ધ બોલિંગ બાદ ક્વિન્ટન ડી કોક અને રીઝા હેન્ડ્રિક્સે નોંધાવેલી અણનમ અડધી સદીની મદદથી સાઉથ આફ્રિકાએ ત્રીજી અને અંતિમ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચમાં શ્રીલંકાને ૧૦ વિકેટે હરાવીને યજમાન ટીમનો ૩-૦થી વ્હાઈટવોશ કર્યો હતો. ડી કોકને પ્લેયર ઓફ ધ મેચ અને સિરીઝ જાહેર કરવામાં આવ્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર શ્રીલંકન ટીમ આઠ વિકેટે ૧૨૦ રન નોંધાવી શકી હતી. તેના જવાબમાં સાઉથ આફ્રિકાએ ૧૪.૪ ઓવરમાં વિના વિકેટે ૧૨૧ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. ડી કોકે ૪૬ બોલમાં સાત બાઉન્ડ્રી વડે ૫૯ તથા હેન્ડ્રિક્સે ૪૨ બોલમાં ૫૬ રન બનાવ્યા હતા. બંનેએ પ્રથમ વિકેટ માટે ૧૨૧ રનની વિક્રમી ભાગીદારી નોંધાવી હતી. શ્રીલંકા સામે કોઈ પણ વિકેટ માટે સાઉથ આફ્રિકા તરફથી આ હાઈએસ્ટ પાર્ટનરશિપ રહી છે.





# CLUB CERAMIC


Lapoto Finish

Matt Fiish

પોર્સેલિન ટાઇલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઇલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- પોર્સેલિન ટાઇલ્સ અને સિરામક ટાઇલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઇલ્સ મળશે

-: Available Size :-

24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

https://clubceramic.com Email : sales@clubceramic.com

# RE/MAX
REALTY SERVICES INC., BROKERAGE
INDEPENDENTLY OWNED AND OPERATED

# JAY PATEL
BROKER
647.241.3818
jaypatel1323@gmail.com


"Let Me Make Your Dream Home Into A Reality"

*Residential, Commercial & Investment in Real Estate*

Off : 905.456.1000 I Fax : 905.456.1924
295 Queen Street East, Brampton, On., L6W 3R1


# DIVINE YOGA
By Geeta

**Children Yoga Class**
Every Tuesday 5-6 PM

**Adult Yoga Class**
Every Saturday 9-10 AM

**Gratitude Program**
Every Thursday 9 PM

Join today on ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic


**Geeta Tailor**
**416-456-2261**
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta